

# ગુણોત્સવ 2.0

## (પ્રાથમિક શાળાઓ)

## અનુક્રમણિકા


**પ્રકરણ 1 - પૂર્વભૂમિકા** ........ 7

1.0 પ્રસ્તાવના ........ 7

1.1 ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) અમલીકરણ યોજના ........ 8

**પ્રકરણ 2 - સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક અને એક્રેડિટેશન પ્રક્રિયા** ........ 11

2.0 પ્રસ્તાવના ........ 11

2.1 મૂલ્યાંકનના મુખ્ય માળખાનો પરિચય ........ 15

**પ્રકરણ 3 - ભાગ 1: સ્વ-મૂલ્યાંકન** ........ 26

3.0 પ્રસ્તાવના ........ 26

3.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન ........ 27

પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી ........ 27

માપદંડ 1.1.1: સામયિક કસોટીની ઉત્તરપોથીઓની ચકાસણી ........ 29

માપદંડ 1.1.2: સામયિક કસોટીની આન્સર ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓના જવાબો ........ 30

માપદંડ 1.1.3: સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં શિક્ષકોની ટિપ્પણીઓ ........ 30

માપદંડ 1.1.4: ઉપચારાત્મક કાર્ય ........ 31

માપદંડ 1.1.5: વાલીને જાણ ........ 31

પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી 1 અને 2 ........ 34

માપદંડ 1.2.1: ઉત્તરપોથીઓની ચકાસણી ........ 35

માપદંડ 1.2.2: પરિણામપત્રકમાં ગુણની નોંધ ........ 36

માપદંડ 1.2.3: વાલીઓને જાણ ........ 36

3.2 મુખ્યક્ષેત્ર 2: શાળા વ્યવસ્થાપન ........ 38


Guideline (Draft)

પેટાક્ષેત્ર 2.1: શાળા સંચાલન ........ 38

માપદંડ 2.1.1: શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ ........ 39

માપદંડ 2.1.2: શાળા વ્યવસ્થાપન સમિતિ ........ 40

માપદંડ 2.1.3: શાળા સમયપત્રક ........ 40

પેટાક્ષેત્ર 2.2: સલામતી ........ 42

માપદંડ 2.2.1: સલામત શાળા પરિસર ........ 43

માપદંડ 2.2.2: આપત્તિ વ્યવસ્થાપન માટેની સજ્જતા ........ 44

3.3 મુખ્યક્ષેત્ર 3: સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ........ 45

પેટાક્ષેત્ર 3.1: પ્રાર્થનાસભા ........ 46

પેટાક્ષેત્ર 3.2: યોગ, વ્યાયામ અને રમતગમત ........ 50

પેટાક્ષેત્ર 3.3: વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી ........ 54

3.4 મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ ........ 57

પેટાક્ષેત્ર 4.1: પુસ્તકાલયનો ઉપયોગ ........ 58

પેટાક્ષેત્ર 4.2: ટેક્નોલોજીનો ઉપયોગ ........ 59

પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન ........ 61

પેટાક્ષેત્ર 4.4: પાણી, શૌચાલય અને સ્વચ્છતા ........ 63

પ્રકરણ 4 - ભાગ 2: CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન ........ 67

4.0 પ્રસ્તાવના ........ 67

4.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન ........ 69

પેટાક્ષેત્ર 1.4: અધ્યયન માટે અસરકારક વાતાવરણ ........ 69

માપદંડ 1.4.1: શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર ........ 70


Guideline (Draft)

માપદંડ **1.4.2**: અસરકારક વર્ગખંડ વાતાવરણ ..... 71

માપદંડ **1.4.3**: શિક્ષકો દ્વારા પ્રેરણા ..... 72

માપદંડ **1.4.4**: વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સામગ્રી **(LM)**નો ઉપયોગ ..... 72

માપદંડ **1.4.5**: ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું ..... 73

માપદંડ **1.4.6**: જે શીખ્યા હોય તેના વિશે વાત કરવી ..... 74

**પેટાક્ષેત્ર 1.5: અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા ..... 76**

માપદંડ **1.5.1**: અધ્યાપન માટેની તૈયારી ..... 77

માપદંડ **1.5.2**: અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય ..... 78

માપદંડ **1.5.3**: શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો ..... 79

માપદંડ **1.5.4**: વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન ..... 80

માપદંડ **1.5.5**: અધ્યયનમાં સમાન તક ..... 81

**પ્રકરણ 5 - ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન ..... 84**

**5.0 પ્રસ્તાવના ..... 84**

**5.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન ..... 85**

**પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી ..... 85**

**પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી 1 અને 2 ..... 86**

**પેટાક્ષેત્ર 1.3: વાંચન, લેખન અને ગણન ..... 86**

માપદંડ **1.3.1**: વાંચન ..... 88

માપદંડ **1.3.2**: લેખન ..... 89

માપદંડ **1.3.3**: ગણન ..... 90

**પેટાક્ષેત્ર 1.6: શાળામાં હાજરી ..... 91**

**5.2 મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ ..... 93**

Guideline (Draft)

પેટાક્ષેત્ર 4.2: ટેક્નોલોજીનો ઉપાયોગ ..... 93

પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન ..... 95

5.3 મુખ્યક્ષેત્ર 5: રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી ..... 97

પેટાક્ષેત્ર 5.1: CET પરીક્ષામાં ભાગીદારી ..... 98

પેટાક્ષેત્ર 5.2: CGMS પરીક્ષામાં ભાગીદારી ..... 100

પ્રકરણ 6 - સ્કૂલ એક્રેડિટેશન ભાગ 4: ક્રોસ વેરિફિકેશન ..... 102

6.0 પ્રસ્તાવના ..... 102

6.1 Verifiers માટેની માર્ગદર્શક સૂચનાઓ ..... 102

શાળાની મુલાકાત પહેલાં ..... 103

શાળાની મુલાકાતના દિવસે ..... 103

શાળાની મુલાકાત બાદ ..... 105

પ્રકરણ 7 - સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ અને સ્કૂલ રિપોર્ટ કાર્ડ ..... 106

7.0 પ્રસ્તાવના ..... 106

7.1 સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ ..... 106

7.2 સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ ..... 107


Guideline (Draft)

## એક્રોનિમ્સ (ટૂંકાક્ષરો)

CET - કોમન એન્ટ્રન્સ ટેસ્ટ

CGMS - મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ

CWSN - ચાઈલ્ડ વીથ સ્પેશિયલ નીડ (વિશેષ જરૂરિયાત વાળા બાળકો)

GCERT - ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

GSQAC - ગુજરાત સ્કૂલ ક્વોલીટી એક્રેડિટેશન કાઉન્સિલ

LM - લર્નિંગ મટીરીયલ (અધ્યયન સાહિત્ય)

NEP 2020 - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

RTE Act 2009 - રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ 2009

SMC - શાળા વ્યવસ્થાપન સમિતિ

SDP - સ્કૂલ ડેવલોપમેન્ટ પ્લાન (શાળા વિકાસ યોજના)

VSK - વિદ્યા સમીક્ષા કેન્દ્ર

Guideline (Draft)

# પ્રકરણ 1 - પૂર્વભૂમિકા

## 1.0 પ્રસ્તાવના

શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ગુજરાત સરકાર હંમેશાં પ્રયત્નશીલ રહી છે. શિક્ષણ વ્યવસ્થાતંત્રમાં ગુણવત્તાસભર શિક્ષણ અંગેની જાગૃતિ સાથેની જવાબદારી અને સ્થાનિક કક્ષાએ સામાજિક ભાગીદારી સાથે શાલેય શિક્ષણની ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારના હેતુથી વર્ષ 2009માં 'ગુણોત્સવ' નામક કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો. શિક્ષણના નૂતન પ્રવાહો અને શિક્ષણજગતમાં થતા ફેરફારોની સાથેસાથે ગુણોત્સવ કાર્યક્રમ પણ સતત બદલાતો અને વિકસતો રહ્યો છે. આથી જ વર્ષ 2009 થી વર્ષ 2018 દરમિયાન યોજાયેલ ગુણોત્સવ કાર્યક્રમની શૃંખલાએ શાળા ગુણવત્તા નિર્ધારણ અને અભિવૃદ્ધિની દિશામાં સમગ્ર દેશને પ્રેરિત કરવાનું કાર્ય પણ કર્યું છે.

ગુણોત્સવ કાર્યક્રમ શૃંખલાના અનુભવથી એ વાત સ્પષ્ટ થઈ કે શાળાઓમાં સર્વોચ્ચ ગુણવત્તાની સિદ્ધિ માટે શાળાકીય કાર્યક્રમોની પ્રકિયાની અને તેમાં પણ અધ્યયન – અધ્યાપન પ્રકિયાની ગુણવત્તા પર વિશેષ લક્ષ્ય આપવું જરૂરી છે. સારી રીતે યોજાતા અને સફળ એવા ગુણોત્સવ કાર્યક્રમના વધુ અસરકારક અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ સતત ચિંતન થતું રહ્યું છે જેના ફળરૂપે વર્ષ 2019માં ગુણોત્સવના પરિષ્કૃત સ્વરૂપ ગુણોત્સવ 2.0નો વિચાર જન્મ્યો, જેને તે જ વર્ષે સાકાર કરવામાં આવ્યો. ગુણોત્સવ 2.0 ના સ્વરૂપમાં ગુણોત્સવ કાર્યક્રમ માટે એક ચોક્કસ સંસ્થા નિર્ધારિત કરવાના હેતુથી તેને ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC) ને આપવામાં આવ્યો. આ સંસ્થાના નિયામક તરીકેની જવાબદારી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ના નિયામકશ્રીને સોંપવામાં આવી. આ રીતે ગુણોત્સવ 2.0 ની કાર્યવ્યવસ્થા GCERT ને મળી અને GCERT દ્વારા વર્ષ 2019 – 20 થી ગુણોત્સવ 2.0ના સ્વરૂપમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશનની શરુઆત થઇ.

વર્ષ 2019 – 20 થી ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) અંતર્ગત રાજ્યની તમામ શાળાઓનું સ્કૂલ ઇન્સ્પેક્ટર્સના માધ્યમથી બાહ્ય મૂલ્યાંકન કરવાની યોજના અમલમાં આવી. વર્ષ 2023 – 24 સુધીમાં રાજ્યની તમામ સરકારી શાળાઓમાં

Guideline (Draft)

ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના ચાર રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યા છે. પ્રત્યેક રાઉન્ડના અંતે શાળાઓને ઓનલાઇન રિપોર્ટ કાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. વર્ષ 2023 – 24 થી રાજ્યની તમામ સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)માં સમાવેશ કરવામાં આવ્યો અને આ શાળાઓમાં સ્કૂલ એક્રેડિટેશનનો એક રાઉન્ડ પૂર્ણ કરી શાળાઓને તેમના રિપોર્ટ કાર્ડ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

## 1.1 ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) અમલીકરણ યોજના

ગુણોત્સવ પ્રારંભથી જ એક ડાયનેમિક કાર્યક્રમ રહ્યો છે. વર્ષ 2009માં શરુ થયેલ ગુણોત્સવ કાર્યક્રમ એક મિશન કાર્યક્રમ હતો. જેમાં પ્રતિવર્ષ રાજ્ય કક્ષાએથી નક્કી થતાં ત્રણ દિવસ દરમિયાન રાજ્યની આશરે 30% જેટલી સરકારી પ્રાથમિક શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવતું. જેમાં રાજ્યના પદાધિકારીશ્રીઓ અને અધિકારીઓશ્રીઓ મૂલ્યાંકનકાર તરીકે કાર્ય કરતા હતાં.

વર્ષ 2019 – 20 થી અમલી બનેલ ગુણોત્સવ 2.0 કાર્યક્રમમાં સ્કૂલ એક્રેડિટેશન માટે શાળા કક્ષાએ શિક્ષણ અને સંચાલનનો અનુભવ ધરાવતી વ્યક્તિઓની એક ખાસ કેડર (સ્કૂલ ઇન્સ્પેકટર્સ)ના માધ્યમથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક તેમજ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું.

આ અરસા દરમિયાન રાષ્ટ્ર કક્ષાએથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જાહેર કરવામાં આવી અને નીતિની ભલામણો અનુસાર દેશની શિક્ષણ વ્યવસ્થામાં આવશ્યક ફેરફાર થવાની કે નવાચાર અમલમાં મૂકવાની શરુઆત થઈ. ગુજરાત પણ નીતિમાં શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટે કરવામાં આવેલ વિવિધ ભલામણોને અમલમાં મૂકવા પ્રતિબદ્ધ અને પ્રયત્નશીલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સૂચવ્યા અનુસાર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) દ્વારા પ્રાથમિક વિભાગ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળાઓના એક્રેડિટેશન માટે તમામ પ્રકારના હિતધારકોના પરામર્શન અને સહયોગથી સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કની રચના કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

Guideline (Draft)

શાળા શિક્ષણના પ્રત્યેક તબક્કામાં શાળાઓમાં ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે એક એવી વ્યવસ્થાનું સૂચન કરે છે કે જેમાં શાળાઓને સ્વ-મૂલ્યાંકન થકી સુધારણાની તક રહેતી હોય. વધુમાં નીતિમાં શાળા પક્ષે વધુ Autonomy (સ્વાયતતા), Accoutibility (જવાબદેહિતા) અને Transparency (પારદર્શિતા) ની અપેક્ષા રખાઇ છે. આ ભલામણોને કેન્દ્રમાં રાખીને વર્ષ 2024 – 25 થી સ્કૂલ એક્રેડિટેશન કાર્યક્રમને એક નવી અમલીકરણ યોજના સાથે અમલમાં મૂકવામાં આવશે. આ નવી યોજનાની મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે.

## વર્ષ 2024 – 25 થી અમલમાં આવનાર ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) યોજના:

વર્ષ 2024 – 25 થી પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) પ્રક્રિયાને મુખ્ય ચાર ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. **1. સ્વ-મૂલ્યાંકન, 2. CRC કો-ઓર્ડીનેટર્સ દ્વારા મૂલ્યાંકન, 3. રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતાં ડેટા આધારિત મૂલ્યાંકન અને 4. ક્રોસ વેરિફિકેશન.**




**ભાગ 1: સ્વ-મૂલ્યાંકન:**

ભાગ 1: સ્વ-મૂલ્યાંકન હેઠળ સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કમાં સમાવિષ્ટ પ્રકિયા (process) આધારિત માપદંડોનો સમાવેશ થાય છે. આ ભાગમાં ફ્રેમવર્કના કુલ 20% હિસ્સાનો સમાવેશ થાય છે. શાળા આ ભાગમાં સમાવિષ્ટ માપદંડોનું સ્વ – મૂલ્યાંકન કરીને તેનો ડેટા શાળા રાજ્ય કક્ષાએથી સૂચિત ચોક્કસ પ્લેટફોર્મના માધ્યમથી સબમિટ કરશે.

**ભાગ 2: CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન:**

ભાગ 2: CRC કો - ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન અંતર્ગત શાળાના સંબંધિત CRC કો-ઓર્ડીનેટર શાળાના શિક્ષકોની વર્ગખંડ પ્રક્રિયા માટેની પૂર્વ તૈયારી અને વાસ્તવિક વર્ગખંડ પ્રકિયાનું અવલોકન કરીને તેનો ડેટા રાજ્ય કક્ષાએથી સૂચિત ચોક્કસ પ્લેટફોર્મના માધ્યમથી સબમિટ કરશે. આ ભાગમાં ફ્રેમવર્કના કુલ 20% હિસ્સાનો સમાવેશ થાય છે.

**ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતાં ડેટા આધારિત મૂલ્યાંકન:**

ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતાં ડેટા આધારિત મૂલ્યાંકનમાં શાળા દ્વારા વિવિધ માધ્યમોથી રાજ્ય કક્ષાની વિવિધ કચેરીઓને ઓનલાઇન સબમિટ કરવામાં આવતા ડેટા, રાજ્ય કક્ષાએથી લેવાતી વિવિધ પરીક્ષાઓના ડેટાના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે. આ ભાગ હેઠળ ફ્રેમવર્કના કુલ 60% હિસ્સાનો સમાવેશ થાય છે.

**ભાગ 4: ક્રોસ વેરિફિકેશન:**

ભાગ 4: ક્રોસ વેરિફિકેશન અંતર્ગત ભાગ 1 થી 3 માં થયેલ પ્રક્રિયાને આધારે પ્રાપ્ત થતાં ડેટા પરથી શાળાનું કામચલાઉ પરિણામ તૈયાર કરવામાં આવશે. રાજ્ય કક્ષાએથી એક્રેડિટેશન થયેલ કુલ શાળાઓ પૈકીની 33% સુધીની શાળાઓની યાદચ્છિક રીતે પસંદગી કરી આ શાળાઓમાં ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. ક્રોસ વેરિફિકેશન પ્રક્રિયામાં શાળા દ્વારા થયેલ સ્વ-મૂલ્યાંકન, CRC કો- ઓર્ડીનેટર્સ દ્વારા થયેલ મૂલ્યાંકન અને રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થયેલ ડેટાનું ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. ક્રોસ વેરિફિકેશન પ્રકિયાને અંતે શાળાઓના રિપોર્ટ કાર્ડ પ્રસિદ્ધ કરવામાં આવશે.


**સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાના ભાગ 1 થી 3 ની વિગતવાર માહિતી હવે પછીના પ્રકરણોમાં આપવામાં આવી છે.**

Guideline (Draft)

# પ્રકરણ 2 - સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક અને એક્રેડિટેશન પ્રક્રિયા

## 2.0 પ્રસ્તાવના


વર્ષ 2019 – 20 થી પ્રાથમિક શાળાઓમાં અમલમાં મૂકવામાં આવેલ ગુણોત્સવ 2.0નું મૂલ્યાંકન માળખું નીચે મુજબ હતું.




વર્ષ 2023માં સરકારશ્રી દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓના હિતમાં વિવિધ યોજનાઓ જાહેર કરવામાં આવી. આ પૈકીની બે મહત્ત્વની યોજનાઓ એટલે મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના. શાળા શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીઓમાં અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિના પરીક્ષણ સમાન આ બે યોજનાઓને પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશન ફ્રેમવર્કબો ભાગ બનાવવામાં આવ્યો. આમ, કરવાથી વર્ષ 2023 – 24 દરમિયાન યોજાનાર ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)ના ફ્રેમવર્કમાં પાંચમાં મુખ્યક્ષેત્રનો ઉમેરો થયો. વર્ષ 2023 – 24 દરમિયાન નીચે મુજબનું એક્રેડિટેશન ફ્રેમવર્ક અમલમાં રહ્યું.



ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) ફ્રેમવર્ક
(વર્ષ 2023 – 2024)
મુખ્યક્ષેત્ર 1
અધ્યયન અને અધ્યાપન
(53%)
મુખ્યક્ષેત્ર 2
શાળા વ્યવસ્થાપન
(13%)
મુખ્યક્ષેત્ર 3
સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ
(10%)
મુખ્યક્ષેત્ર 4
સંસાધનો અને તેનો ઉપયોગ
(7%)
મુખ્યક્ષેત્ર 5
મુખ્યમંત્રી જ્ઞાનસેતુ – જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષામાં ભાગીદારી
(17%)
ફ્રેમવર્ક
1
2
3
4
5

વર્ષ 2024 – 25 થી પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશન માટે અમલી બનનાર ફ્રેમવર્કનું માળખું નીચે મુજબ છે.




ઉપરોક્ત મુખ્યક્ષેત્રોનું પેટાક્ષેત્રોમાં અને પેટાક્ષેત્રોનું માપદંડોમાં વિભાજન કરવામાં આવ્યું છે. વધુમાં માપદંડોની ચકાસણી માટે ઇન્ડીકેટર્સ નક્કી કરવામાં આવ્યાં છે. આમ, સમગ્ર ફ્રેમવર્કનું સ્વરૂપ નીચે દર્શાવ્યા મુજબનું છે.

## સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કનું સ્વરૂપ




| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્રની સંખ્યા | માપદંડની સંખ્યા | ભારાંક |
|---|---|---|---|
| 1. અધ્યયન અને અધ્યાપન | 6 | 27 | 52% |
| 2. શાળા વ્યવસ્થાપન | 2 | 5 | 05% |
| 3. સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ | 3 | 15 | 05% |
| 4. સંસાધનો અને તેનો ઉપયોગ | 4 | 14 | 08% |
| 5. રાજ્ય કક્ષાએ આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | 2 | 6 | 30% |
| કુલ | **17** | 67 | **100%** |

## 2.1 મૂલ્યાંકનના મુખ્ય માળખાનો પરિચય

વર્ષ 2024 – 25 થી અમલમાં આવનાર ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન) ફ્રેમવર્કમાં સમાવિષ્ટ પાંચ મુખ્યક્ષેત્રોની વિગત નીચે મુજબ છે.

| મુખ્યક્ષેત્ર | પેટાક્ષેત્ર |
|---|---|
| **1. અધ્યયન અને અધ્યાપન** | 1. સામયિક કસોટી |
| | 2. સત્રાંત કસોટી 1 અને 2 |
| | 3. વાંચન, લેખન અને ગણન |
| | 4. અધ્યયન માટે અસરકારક વાતાવરણ |
| | 5. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ |
| | 6. શાળામાં હાજરી |
| **2. શાળા વ્યવસ્થાપન** | 1. સંચાલન |
| | 2. સલામતી |
| **3. સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** | 1. પ્રાર્થનાસભા |
| | 2. યોગ, વ્યાયામ અને રમતગમત |
| | 3. વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી |
| **4. સંસાધનો અને તેનો ઉપયોગ** | 1. પુસ્તકાલયનો ઉપયોગ |
| | 2. ટેકનોલોજીનો ઉપયોગ |
| | 3. મધ્યાહન ભોજન યોજના |
| | 4. પાણી, શૌચાલય અને સ્વચ્છતા |
| **5. રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી** | 1. કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) માં ભાગીદારી |
| | 2. મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) પરીક્ષામાં ભાગીદારી |

Guideline (Draft)

સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના 17 પેટાક્ષેત્રોમાં સમાવિષ્ટ 67 માપદંડ, પ્રત્યેક માપદંડ દીઠ ગુણ અને માપદંડની ચકાસણી માટેની પદ્ધતિની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | માપદંડ | ગુણ | મૂલ્યાંકન પ્રકાર |
|---|---|---|---|
| **1** | **મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન** | **520** | - |
| **1.1** | **પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી** | **80** | - |
| 1.1.1 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓની ચકાસણી | 4 | **સ્વ-મૂલ્યાંકન** |
| 1.1.2 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓના જવાબો | 4 | |
| 1.1.3 | સામયિક કસોટીના પરિણામો પર શિક્ષકોની ટિપ્પણીઓ | 4 | |
| 1.1.4 | ઉપચારાત્મક કાર્ય | 4 | |
| 1.1.5 | વાલીઓને જાણ | 4 | |
| 1.1.6 | સામયિક કસોટીમાં સરેરાશ ગુણ ટકાવારી | 60 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| **1.2** | **પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી I અને II** | **140** | - |
| 1.2.1 | ઉત્તરપોથીઓની ચકાસણી | 10 | **સ્વ-મૂલ્યાંકન** |
| 1.2.2 | પરિણામપત્રકમાં ગુણની નોંધ | 5 | |
| 1.2.3 | વાલીઓને જાણ | 5 | |
| 1.2.4 | સત્રાંત કસોટી-1 માં શાળાએ મેળવેલ ગુણ | 60 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| 1.2.5 | સત્રાંત કસોટી-2 માં શાળાએ મેળવેલ ગુણ | 60 | |
| **1.3** | **પેટાક્ષેત્ર 1.3: વાંચન, લેખન અને ગણન** | **50** | - |
| 1.3.1 | વાંચન | 16 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| 1.3.2 | લેખન | 17 | |
| 1.3.3 | ગણન | 17 | |
| **1.4** | **પેટાક્ષેત્ર 1.4: અધ્યયન માટે અસરકારક વાતાવરણ** | **100** | - |
| 1.4.1 | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | 17 | **CRC કો-ઓર્ડીટર દ્વારા મૂલ્યાંકન** |
| 1.4.2 | અસરકારક વર્ગખંડ વાતાવરણ | 16 | |
| 1.4.3 | શિક્ષકો દ્વારા પ્રેરણા | 17 | |
| 1.4.4 | વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સાહિત્ય (LM)નો ઉપયોગ | 16 | |
| 1.4.5 | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું | 17 | |
| 1.4.6 | જે શીખ્યા હોય તેના વિશે વાત કરવી | 17 | |

Guideline Draft

| ક્રમ | માપદંડ | ગુણ | મૂલ્યાંકન પ્રકાર |
|---|---|---|---|
| **1.5** | **પેટાક્ષેત્ર 1.5: અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ** | **100** | - |
| 1.5.1 | અધ્યાપન માટેની તૈયારી | 20 | **CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન** |
| 1.5.2 | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | 20 | |
| 1.5.3 | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | 20 | |
| 1.5.4 | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | 20 | |
| 1.5.5 | અધ્યયનમાં સમાન તક | 20 | |
| **1.6** | **પેટાક્ષેત્ર 1.6: શાળામાં હાજરી** | **50** | - |
| 1.6.1 | શાળાની સરેરાશ હાજરી | 40 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| 1.6.2 | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની સરેરાશ હાજરી | 10 | |
| **2** | **મુખ્યક્ષેત્ર 2: શાળા વ્યવસ્થાપન** | **50** | - |
| **2.1** | **પેટાક્ષેત્ર 2.1: શાળા સંચાલન** | **20** | - |
| 2.1.1 | શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ | 6 | **સ્વ-મૂલ્યાંકન** |
| 2.1.2 | શાળા વ્યવસ્થાપન સમિતિ | 6 | |
| 2.1.3 | શાળા સમયપત્રક | 8 | |
| **2.2** | **પેટાક્ષેત્ર 2.2: સલામતી** | **30** | - |
| 2.2.1 | સલામત શાળા પરિસર | 10 | **સ્વ-મૂલ્યાંકન** |
| 2.2.2 | આપત્તિ વ્યવસ્થાપન માટેની સજ્જતા | 20 | |
| **3** | **મુખ્યક્ષેત્ર ૩: સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** | **50** | - |
| **3.1** | **પેટાક્ષેત્ર 3.1: પ્રાર્થનાસભા** | **15** | - |
| 3.1.1 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | 3 | **સ્વ-મૂલ્યાંકન** |
| 3.1.2 | પ્રાર્થનાસભાના સંચાલનમાં કુમાર અને કન્યાઓને સમાન તક | 3 | |
| 3.1.3 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ | 3 | |
| 3.1.4 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ | 3 | |
| 3.1.5 | પ્રાર્થનાસભાની સમગ્રતયા રજૂઆતમાં વૈવિધ્ય | 3 | |
| **3.2** | **પેટાક્ષેત્ર 3.2: યોગ, વ્યાયામ અને રમતગમત** | **15** | - |
| 3.2.1 | વિદ્યાર્થીઓની યોગિક ક્રિયાઓમાં ભાગીદારી | 3 | **સ્વ-મૂલ્યાંકન** |

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | ગુણ | મૂલ્યાંકન પ્રકાર |
|---|---|---|---|
| 3.2.2 | વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | 3 | |
| 3.2.3 | શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | 3 | |
| 3.2.4 | દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક | 3 | |
| 3.2.5 | રમતગમતની પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી | 3 | |
| **3.3** | **પેટાક્ષેત્ર 3.3: વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી** | **20** | - |
| 3.3.1 | વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | 4 | **સ્વ-મૂલ્યાંકન** |
| 3.3.2 | શાળામાં હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ | 4 | |
| 3.3.3 | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | 4 | |
| 3.3.4 | શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય | 4 | |
| 3.3.5 | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન | 4 | |
| **4** | **મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ** | **80** | - |
| **4.1** | **પેટાક્ષેત્ર 4.1: પુસ્તકાલયનો ઉપયોગ** | **20** | - |
| 4.1.1 | શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 10 | **સ્વ-મૂલ્યાંકન** |
| 4.1.2 | વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 10 | |
| **4.2** | **પેટાક્ષેત્ર 4.2: ટેકનોલોજીનો ઉપયોગ** | **25** | - |
| 4.2.1 | શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેકનોલોજીનો ઉપયોગ | 5 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| 4.2.2 | G-SHALAનો ઉપયોગ | 10 | |
| 4.2.3 | ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ (લાગુ પડતું હોય તેવી શાળાઓમાં) | 10 | **સ્વ-મૂલ્યાંકન** |
| **4.3** | **પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન** | **15** | - |
| 4.3.1 | મધ્યાહન ભોજન યોજનામાં નિયમિતતા | 2.5 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| 4.3.2 | વિદ્યાર્થીઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો લાભ | 2.5 | |
| 4.3.3 | જમવા બેસતાં પહેલાં વિદ્યાર્થીઓની સ્વચ્છતા અંગેની ટેવ | 4 | **સ્વ-મૂલ્યાંકન** |
| 4.3.4 | શિક્ષકો દ્વારા મધ્યાહન ભોજનની ગુણવત્તાની ચકાસણી | 2 | |
| 4.3.5 | મધ્યાહન ભોજન સંબંધિત જગ્યાઓ, સાધનો અને વાસણોની સ્વચ્છતા | 4 | |

| ક્રમ | માપદંડ | ગુણ | મૂલ્યાંકન પ્રકાર |
|---|---|---|---|
| **4.4** | **પેટાક્ષેત્ર 4.4: પાણી, શૌચાલય અને સ્વચ્છતા** | **20** | - |
| 4.4.1 | પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધતા | 5 | **સ્વ-મૂલ્યાંકન** |
| 4.4.2 | યોગ્ય સામગ્રી દ્વારા શૌચાલયની નિયમિત સફાઇ | 5 | |
| 4.4.3 | શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા | 5 | |
| 4.4.4 | વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | 5 | |
| **5** | **મુખ્યક્ષેત્ર 5: રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ** | **300** | - |
| **5.1** | **પેટાક્ષેત્ર 5.1: CET પરીક્ષામાં ભાગીદારી** | 150 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| 5.1.1 | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 50 | |
| 5.1.2 | CET પરીક્ષાના રાજ્ય મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | 50 | |
| 5.1.3 | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | 50 | |
| **5.2** | **પેટાક્ષેત્ર 5.2: CGMS પરીક્ષામાં ભાગીદારી** | 150 | |
| 5.2.1 | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 50 | **ડેટા આધારિત મૂલ્યાંકન** |
| 5.2.2 | CGMS પરીક્ષાના રાજ્યના મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | 50 | |
| 5.2.3 | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | 50 | |
| | **કુલ** | **1000** | - |

Guideline (Draft)

આમ, સમગ્ર સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કમાં શાળા મૂલ્યાંકન માટે ફ્રેમવર્કને ત્રણ ભાગમાં જોવામાં આવશે. આ ત્રણ ભાગને ફ્રેમવર્કમાં આપેલ ભારાંક નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કનો ભાગ | ગુણ | % |
|---|---|---|---|
| 1 | સ્વ-મૂલ્યાંકન | 200 | 20% |
| 2 | CRC કો- ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન | 200 | 20% |
| 3 | રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન | 600 | 60% |
| | **કુલ** | **1000** | **100%** |

## ભાગ 1: સ્વ – મૂલ્યાંકન

ભાગ 1: સ્વ – મૂલ્યાંકન હેઠળ નીચે મુજબના માપદંડોનો સમાવેશ થાય છે. આ ભાગ હેઠળ શાળા દ્વારા નીચે દર્શાવ્યા મુજબના કુલ 1000 ગુણ ધરાવતા ગુણાંકન માળખા પર પોતાનું મૂલ્યાંકન કરશે. આ ભાગમાં શાળાએ 1000માંથી મેળવેલ કુલ ગુણને 200 ગુણમાંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરવામાં આવશે.

| ક્રમ | માપદંડ | ગુણ | % |
|---|---|---|---|
| **1** | **મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન** | **200** | **20.00** |
| **1.1** | **પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી** | **100** | **10.00** |
| 1.1.1 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓની ચકાસણી | 20 | 2.00 |
| 1.1.2 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓના જવાબો | 20 | 2.00 |
| 1.1.3 | સામયિક કસોટીના પરિણામો પર શિક્ષકોની ટિપ્પણીઓ | 20 | 2.00 |
| 1.1.4 | ઉપચારાત્મક કાર્ય | 20 | 2.00 |
| 1.1.5 | વાલીઓને જાણ | 20 | 2.00 |
| **1.2** | **પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી I અને II** | **100** | **10.00** |
| 2.1.1 | ઉત્તરપોથીઓની ચકાસણી | 50 | 5.00 |
| 2.1.2 | પરિણામપત્રકમાં ગુણની નોંધ | 25 | 2.50 |
| 2.1.3 | વાલીઓને જાણ | 25 | 2.50 |
| **2** | **મુખ્યક્ષેત્ર 2: શાળા વ્યવસ્થાપન** | **250** | **25.00** |
| **2.1** | **પેટાક્ષેત્ર 2.1: શાળા સંચાલન** | **100** | **10.00** |
| 2.1.1 | શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ | 30 | 3.00 |
| 2.1.2 | શાળા વ્યવસ્થાપન સમિતિ | 30 | 3.00 |
| 2.1.3 | શાળા સમયપત્રક | 40 | 4.00 |
| **2.2** | **પેટાક્ષેત્ર 2.2: સલામતી** | **150** | **15.00** |
| 2.2.1 | સલામત શાળા પરિસર | 50 | 5.00 |

Gunotsav (Draft)

| ક્રમ | માપદંડ | ગુણ | % |
|---|---|---|---|
| 2.2.2 | આપત્તિ વ્યવસ્થાપન માટેની સજ્જતા | 100 | 10.00 |
| **3** | **મુખ્યક્ષેત્ર ૩: સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** | **250** | **25.00** |
| **3.1** | **પેટાક્ષેત્ર 3.1: પ્રાર્થનાસભા** | **75** | **7.50** |
| 3.1.1 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | 15 | 1.50 |
| 3.1.2 | પ્રાર્થનાસભાના સંચાલનમાં કુમાર અને કન્યાઓને સમાન તક | 15 | 1.50 |
| 3.1.3 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ | 15 | 1.50 |
| 3.1.4 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ | 15 | 1.50 |
| 3.1.5 | પ્રાર્થનાસભાની સમગ્રતયા રજૂઆતમાં વૈવિધ્ય | 15 | 1.50 |
| **3.2** | **પેટાક્ષેત્ર 3.2: યોગ, વ્યાયામ અને રમતગમત** | **75** | **7.50** |
| 3.2.1 | વિદ્યાર્થીઓની યોગિક ક્રિયાઓમાં ભાગીદારી | 15 | 1.50 |
| 3.2.2 | વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | 15 | 1.50 |
| 3.2.3 | શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | 15 | 1.50 |
| 3.2.4 | દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક | 15 | 1.50 |
| 3.2.5 | રમતગમતની પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી | 15 | 1.50 |
| **3.3** | **પેટાક્ષેત્ર 3.3: વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી** | **100** | **10.00** |
| 3.3.1 | વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | 20 | 2.00 |
| 3.3.2 | શાળામાં હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ | 20 | 2.00 |
| 3.3.3 | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | 20 | 2.00 |
| 3.3.4 | શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય | 20 | 2.00 |
| 3.3.5 | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન | 20 | 2.00 |
| **4** | **મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ** | **300** | **30.00** |
| **4.1** | **પેટાક્ષેત્ર 4.1: પુસ્તકાલયનો ઉપયોગ** | **100** | **10.00** |

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | ગુણ | % |
|---|---|---|---|
| 4.1.1 | શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 50 | 5.00 |
| 4.1.2 | વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 50 | 5.00 |
| **4.2** | **પેટાક્ષેત્ર 4.2: ટેકનોલોજીનો ઉપયોગ** | **50** | **5.00** |
| 4.2.3 | ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ (લાગુ પડતું હોય તેવી શાળાઓમાં) | 50 | 5.00 |
| **4.3** | **પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન** | **50** | **5.00** |
| 4.3.3 | જમવા બેસતાં પહેલાં વિદ્યાર્થીઓની સ્વચ્છતા અંગેની ટેવ | 20 | 2.00 |
| 4.3.4 | શિક્ષકો દ્વારા મધ્યાહન ભોજનની ગુણવત્તાની ચકાસણી | 10 | 1.00 |
| 4.3.5 | મધ્યાહન ભોજન સંબંધિત જગ્યાઓ, સાધનો અને વાસણોની સ્વચ્છતા | 20 | 2.00 |
| **4.4** | **પેટાક્ષેત્ર 4.4: પાણી, શૌચાલય અને સ્વચ્છતા** | **100** | **10.00** |
| 4.4.1 | પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધતા | 25 | 2.50 |
| 4.4.2 | યોગ્ય સામગ્રી દ્વારા શૌચાલયની નિયમિત સફાઇ | 25 | 2.50 |
| 4.4.3 | શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા | 25 | 2.50 |
| 4.4.4 | વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | 25 | 2.50 |
| | **કુલ** | **1000** | **100.00** |

આમ, સ્કૂલ એક્રેડિટેશનના સમગ્ર ફ્રેમવર્કમાં ભાગ 1: સ્વ – મૂલ્યાંકનનો કુલ ભારાંક 20%નો રહેશે.

Guideline (Draft)

## ભાગ 2: CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન

ભાગ 2: CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન હેઠળ નીચે મુજબના માપદંડનો સમાવેશ થાય છે.

| ક્રમ | માપદંડ | ગુણ | % |
|---|---|---|---|
| **1** | **મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન** | **200** | **20.00** |
| **1.4** | **પેટાક્ષેત્ર 1.4: અધ્યયન માટે અસરકારક વાતાવરણ** | **100** | **10.00** |
| 1.4.1 | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | 17 | 1.70 |
| 1.4.2 | અસરકારક વર્ગખંડ વાતાવરણ | 16 | 1.60 |
| 1.4.3 | શિક્ષકો દ્વારા પ્રેરણા | 17 | 1.70 |
| 1.4.4 | વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સાહિત્ય (LM)નો ઉપયોગ | 16 | 1.60 |
| 1.4.5 | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું | 17 | 1.70 |
| 1.4.6 | જે શીખ્યા હોય તેના વિશે વાત કરવી | 17 | 1.70 |
| **1.5** | **પેટાક્ષેત્ર 1.5: અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ** | **100** | **10.00** |
| 1.5.1 | અધ્યાપન માટેની તૈયારી | 20 | 2.00 |
| 1.5.2 | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | 20 | 2.00 |
| 1.5.3 | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | 20 | 2.00 |
| 1.5.4 | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | 20 | 2.00 |
| 1.5.5 | અધ્યયનમાં સમાન તક | 20 | 2.00 |

ભાગ 2: CRC કો- ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન હેઠળ શાળાના શિક્ષકોની વર્ગખંડકાર્ય માટેની પૂર્વતૈયારી અને વર્ગખંડકાર્યના અવલોકનનો સમાવેશ થાય છે. સ્કૂલ એક્રેડિટેશનના સમગ્ર ફ્રેમવર્કમાં આ ભાગનો કુલ ભારાંક 20%નો રહેશે.

Guideline (Draft)

## ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન

ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન હેઠળ નીચે મુજબના માપદંડનો સમાવેશ થાય છે.

| ક્રમ | માપદંડ | ગુણ | % |
|---|---|---|---|
| **1** | **મુખ્યક્ષેત્ર 1.1: અધ્યયન અને અધ્યાપન** | **280** | **280.00** |
| **1.1** | **પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી** | **60** | **6.00** |
| **1.1.6** | સામયિક કસોટીમાં સરેરાશ ગુણ ટકાવારી | 60 | 6.00 |
| **1.2** | **પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી I અને II** | **120** | **12.00** |
| **1.2.4** | સત્રાંત કસોટી-1 માં શાળાએ મેળવેલ ગુણ | 60 | 6.00 |
| **1.2.5** | સત્રાંત કસોટી-2 માં શાળાએ મેળવેલ ગુણ | 60 | 6.00 |
| **1.3** | **પેટાક્ષેત્ર 1.3: વાંચન, લેખન અને ગણન** | **50** | **5.00** |
| **1.3.1** | વાંચન | 16 | 1.60 |
| **1.3.2** | લેખન | 17 | 1.70 |
| **1.3.3** | ગણન | 17 | 1.70 |
| **1.6** | **પેટાક્ષેત્ર 1.6: શાળામાં હાજરી** | **50** | **5.00** |
| **1.6.1** | શાળાની સરેરાશ હાજરી | 40 | 4.00 |
| **1.6.2** | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની સરેરાશ હાજરી | 10 | 1.00 |
| **4** | **મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ** | **20** | **2.00** |
| **4.2** | **પેટાક્ષેત્ર 4.2: ટેક્નોલોજીનો ઉપયોગ** | 15 | **1.50** |
| **4.2.1** | શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેકનોલોજીનો ઉપયોગ | 5 | 0.50 |
| **4.2.2** | G-SHALAનો ઉપયોગ | 10 | 1.00 |
| **4.3** | **પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન** | 5 | **0.50** |
| **4.3.1** | મધ્યાહન ભોજન યોજનામાં નિયમિતતા | 2.5 | 0.25 |

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | ગુણ | % |
|---|---|---|---|
| 4.3.2 | વિદ્યાર્થીઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો લાભ | 2.5 | 0.25 |
| **5** | **મુખ્યક્ષેત્ર 5: રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ** | **300** | **30.00** |
| **5.1** | **પેટાક્ષેત્ર 5.1: CET પરીક્ષામાં ભાગીદારી** | **150** | **15.00** |
| 5.1.1 | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 50 | 5.00 |
| 5.1.2 | CET પરીક્ષાના રાજ્ય મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | 50 | 5.00 |
| 5.1.3 | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | 50 | 5.00 |
| **5.2** | **પેટાક્ષેત્ર 5.2: CGMS પરીક્ષામાં ભાગીદારી** | **150** | **15.00** |
| 5.2.1 | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | 50 | 5.00 |
| 5.2.2 | CGMS પરીક્ષાના રાજ્યના મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | 50 | 5.00 |
| 5.2.3 | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | 50 | 5.00 |

ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન હેઠળ સમાવિષ્ટ માપદંડોનો કુલ ભારાંક સમગ્ર ફ્રેમવર્કના 60%નો રહેશે.

**સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્ક અંતર્ગત મૂલ્યાંકનના આ ત્રણ ભાગમાં સમાવિષ્ટ માપદંડો અને ઇન્ડીકેટર્સની વિગતવાર માહિતી હવે પછીના પ્રકરણોમાં આપેલ છે.**

Guideline (Draft)

# પ્રકરણ 3 - ભાગ 1 : સ્વ-મૂલ્યાંકન

## 3.0 પ્રસ્તાવના

પ્રકરણ 2 માં આપણે પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશન ફ્રેમવર્કના ત્રણ ભાગ, તેમં સમાવિષ્ટ માપદંડ અને માપદંડ દીઠ અપાયેલ ભારાંકની પ્રારંભિક માહિતી મેળવી છે. આ પ્રકરણમાં ભાગ 1: સ્વ-મૂલ્યાંકન  હેઠળ સમાવિષ્ટ મુખ્યક્ષેત્રો અને તેમાં આવતાં માપદંડોની વિસ્તૃત વાત કરવામાં આવી છે.

**ભાગ 1 : સ્વ-મૂલ્યાંકન હેઠળ આવતા માપદંડોની યોગ્ય રીતે ચકાસણી કરવાની જવાબદારી શાળાના આચાર્ય (મુખ્ય શિક્ષક/ હેડ ટીચર)ની રહેશે. જો શાળા ઇચ્છે તો આ કાર્ય માટે શાળા કક્ષાએ એક મૂલ્યાંકન સમિતિ રચીને સમિતિના માધ્યમથી સ્વ-મૂલ્યાંકન કરી શકે. પરંતુ સમિતિ દ્વારા થયેલ મૂલ્યાંકનની ખરાઇ કરીને રાજ્ય કક્ષાએથી સૂચિત માધ્યમ દ્વારા ડેટા સબમિટ કરવાની જવાબદારી શાળાના આચાર્યની રહેશે.**

ભાગ 1: સ્વ-મૂલ્યાંકનમાં સમાવિષ્ટ માપદંડોની ચકાસણી માટે શાળાઓને સુગમતા રહે તે માટે GCERT દ્વારા એક ચેકલિસ્ટ/ ચેટબોટ આપવામાં આવશે. આ ચેકલિસ્ટ/ ચેટબોટના માધ્યમથી શાળાએ સ્વ-મૂલ્યાંકનનો ડેટા સબમિટ કરવાનો રહેશે.

ભાગ 1: સ્વ-મૂલ્યાંકન હેઠળ મુખ્યક્ષેત્ર 1, 2, 3 અને 4 ના ચોક્કસ માપદંડોનો સમાવેશ થાય છે. જયારે મુખ્યક્ષેત્ર 5 ના માપદંડોનો આ વિભાગમાં સમાવેશ થતો નથી. આ ભાગ હેઠળ આવરી લેવાયેલ મુખ્યક્ષેત્ર 1 થી 4 ના માપદંડોની ચકાસણી અંગેની યોજના અંગે અહીં સ્પષ્ટતા કરવામાં આવી છે.

Guideline (Draft)

## 3.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન

સ્વ-મૂલ્યાંકન હેઠળ આ મુખ્યક્ષેત્રના નીચે મુજબના પેટાક્ષેત્રોનો સમાવેશ થાય છે.

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| 1.1 | સામયિક કસોટી | 5 | 02% |
| 1.2 | સત્રાંત કસોટી 1 અને 2 | 3 | 02% |

## પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી

શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2018 – 19 થી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં સામયિક કસોટીનો અમલ કરવામાં આવ્યો છે. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા સૂચિત સમયપત્રક અનુસાર નિયત અંતરાલ પર જે તે ધોરણમાં નિશ્ચિત વિષયોની કસોટી શાળા કક્ષાએ લેવામાં આવે છે. સામયિક કસોટી લેવા પાછળનો મુખ્ય હેતુ નિદાન અને ઉપચારનો છે. આ કસોટીઓના આધારે શિક્ષકને તેના વિદ્યાર્થીઓને ક્યાં અને કેટલી મદદની આવશ્યકતા છે તેનો ખ્યાલ આવે છે. ઉપચારાત્મક કાર્ય દ્વારા વિદ્યાર્થીઓ ધોરણને અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધિ કરે તે સુનિશ્ચિત કરવાનો આશય છે. ભાગ 1: સ્વ-મૂલ્યાંકન અંતર્ગત આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના માપદંડનો સમાવેશ થાય છે.

| પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી | |
|---|---|
| ક્રમ | માપદંડ |
| 1.1.1 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓની ચકાસણી |
| 1.1.2 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓના જવાબો |
| 1.1.3 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં શિક્ષકોની ટિપ્પણીઓ |
| 1.1.4 | ઉપચારાત્મક કાર્ય |
| 1.1.5 | વાલીઓને જાણ |

Guideline (Draft)

**<u>સામયિક કસોટી પેટાક્ષેત્રમાં સમાવિષ્ટ આ પાંચ માપદંડની ચકાસણી અને તેને સંબંધિત ડેટા સબમિશન માટે શાળાએ નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.</u>**

- આ પેટાક્ષેત્ર હેઠળ ધોરણ 3 થી 8ના તમામ વર્ગોના વિદ્યાર્થીઓને ધ્યાને લેવાના રહેશે.
- પ્રત્યેક વર્ગના કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા 20% વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરી તેમની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ ચકાસવાની રહેશે.
- જે વર્ગમાં 20 કરતા ઓછા વિદ્યાર્થીઓ હોય ત્યાં ઓછામાં ઓછા 5 વિદ્યાર્થીઓની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ ચકાસવાની રહેશે.
- **<u>20% વિદ્યાર્થીઓનો નમૂનો શાળાના આચાર્યશ્રીએ એકદમ તટસ્થ રહી યાદચ્છિક રીતે (Randomly) પસંદ કરવાનો રહેશે.</u>**
- **<u>આચાર્યશ્રી/ શાળા કક્ષાની મૂલ્યાંકન સમિતિ માપદંડોની ચકાસણી વખતે જોવા મળતી પરિસ્થિતિને આધારે વાસ્તવિક માહિતી આપે તે અપેક્ષિત છે.</u>**
- રાજ્ય કક્ષાએથી સ્વ-મૂલ્યાંકન માટેના સમયગાળાની જાહેરાત કરવામાં આવે તે સમયગાળાની શરુઆત સુધીમાં લેવાયેલ તમામ સામયિક કસોટીઓની ઉત્તરપોથીઓની ચકાસણી કરવાની રહેશે.
- જો કોઇ શૈક્ષણિક વર્ષના સ્વ-મૂલ્યાંકનના સમયગાળાની જાહેરાત સુધીમાં એકપણ વિષયની સામયિક કસોટી ન લેવાઇ હોય તો જે સત્રમાં સ્વ-મૂલ્યાંકનનો સમયગાળો આવતો હોય તેની અગાઉના સત્રમાં લેવાયેલ સામયિક કસોટીઓની ઉત્તરપોથીઓ ધ્યાને લેવી.
- જો સ્વ-મૂલ્યાંકનના સમયગાળાની જાહેરાત સુધીમાં સામયિક કસોટી અંતર્ગત આવરી લેવાતાં વિષયો પૈકી અમુક જ વિષયોની જ સામયિક કસોટી લેવાઇ હોય તો બાકીના વિષયો માટે અગાઉના સત્રમાં લેવાયેલ સામયિક કસોટીઓની ઉત્તરપોથીઓ ધ્યાને લેવી.

Guideline (Draft)

- અહીં નીચેના ભાગે દર્શાવેલ ટેબલ શાળાઓને મળનાર ચેકલિસ્ટ/ચેટબોટનો ભાગ છે. જેમાં વિદ્યાર્થીઓની ઉત્તરપોથીની ચકાસણી કરતા જે બાબત જોવા મળે ત્યાં **'Y'** અને જે બાબત જોવા ન મળે ત્યાં **'N'** કરવાનો રહેશે.
- **જો વર્ગમાંથી પસંદ કરેલ 20% વિદ્યાર્થીઓના નમૂના પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ (75% કે તેથી વધુ વિદ્યાર્થીઓ) માં ચકાસણી હેઠળના ઇન્ડીકેટર મુજબનું અવલોકન જોવા મળે તો જ 'Y' કરવો અન્યથા 'N' કરવાનો રહેશે.**

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે.

### માપદંડ 1.1.1 : સામયિક કસોટીની ઉત્તરપોથીઓની ચકાસણી

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજિક વિજ્ઞાન |
| 1 | સામયિક કસોટી ચકાસવામાં આવેલ છે. | | | | | | | | | |
| 2 | સામયિક કસોટી ચકાસતી વખતે વિદ્યાર્થીની ભૂલોનો નિર્દેશ કરેલ છે. | | | | | | | | | |
| 3 | જ્યાં ગુણ કપાયા છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરેલ છે. | | | | | | | | | |
| 4 | તમામ પ્રશ્નોના જવાબને યોગ્ય રીતે ગુણ આપવામાં આવેલ છે. | | | | | | | | | |

Guideline (Draft)

## માપદંડ 1.1.2 : સામયિક કસોટીની આન્સર ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓના જવાબો

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 1 | પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખેલ છે. | | | | | | | | | |
| 2 | લખેલ જવાબ અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ છે. | | | | | | | | | |
| 3 | વાક્ય રચના ભૂલરહિત છે. | | | | | | | | | |

## માપદંડ 1.1.3 : સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં શિક્ષકોની ટિપ્પણીઓ

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 1 | શિક્ષકના સૂચનો ભૂલો સાથે સંબંધિત છે. | | | | | | | | | |
| 2 | શિક્ષકના સૂચનો સમજવામાં સરળ રીતે લખેલ છે. | | | | | | | | | |
| 3 | શિક્ષકના સૂચનો તમામ ભૂલોને આવરી લે તે રીતે લખેલ છે. | | | | | | | | | |

Guideline (Draft)

## માપદંડ 1.1.4: ઉપચારાત્મક કાર્ય

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 1 | ઉપચારાત્મક કાર્ય શિક્ષકના સૂચનોને અનુરૂપ છે. | | | | | | | | | |
| 2 | ઉપચારાત્મક કાર્ય તમામ ભૂલોને આવરી લે છે. | | | | | | | | | |
| 3 | જે તે અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ નિદાન કરવામાં આવેલું છે. | | | | | | | | | |
| 4 | ઉપચારાત્મક કાર્ય જે તે અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ થયેલ છે. | | | | | | | | | |

Guideline (Draft)

## માપદંડ 1.1.5: વાલીને જાણ

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 1 | સામયિક કસોટીમાં વાલીઓની સહી લેવામાં આવે છે. | | | | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1.1.1 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓની ચકાસણી | | વિષયોની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. | | | | | |
| | | 5 | તમામ વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. | | | | | |
| | | 1 | થોડાક જ વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓ યોગ્ય રીતે ચકાસેલ છે. | | | | | |
| | | 0 | એક પણ વિષયની સામયિક કસોટીની ઉત્તરવહી યોગ્ય રીતે ચકાસેલ નથી. | | | | | |
| 1.1.2 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓના જવાબો | | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વિદ્યાર્થીઓએ યોગ્ય રીતે જવાબો લખ્યા છે. | | | | | |
| | | 5 | તમામ વિદ્યાર્થીઓએ સામયિક કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના વિદ્યાર્થીઓએ સામયિક કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ વિદ્યાર્થીઓએ સામયિક કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા વિદ્યાર્થીઓએ સામયિક કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. | | | | | |
| | | 1 | થોડાક જ વિદ્યાર્થીઓએ સામયિક કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા છે. | | | | | |
| | | 0 | એક પણ વિદ્યાર્થીએ સામયિક કસોટીમાં યોગ્ય રીતે જવાબો લખ્યા નથી. | | | | | |
| 1.1.3 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં શિક્ષકોની ટિપ્પણીઓ | | વિષયોની સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં ટીપ્પણીઓ લખેલ છે. | | | | | |
| | | 5 | તમામ વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં ટીપ્પણીઓ લખેલ છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં ટીપ્પણીઓ લખેલ છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં ટીપ્પણીઓ લખેલ છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં ટીપ્પણીઓ લખેલ છે. | | | | | |
| | | 1 | થોડાક જ વિષયની સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં ટીપ્પણીઓ લખેલ છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| | | 0 | એક પણ વિષયની સામયિક કસોટીની ઉત્તરવહીમાં ટીપ્પણીઓ લખેલ નથી. | | | | | |
| 1.1.4 | ઉપચારાત્મક કાર્ય | | વિષયોની સામયિક કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલ છે. | | | | | |
| | | 5 | તમામ વિષયની સામયિક કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલ છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના વિષયની સામયિક કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલ છે. | | | | | |
| | | 3 | અડધાથી વધારે વિષયની સામયિક કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલ છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા વિષયની સામયિક કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલ છે. | | | | | |
| | | 1 | થોડાક જ વિષયની સામયિક કસોટીના પરિણામોના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલ છે. | | | | | |
| | | 0 | એક પણ વિષયની સામયિક કસોટીના પરિણામના આધારે વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન અને અમલ કરેલ નથી. | | | | | |
| 1.1.5 | વાલીઓને જાણ | | શિક્ષકે સામયિક કસોટી પર આપેલ ટીપ્પણીઓની જાણ વાલીઓને કરેલ છે અને વાલીઓએ સામે સહી કરેલ છે. | | | | | |
| | | 5 | તમામ સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વાલીઓની સહી થયેલ છે. | | | | | |
| | | 4 | મોટા ભાગની સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વાલીઓની સહી થયેલ છે. | | | | | |
| | | 3 | અડધાથી વધારે સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વાલીઓની સહી થયેલ છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછી સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વાલીઓની સહી થયેલ છે. | | | | | |
| | | 1 | થોડીક જ સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વાલીઓની સહી થયેલ છે. | | | | | |
| | | 0 | સામયિક કસોટીની ઉત્તરપોથીઓમાં વાલીઓની સહી થયેલ નથી. | | | | | |

## પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી 1 અને 2

આ પેટાક્ષેત્ર અંતર્ગત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં લેવામાં આવતી સત્રાંત કસોટીના સંચાલનની પ્રક્રિયા અને કસોટીઓમાં વિદ્યાર્થીઓના પ્રદર્શનના મૂલ્યાંકનનો આશય રહેલો છે. આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના માપદંડોનો સમાવેશ થાય છે.

| પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી 1 અને 2 | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **1.2.1** | ઉત્તરપોથીઓની ચકાસણી |
| **1.2.2** | પરિણામપત્રકમાં ગુણની નોંધ |
| **1.2.3** | વાલીઓને જાણ |

- આ પેટાક્ષેત્ર હેઠળ ધોરણ 3 થી 8ના તમામ વર્ગોના વિદ્યાર્થીઓને ધ્યાને લેવાના રહેશે.
- પ્રત્યેક વર્ગના કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા 20% વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરી તેમની સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ ચકાસવાની રહેશે.
- જે વર્ગમાં 20 કરતા ઓછા વિદ્યાર્થીઓ હોય ત્યાં ઓછામાં ઓછા 5 વિદ્યાર્થીઓની સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ ચકાસવાની રહેશે.
- **20% વિદ્યાર્થીઓનો નમૂનો શાળાના આચાર્યશ્રીએ એકદમ તટસ્થ રહી યાદચ્છિક રીતે (Randomly) પસંદ કરવાનો રહેશે.**
- **આચાર્યશ્રી/ શાળા કક્ષાની મૂલ્યાંકન સમિતિ માપદંડોની ચકાસણી વખતે જોવા મળતી પરિસ્થિતિને આધારે વાસ્તવિક માહિતી આપે તે અપેક્ષિત છે.**
- રાજ્ય કક્ષાએથી સ્વ-મૂલ્યાંકન માટેના સમયગાળાની જાહેરાત કરવામાં આવે તે સમયગાળા પહેલા લેવાયેલ સત્રાંત કસોટી 1 અને 2ની ઉત્તરપોથીઓની ચકાસણી કરવાની રહેશે. દા.ત. જો સ્વ-મૂલ્યાંકનનો સમયગાળો

Guideline (Draft)

જે તે શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં જાહેર થાય તો અગાઉના શૈક્ષણિક વર્ષની બંને સત્રાંત કસોટીઓને ધ્યાને લઇને કામગીરી કરવાની થાય. જો સ્વ-મૂલ્યાંકનનો સમયગાળો બીજા સત્રમાં જાહેર થાય તો ચાલુ શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રની સત્રાંત કસોટીઓ અને અગાઉના શૈક્ષણિક વર્ષના બીજા સત્રની સત્રાંત કસોટીઓ ધ્યાને લઇ કામગીરી કરવાની થાય.

- અહીં નીચેના ભાગે દર્શાવેલ ટેબલ શાળાઓને મળનાર ચેકલિસ્ટ/ચેટબોટનો ભાગ છે. જેમાં વિદ્યાર્થીઓની ઉત્તરપોથીની ચકાસણી કરતા જે બાબત જોવા મળે ત્યાં **'Y'** અને જે બાબત જોવા ન મળે ત્યાં **'N'** કરવાનો રહેશે.
- **<u>જો વર્ગમાંથી પસંદ કરેલ 20% વિદ્યાર્થીઓના નમૂના પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ (75% કે તેથી વધુ વિદ્યાર્થીઓ) માં ચકાસણી હેઠળના ઇન્ડીકેટર મુજબનું અવલોકન જોવા મળે તો જ 'Y' કરવો અન્યથા 'N' કરવાનો રહેશે.</u>**

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે.

## માપદંડ 1.2.1 : ઉત્તરપોથીઓની ચકાસણી

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 1 | સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ ચકાસવામાં આવેલ છે. | | | | | | | | | |
| 2 | વિદ્યાર્થીઓને અપાયેલા ગુણ તેમના જવાબોને મળવાપાત્ર ગુણ જેટલા જ જણાય છે. | | | | | | | | | |

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 3 | ઉત્તરવહીમાં આપાયેલ કુલ ગુણ અંદરના ભાગે પ્રત્યેક જવાબને આપેલા ગુણને અનુરૂપ છે. | | | | | | | | | |

## માપદંડ 1.2.2: પરિણામપત્રકમાં ગુણની નોંધ

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 1 | વિદ્યાર્થીઓની ઉત્તરવહીના ગુણ અને ફોર્મેટ - Cના ગુણ એક સમાન છે. | | | | | | | | | |
| 2 | ફોર્મેટ - Cના ગુણ અને ઓનલાઈન એન્ટ્રી કરેલા ગુણ સમાન છે. | | | | | | | | | |

## માપદંડ 1.2.3: વાલીઓને જાણ

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગુજરાતી | ગણિત | પર્યાવરણ / વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | સંસ્કૃત | સામાજીક વિજ્ઞાન |
| 1 | સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ વાલીઓને બતાવવામાં આવે છે. | | | | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| **1.2.1** | ઉત્તરપોથીઓની ચકાસણી | | ઉત્તરપોથીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. | | | | | |
| | | **5** | તમામ ઉત્તરપોથીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. | | | | | |
| | | **4** | મોટા ભાગની ઉત્તરપોથીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. | | | | | |
| | | **3** | અડધાથી વધુ ઉત્તરપોથીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. | | | | | |
| | | **2** | અડધાથી ઓછી ઉત્તરપોથીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. | | | | | |
| | | **1** | થોડીક જ ઉત્તરપોથીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. | | | | | |
| | | **0** | એક પણ ઉત્તરપોથીઓની યોગ્ય ચકાસણી કરવામાં આવેલ નથી. | | | | | |
| **1.2.2** | પરિણામપત્રકમાં ગુણની નોંધ | | પરિણામ પત્રકમાં ઉત્તરવહી મૂજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. | | | | | |
| | | **5** | તમામ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મૂજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. | | | | | |
| | | **4** | મોટા ભાગના પરિણામ પત્રકમાં ઉત્તરવહી મૂજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. | | | | | |
| | | **3** | અડધાથી વધુ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મૂજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. | | | | | |
| | | **2** | અડધાથી ઓછા પરિણામ પત્રકમાં ઉત્તરવહી મૂજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. | | | | | |
| | | **1** | થોડાક જ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મૂજબનું જ ગુણાંકન દર્શાવેલ છે. | | | | | |
| | | **0** | એક પણ પરિણામ પત્રકમાં ઉત્તરવહી મૂજબનું જ ગુણાંકન દર્શાવેલ નથી. | | | | | |
| **1.2.3** | વાલીઓને જાણ | | સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ વાલીઓને બતાવવામાં આવે છે . | | | | | |
| | | **5** | તમામ વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ બતાવવામાં આવે છે. | | | | | |
| | | **4** | મોટા ભાગના વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ બતાવવામાં આવે છે. | | | | | |
| | | **3** | અડધાથી વધારે વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ બતાવવામાં આવે છે. | | | | | |
| | | **2** | અડધાથી ઓછા વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ બતાવવામાં આવે છે. | | | | | |
| | | **1** | થોડાક જ વાલીઓને સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ બતાવવામાં આવે છે. | | | | | |
| | | **0** | એક પણ વાલીને સત્રાંત કસોટીની ઉત્તરપોથીઓ બતાવવામાં આવતી નથી | | | | | |

## 3.2 મુખ્યક્ષેત્ર 2: શાળા વ્યવસ્થાપન

સ્વ-મૂલ્યાંકન હેઠળ આ મુખ્યક્ષેત્રના નીચે મુજબના પેટાક્ષેત્રોનો સમાવેશ થાય છે.

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| 2.1 | શાળા સંચાલન | 3 | 02% |
| 2.2 | સલામતી | 2 | 03% |

## પેટાક્ષેત્ર 2.1: શાળા સંચાલન

આ પેટાક્ષેત્ર હેઠળ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પ્રવર્તમાન શાળા સંચાલન પ્રણાલીની ગુણવત્તા નિર્ધારિત કરતા માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોઇપણ શાળામાં સુચારુ શૈક્ષણિક અને વહીવટી સંચાલન માટે શાળા વિકાસ યોજનાનો અસરકારક અમલ અને શાળાકીય કાર્યક્રમોમોમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની ભૂમિકા મહત્ત્વની હોય છે. હવે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ 3 થી 8 માં વિષય શિક્ષક અને તાસ પદ્ધતિ અમલમાં છે ત્યારે રાજ્ય દ્વારા સૂચિત મોડેલ સમયપત્રક અનુસાર શાળાઓમાં શિક્ષણકાર્ય જેવી બાબતોની ચકાસણીનો આશય અહીં રહેલો છે.

| પેટાક્ષેત્ર 2.1: શાળા સંચાલન | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| 2.1.1 | શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ |
| 2.1.2 | શાળા વ્યવસ્થાપન સમિતિ |
| 2.1.3 | શાળા સમયપત્રક |

Guideline (Draft)

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે. અહીં પ્રત્યેક માપદંડની નીચે આપવામાં આવેલ ટેબલ્સ શાળાને સ્વ-મૂલ્યાંકન માટે મળનાર ચેકલિસ્ટ/ચેટબોટનો ભાગ છે. જેમાં શાળાએ ઇન્ડીકેટરની ઉપલબ્ધતા અને ઉપલબ્ધિના કિસ્સામાં ગુણવત્તા દર્શાવતા યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

## માપદંડ 2.1.1 : શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ

સામાન્ય રીતે શાળાઓ પોતાની ભૌતિક સુવિધાઓ પરત્વે ચિંતિત હોય છે પરંતુ શાળા માટે ભૌતિક સુવિધાઓ જેટલી અગત્યની છે તેટલી જ અગત્યની બાબત શૈક્ષણિક આયોજન છે. આથી શાળાની વિકાસ યોજનામાં શૈક્ષણિક બાબતોનો સમાવેશ થતો હોય તે ખૂબ જરૂરી છે. આથી શાળાએ વિકાસ યોજના તૈયાર કરતાં પહેલા બેઝલાઇન અસેસમેન્ટ કર્યું હોય એટલે કે તેની તત્કાલીન સ્થિતિનું આકલન કરી શાળા વિકાસ યોજના માટે તેનો એક આધાર તરીકે ઉપયોગ કર્યો હોય તે જરૂરી છે. આ ઉપરાંત શાળા વિકાસ યોજનાનું અમલીકરણ યોગ્ય રીતે થાય તે જરૂરી છે. શાળા વિકાસ યોજનાના અમલીકરણથી ઉપસ્થિત થતા પડકારો તેમજ તેની ભાવિ અસરોને ધ્યાને રાખી સમયાંતરે શાળા વિકાસ યોજનાની સમીક્ષા થાય તે જરૂરી છે. ઉક્ત બાબતોની ચકાસણી કરવાનો ઉદ્દેશ આ માપદંડ હેઠળ રાખવામાં આવેલ છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ઉપલબ્ધતા | | જો 'હા' તો ગુણવત્તા | | |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | ઉત્તમ | સામાન્ય | નબળું |
| 1 | શાળાએ પોતાનું બેઇઝલાઇન એસેસમેન્ટ કરેલ છે. | | | | | |
| 2 | શાળાએ પોતાના બેઇઝલાઈન એસેસમેન્ટમાં શૈક્ષણિક સ્તરનો એક મુદ્દા તરીકે સમાવેશ કરેલ છે. | | | | | |
| 3 | શાળા દ્વારા બેઇઝલાઇન એસેસમેન્ટના આધારે પોતાનાં લક્ષ્યાંકો નક્કી કરવામાં આવેલ છે. | | | | | |
| 4 | શાળાએ શાળા વિકાસ યોજના તૈયાર કરેલ છે. | | | | | |
| 5 | શાળા વિકાસ યોજનાનું અમલીકરણ યોગ્ય રીતે થયેલ છે. | | | | | |
| 6 | શાળા વિકાસ યોજનાની નિયમિત સમીક્ષા થાય છે. | | | | | |

Guideline (Draft)

## માપદંડ 2.1.2: શાળા વ્યવસ્થાપન સમિતિ

Right to Education Act – 2009 અન્વયે શાળા કક્ષાએ શાળાના વિકાસને સુનિશ્ચિત કરવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની રચના કરવા જણાવેલ છે. આ સમિતિ શાળા વિકાસ યોજનાની રચના, વિવિધ શાળાકીય કાર્યક્રમો, શાળા કક્ષાએ લેવાતા નિર્ણયો તેમજ શાળાની ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટે સક્રિય ભાગીદારી નોંધાવે તે આવશ્યક છે. આ માપદંડ હેઠળ શાળામાં નિયમાનુસાર શાળા વ્યવસ્થાપન સમિતિની રચના અને શાળાકીય કાર્યક્રમોમાં તેની ભૂમિકાની ચકાસણી કરતા ઇન્ડીકેટર્સનો સમાવેશ થાય છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ઉપલબ્ધતા | | જો 'હા' તો ગુણવત્તા | | |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | ઉત્તમ | સામાન્ય | નબળું |
| 1 | શાળા દ્વારા સરકારશ્રીના નિયમાનુસાર SMCની રચના/પુનઃરચના થયેલ છે. | | | | | |
| 2 | SMCની બેઠકો નિયમિત યોજાય છે. | | | | | |
| 3 | શાળા વિકાસ યોજના બનાવવામાં SMC શાળાને મદદરૂપ થાય છે. | | | | | |
| 4 | શાળાની સમસ્યાઓ નિવારવા માટે SMC દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવેલ છે. | | | | | |
| 5 | શાળાની શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિમાં SMC ઉપયોગી બને છે. | | | | | |

## માપદંડ 2.1.3: શાળા સમયપત્રક

શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ધોરણ 1 થી 8 માં દરેક વિષયને ન્યાય આપવા અને શૈક્ષણિક કાર્યમાં અસરકારકતા વધારવાના હેતુથી આયોજનપૂર્વક વિષય શિક્ષક પદ્ધતિ અને તાસ પદ્ધતિ આધારિત સમયપત્રકને અમલમાં મૂકેલ છે. દર અઠવાડિયામાં ઉપલબ્ધ 45 તાસને ધ્યાને રાખી ધોરણ 1 થી 8 માટે શાળા સમયપત્રક અદ્યતન કરી તેને સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકવામાં આવ્યું છે. આ તાસ આયોજન અને વિષય શિક્ષક પદ્ધતિનું શાળાની સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને કેવી રીતે અમલીકરણ કરવામાં આવી રહ્યું છે તેની ચકાસણી કરવાનો હેતુ આ માપદંડ હેઠળ રાખવામાં આવ્યો છે.

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ઉપલબ્ધતા | | જો 'હા' તો ગુણવત્તા | | |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | ઉત્તમ | સામાન્ય | નબળું |
| 1 | શાળાએ સમય પત્રકમાં રાજ્ય કક્ષાએથી સૂચિત મોડેલ સમયપત્રક અનુસાર વિષયોના તાસની ફાળવણી કરેલ છે. | | | | | |
| 2 | શાળામાં નિયમાનુસાર બનાવેલ સમયપત્રકને અનુસરવામાં આવે છે. | | | | | |
| 3 | દરેક વર્ગમાં સમયપત્રક લગાવેલ છે. | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **2.1.1** | શાળા વિકાસ યોજનાની રચના | | શાળાએ યોગ્ય રીતે શાળા વિકાસ યોજના તૈયાર કરેલ છે. | | | | | |
| | | **5** | શાળાએ ભૌતિક અને શૈક્ષણિક બાબતોને અનુલક્ષીને શાળા વિકાસ યોજના તૈયાર કરેલ છે અને તેનું યોગ્ય રીતે અમલીકરણ કરેલ છે. | | | | | |
| | | **4** | શાળાએ ભૌતિક અને શૈક્ષણિક બાબતોને અનુલક્ષીને શાળા વિકાસ યોજના તૈયાર કરેલ છે પરંતુ તેનું યોગ્ય રીતે અમલીકરણ કરવામાં આવેલ નથી. | | | | | |
| | | **3** | શાળાએ તૈયાર કરેલ શાળા વિકાસ યોજનામાં ભૌતિક સુવિધા ઉપરાંત શૈક્ષણિક બાબતોનો પણ સમાવેશ કરેલ છે. | | | | | |
| | | **2** | શાળાએ તૈયાર કરેલ શાળા વિકાસ યોજના ભૌતિક સુવિધા પુરતી મર્યાદિત છે. | | | | | |
| | | **1** | શાળાએ બેઝ લાઇન એસેસમેન્ટ કરેલ છે પરંતુ શાળા વિકાસ યોજના તૈયાર કરેલ નથી. | | | | | |
| | | **0** | શાળાએ શાળા વિકાસ યોજના તૈયાર કરેલ નથી. | | | | | |
| **2.1.2** | શાળાકીય કાર્યક્રમોમાં એસ.એમ.સી.ની સક્રિયતા | | નિયમાનુસાર SMCની રચના થાય છે અને તે શાળાકીય કાર્યક્રમોમાં સક્રિય ભૂમિકા ભજવે છે. | | | | | |
| | | **5** | નિયમાનુસાર SMCની રચના /પુન:રચના થાય છે અને શાળાકીય કાર્યક્રમોમાં તે સક્રિય ભૂમિકા ભજવે છે. | | | | | |
| | | **4** | નિયમાનુસાર SMCની રચનાના થાય છે અને શાળાકીય કાર્યક્રમોમાં તે મહદ અંશે સક્રિય ભૂમિકા ભજવે છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| | | 3 | નિયમાનુસાર SMCની રચના /પુન:રચના થાય છે અને શાળાકીય કાર્યક્રમોમાં તેની મધ્યમ સક્રિયતા જોવા મળે છે. | | | | | |
| | | 2 | નિયમાનુસાર SMCની રચના /પુન:રચના થાય છે અને શાળાકીય કાર્યક્રમોમાં તેની અલ્પ સક્રિયતા જોવા મળે છે. | | | | | |
| | | 1 | નિયમાનુસાર SMCની રચના /પુન:રચના થાય છે પરંતુ શાળાકીય કાર્યક્રમોમાં તેની સક્રિયતા જોવા મળતી નથી. | | | | | |
| | | 0 | નિયમાનુસાર SMCની રચના /પુન:રચના થતી નથી. | | | | | |
| 2.1.3 | શાળા સમયપત્રક | | શાળામાં નિયત સમયપત્રકનું અસરકારક અમલીકરણ થાય છે. | | | | | |
| | | 5 | શાળામાં નિયત સમયપત્રકનું અસરકારક અમલીકરણ થાય છે. | | | | | |
| | | 4 | શાળામાં નિયત સમયપત્રકનું મહદ અંશે અસરકારક અમલીકરણ થાય છે. | | | | | |
| | | 3 | શાળામાં નિયત સમયપત્રકનું અમલીકરણની મધ્યમ અસરકારકતા જોવા મળે છે. | | | | | |
| | | 2 | શાળામાં નિયત સમયપત્રકનું અમલીકરણની નિમ્ન અસરકારકતા જોવા મળે છે. | | | | | |
| | | 1 | શાળાએ નિયમાનુસાર નિયત સમયપત્રક તૈયાર કરેલ છે પરંતુ તેનું અમલીકરણ થતું નથી. | | | | | |
| | | 0 | શાળાએ નિયમાનુસાર નિયત સમયપત્રક તૈયાર કર્યું નથી. | | | | | |

## પેટાક્ષેત્ર 2.2 : સલામતી

શિક્ષણની પ્રક્રિયામાં અધ્યયન-અધ્યાપનની ગુણવત્તા ઉપરાંત વિદ્યાર્થીઓ-શિક્ષકોની સલામતી એ ખૂબ જ અગત્યની બાબત છે. Right to Education અંતર્ગત શાળામાં સલામતીના ધોરણો નિયત કરવામાં આવેલ છે. શાળાનું પરિસર સલામતીના ધોરણોને અનુરૂપ હોય તે અત્યંત આવશ્યક છે. શાળાના મકાન અને મેદાનની સલામતીની સાથોસાથ શિક્ષક-વિદ્યાર્થીઓ સલામતીના ધોરણોથી વાકેફ હોય તે જરૂરી છે. શાળાની સલામતી સંદર્ભે શાળાની તૈયારી ચકાસવાનો આશય અહીં રહેલો છે.

Guideline (Draft)

| પેટાક્ષેત્ર 2.2: સલામતી | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **2.2.1** | સલામત શાળા પરિસર |
| **2.2.2** | આપત્તિ વ્યવસ્થાપન માટેની સજ્જતા |

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે. અહીં પ્રત્યેક માપદંડની નીચે આપવામાં આવેલ ટેબલ્સ શાળાને સ્વ-મૂલ્યાંકન માટે મળનાર ચેકલિસ્ટ/ચેટબોટનો ભાગ છે. જેમાં શાળાએ ઇન્ડીકેટરની ઉપલબ્ધતા અને ઉપલબ્ધિના કિસ્સામાં ગુણવત્તા દર્શાવતા યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

## માપદંડ 2.2.1: સલામત શાળા પરિસર

શાળામાં વિદ્યાર્થી અને શિક્ષકોની સલામતી સુનિશ્ચિત કરવા સંદર્ભે ભૌતિક બાબતોનું વ્યવસ્થાપન અતિ આવશ્યક છે. શાળામાં ઉપલબ્ધ સંસાધનો સલામતીના ધોરણો અનુસાર યોગ્ય હોય, સંસાધનોની જરૂરી કાળજી લેવામાં આવતી હોય તે અતિ આવશ્યક છે. શાળાને ઉપલબ્ધ કરાવવામાં આવેલ સંસાધાનો અને અન્ય ભૌતિક સુવિધાઓ કેટલી સલામત છે તેની જાણકારી મેળવવા માટે આ માપદંડ રાખવામાં આવેલ છે.

| **ક્રમ** | **ઈન્ડીકેટર** | **ઉપલબ્ધતા** | | **જો 'હા' તો ગુણવત્તા** | | |
|---|---|---|---|---|---|---|
| | | **હા** | **ના** | **ઉત્તમ** | **સામાન્ય** | **નબળું** |
| 1 | શાળાનું મકાન / ઓરડા | | | | | |
| 2 | કમ્પાઉન્ડ વોલ | | | | | |
| 3 | પાણીની ટાંકી | | | | | |
| 4 | નિયમાનુસાર ફાયર સેફ્ટીની સુવિધા | | | | | |
| 5 | પ્રાથમિક સારવાર સુવિધા | | | | | |
| 6 | વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સુવિધા | | | | | |
| 7 | વીજળીકરણ અને વીજ ઉપકરણ | | | | | |
| 8 | ટ્રાન્સપોર્ટેશનની સુવિધા (લાગુ પડતું હોય ત્યાં) | | | | | |

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ઉપલબ્ધતા | | જો 'હા' તો ગુણવત્તા | | |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | ઉત્તમ | સામાન્ય | નબળું |
| 9 | CCTV કેમેરાની સુવિધા (લાગુ પડતું હોય ત્યાં) | | | | | |
| 10 | વિશેષ રોગ ધરાવતા વિદ્યાર્થીઓની વિગતવાર માહિતી (લાગુ પડતું હોય ત્યાં) | | | | | |

## માપદંડ 2.2.2: આપત્તિ વ્યવસ્થાપન માટેની સજ્જતા

આપત્તિ વ્યવસ્થાપન અંગેની માર્ગદર્શિકા અનુસાર શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ આપત્તિ વ્યવસ્થાપનના ઘટકોથી પરિચિત હોય તે જરૂરી છે. આ માપદંડ હેઠળ આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં શાળાની સજ્જતા અને તે માટેના શાળાના પ્રયોસોની ચકાસણીનો આશય રહેલો છે.

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ઉપલબ્ધતા | | જો 'હા' તો ગુણવત્તા | | |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | ઉત્તમ | સામાન્ય | નબળું |
| 1 | શાળામાં આપત્તિ વ્યસ્થાપન માટેનો પ્લાન ઉપલબ્ધ છે. | | | | | |
| 2 | વિદ્યાર્થીઓને શાળાના આપત્તિ વ્યવસ્થાપન પ્લાનની જાણકારી છે. | | | | | |
| 3 | શાળાના આચાર્ય / શિક્ષકોએ આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ મેળવી છે. | | | | | |
| 4 | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. | | | | | |
| 5 | શાળામાં આપત્તિ સમયે લેવાના પગલા સંદર્ભે મોક ડ્રીલ કરવામાં આવેલ છે. | | | | | |
| 6 | રાજ્ય સરકાર દ્વારા આપત્તિ સંદર્ભે વખતો-વખત આપવામાં આવતી SOP/સૂચનાઓનું પાલન કરવામાં આવે છે. | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| 2.2.1 | સલામત શાળા પરિસર | | શાળાનું પરિસર સલામતીની દ્દષ્ટિએ યોગ્ય છે. | | | | | |
| | | 5 | શાળાનું પરિસર સલામતીની દ્દષ્ટિએ ઉત્તમ ધોરણો ધરાવે છે. | | | | | |
| | | 4 | શાળાનું પરિસર સલામતીની દ્દષ્ટિએ ખૂબ સારા ધોરણો ધરાવે છે. | | | | | |
| | | 3 | શાળાનું પરિસર સલામતીની દ્દષ્ટિએ સારા ધોરણો ધરાવે છે. | | | | | |
| | | 2 | શાળાનું પરિસર સલામતીની દ્દષ્ટિએ મધ્યમ ધોરણો ધરાવે છે. | | | | | |
| | | 1 | શાળાનું પરિસર સલામતીની દ્દષ્ટિએ નબળા ધોરણો ધરાવે છે. | | | | | |
| | | 0 | શાળાનું પરિસર સલામતીની દ્દષ્ટિએ યોગ્ય નથી. | | | | | |
| 2.2.2 | આપત્તિ વ્યવસ્થાપન માટેની સજ્જતા | | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સજ્જતાનું યોગ્ય સ્તર ધરાવે છે. | | | | | |
| | | 5 | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સજ્જતાનું ઉત્તમ સ્તર ધરાવે છે. | | | | | |
| | | 4 | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સજ્જતાનું ખૂબ સારું સ્તર ધરાવે છે. | | | | | |
| | | 3 | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સજ્જતાનું સારું સ્તર ધરાવે છે. | | | | | |
| | | 2 | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સજ્જતાનું મધ્યમ સ્તર ધરાવે છે. | | | | | |
| | | 1 | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સજ્જતાનું નબળું સ્તર ધરાવે છે. | | | | | |
| | | 0 | આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓમાં સજ્જતા જોવા મળતી નથી. | | | | | |

## 3.3 મુખ્યક્ષેત્ર 3 : સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ

સ્વ-મૂલ્યાંકન હેઠળ આ મુખ્યક્ષેત્રના નીચે મુજબના પેટાક્ષેત્રોનો સમાવેશ થાય છે.

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| 3.1 | પ્રાર્થનાસભા | 05 | 1.5% |
| 3.2 | યોગ, વ્યાયામ અને રમતગમત | 05 | 1.5% |
| 3.3 | વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | 05 | 2.0% |

## પેટાક્ષેત્ર 3.1: પ્રાર્થનાસભા

શાળામાં નિયમિત રીતે પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પ્રાર્થના કાર્યક્રમનો મૂળભૂત હેતુ વિદ્યાર્થીઓમાં સભા સંચાલનના કૌશલ્યો વિકસાવવાનો છે. ઉપરાંત, પ્રાર્થનાસભાના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલ વિવિધ કલાઓને બહાર લાવવા માટેનો એક મંચ પણ મળે છે. આ પેટાક્ષેત્ર હેઠળ 5 માપદંડનો સમાવેશ થાય છે.

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ સામે ઉત્તમથી લઇ બિલકુલ નહીં એમ પાંચ સ્તર આપવામાં આવ્યા છે. શાળાએ પ્રત્યેક માપદંડમાં શાળાની પ્રાર્થનાસભામાં જોવા મળતા સ્તર અનુસાર યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

| પેટાક્ષેત્ર 3.1: પ્રાર્થનાસભા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **માપદંડ** | **ઉત્તમ** (5) | **ખૂબ સારું** (4) | **સારું** (3) | **મધ્યમ** (2) | **નબળું** (1) | **બિલકુલ નહીં** (0) |
| 3.1.1 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | | | | | | |
| 3.1.2 | પ્રાર્થનાસભાના સંચાલનમાં કુમાર અને કન્યાઓને સમાન તક | | | | | | |
| 3.1.3 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ | | | | | | |
| 3.1.4 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ | | | | | | |
| 3.1.5 | પ્રાર્થનાસભાની સમગ્રતયા રજૂઆતમાં વૈવિધ્ય | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ<br>5 | ખૂબ સારું<br>4 | સારું<br>3 | મધ્યમ<br>2 | નબળું<br>1 | બિલકુલ નહીં<br>0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **3.1.1** | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી | | પ્રાર્થનાસભામાં તમામ વિદ્યાર્થીઓ સક્રિય રીતે ભાગ લે છે. | | | | | |
| | | 5 | **તમામ વિદ્યાર્થીઓ** પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | 4 | **મોટા ભાગના** વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | 3 | **અડધાથી વધુ** વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | 2 | **અડધાથી ઓછા** વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાંજોડાય છે. | | | | | |
| | | 1 | **થોડાક જ** વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાંપ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન કરે છે / વગેરેના સમૂહગાનમાં જોડાય છે. | | | | | |
| | | 0 | વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં પ્રાર્થના, ભજન, ધૂન, પ્રતિજ્ઞા, રાષ્ટ્રગીત-રાષ્ટ્રગાન વગેરેનું સમૂહગાન સાંભળે છે પણ સાથે જોડાતા નથી. | | | | | |
| **3.1.2** | પ્રાર્થનાસભાના સંચાલનમાં કુમાર અને કન્યાઓને સમાન તક | | પ્રાર્થનાસભાના સંચાલનમાં તમામ વિદ્યાર્થીઓને સમાન તક આપવામાં આવે છે. | | | | | |
| | | 5 | કન્યા અને કુમાર બંને દ્વારા પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે, જેમાં પ્રાર્થના, ભજન, ધૂન, રાષ્ટ્રગીત/ગાન ઉપરાંત સમાચાર વાંચન, ક્વિઝ, ઉખાણાં જેવી પ્રવૃત્તિઓ સમાન રીતે કુમાર તેમજ કન્યા દ્વારારજૂ કરવામાં આવે છે. | | | | | |
| | | 4 | કન્યાઓ દ્વારા પ્રાર્થના, ભજન અને ધૂન રજૂ કરવામાં આવે છે, જયારે કુમારો દ્વારા સમાચાર, ક્વિઝ, ઉખાણાં તેમજ યોગ-આસન જેવી પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવે છે. | | | | | |
| | | 3 | કુમાર દ્વારા પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. જેમાં જૂજ પ્રવૃત્તિઓ જ કન્યાઓ રજૂ કરે છે. | | | | | |
| | | 2 | માત્ર કન્યા કે કુમાર દ્વારા જ પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. જેમાં તમામ પ્રવૃત્તિઓ માત્ર કુમાર કે કન્યા જ રજૂ કરે છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | કન્યા અને કુમાર સાથે શિક્ષકો દ્વારા પણ પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. જેમાં તમામ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો રજૂ કરે છે. | | | | | |
| | | 0 | કન્યા કે કુમાર નહીં પણ શિક્ષકો દ્વારા પ્રાર્થનાસભાનું સંચાલન કરવામાં આવે છે. તમામ પ્રવૃત્તિઓ શિક્ષકો જ રજૂ કરે છે. | | | | | |
| 3.1.3 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાજિંત્રોનો ઉપયોગ | | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના વાજિંત્રોનો (હાર્મોનિયમ, તબલાં, ઢોલક, ખંજરી-મંજીરા વગેરે) ઉપયોગ કરે છે. | | | | | |
| | | 5 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ ચાર કે તેથી વધુ વાજિંત્રોનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 4 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ ત્રણ વાજિંત્રોનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 3 | પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ બે વાજિંત્રોનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 2 | પ્રાર્થનાસભામાં એક જ વાજિંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. | | | | | |
| | | 1 | પ્રાર્થનાસભામાં વાજિંત્રોનો ઉપયોગ શિક્ષકો કરે છે. | | | | | |
| | | 0 | પ્રાર્થનાસભામાં વાજિંત્રોનો ઉપયોગ કરવામાં આવતો નથી. | | | | | |
| 3.1.4 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ | | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓ થાય છે. | | | | | |
| | | 5 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી **તમામ પ્રવૃત્તિઓ** વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે અને **મોટા ભાગના** વિદ્યાર્થીઓ તેમાં સહભાગી થાય છે, તેમજ શાળામાં આ **પ્રવૃત્તિઓ નિયમિત** રીતે કરવામાં આવે છે. | | | | | |
| | | 4 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી **તમામ પ્રવૃત્તિઓ** વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે પણ **અમુક જ** વિદ્યાર્થીઓ તેમાં સહભાગી થાય છે. શાળામાં આ **પ્રવૃત્તિઓ સમયાંતરે** કરવામાં આવે છે. | | | | | |
| | | 3 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓમાંથી **અમુક જ** પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. શાળામાં આ **પ્રવૃત્તિઓ સમયાંતરે** કરવામાં આવે છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| | | 2 | પ્રાર્થનાસભામાં એક કે બે જ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. શાળામાં પ્રવૃત્તિઓના પુનરાવર્તનનો સમય ચોક્કસ હોતો નથી. | | | | | |
| | | 1 | પ્રાર્થનાસભામાં આ પ્રવૃત્તિઓ શિક્ષકો કરાવે છે. | | | | | |
| | | 0 | પ્રાર્થનાસભામાં ઘડિયાગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓમાંથી એક પણ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. | | | | | |
| 3.1.5 | પ્રાર્થનાસભાની સમગ્રતયા રજૂઆતમાં વૈવિધ્ય | | પ્રાર્થનાની પસંદગી તેમજ સમગ્રતયા રજૂઆતમાં પૂરતું વૈવિધ્ય રાખવામાં આવે છે. | | | | | |
| | | 5 | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ 10 - 12 દિન વિશેષની ઉજવણીઓ, 10 - 12 પ્રાર્થનાઓ, 10 - 12 ભજન તેમજ રસપ્રદ, જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ નિયમિત રીતે વિદ્યાર્થીઓને કરવા મળે છે. | | | | | |
| | | 4 | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ 8 - 9 દિન વિશેષની ઉજવણીઓ, 8 - 9 પ્રાર્થનાઓ, 8 - 9 ભજન તેમજ રસપ્રદ, જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળે છે. | | | | | |
| | | 3 | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ 6 - 7 દિન વિશેષની ઉજવણીઓ, 6 - 7 પ્રાર્થનાઓ, 6 - 7 ભજન તેમજ રસપ્રદ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળે છે. | | | | | |
| | | 2 | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ 4 - 5 દિન વિશેષની ઉજવણીઓ, 4 - 5 પ્રાર્થનાઓ, 4 - 5 ભજન તેમજ રસપ્રદ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળે છે. | | | | | |
| | | 1 | વર્ષ દરમિયાન શાળામાં આશરે વિવિધ 2 - 3 દિન વિશેષની ઉજવણીઓ, 2 - 3 પ્રાર્થનાઓ, 2 - 3 ભજન તેમજ રસપ્રદ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળે છે. | | | | | |
| | | 0 | શાળામાં પ્રાર્થનાઓ, ભજન થાય છે પણ રસપ્રદ અને જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરવા મળતી નથી. | | | | | |

## પેટાક્ષેત્ર 3.2: યોગ, વ્યાયામ અને રમતગમત

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ, વ્યાયામ અને રમત-ગમતની ભૂમિકા અત્યંત અગત્યની છે. શાળાના નિયમિત પ્રાર્થના કાર્યક્રમમાં યોગને અગત્યનો ભાગ ગણવામાં આવ્યો છે. આથી જ સમયપત્રકમાં શારીરિક શિક્ષણના તાસની ફાળવણી કરવામાં આવે છે. બાળકોને રમતના ક્ષેત્રમાં પ્રોત્સાહન મળે તેમજ તેમની પ્રતિભા નીખરે તે હેતુથી સરકારશ્રી દ્વારા ખેલમહાકુંભ જેવા ખાસ આયોજન કરવામાં આવે છે. આ પેટાક્ષેત્ર હેઠળ શાળાના તમામ વિદ્યાર્થીઓને યોગ, વ્યાયામ અને રમતગમતની કેવી તક મળે છે તે ચકાસવાનો આશય છે. આ પેટાક્ષેત્ર હેઠળ 5 માપદંડનો સમાવેશ થાય છે.

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ સામે ઉત્તમથી લઇ બિલકુલ નહીં એમ પાંચ સ્તર આપવામાં આવ્યા છે. શાળાએ પ્રત્યેક માપદંડમાં શાળામાં જોવા મળતા સ્તર અનુસાર યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

| પેટાક્ષેત્ર 3.2: યોગ, વ્યાયામ અને રમતગમત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | માપદંડ | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
| | | (5) | (4) | (3) | (2) | (1) | (0) |
| 3.2.1 | વિદ્યાર્થીઓની યોગિક ક્રિયાઓમાં ભાગીદારી | | | | | | |
| 3.2.2 | વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | | | | | | |
| 3.2.3 | શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | | | | | | |
| 3.2.4 | દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક | | | | | | |
| 3.2.5 | રમતગમતની પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી | | | | | | |

Guideline (Draft)

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| 3.2.1 | વિદ્યાર્થીઓની યૌગિક ક્રિયાઓમાં ભાગીદારી | | **શાળાનાં વિદ્યાર્થીઓ યોગિક ક્રિયાઓમાં ભાગીદારી** | | | | | |
| | | 5 | તમામ વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | 1 | થોડાક જ વિદ્યાર્થીઓ યૌગિક ક્રિયાઓમાં જોડાય છે. | | | | | |
| | | 0 | શાળામાં એક પણ પ્રકારની યૌગિક ક્રિયાઓ કરવામાં આવતી નથી. | | | | | |
| 3.2.2 | વિદ્યાર્થીઓની રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | | શાળાનાં વિદ્યાર્થીઓએ રમતોત્સવ અથવા ખેલ મહાકુંભમાં રાજ્ય/ જિલ્લા/તાલુકા/ ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | | | | | |
| | | 5 | શાળાનાં વિદ્યાર્થીઓએ ગત / ચાલુ વર્ષ દરમિયાન **રાજ્ય કક્ષાએ** રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં ભાગ લીધેલ છે અથવા **જિલ્લા કક્ષાએ એકથી વધુ રમતમાં** ભાગ લીધેલ છે. | | | | | |
| | | 4 | શાળાનાં વિદ્યાર્થીઓએ ગત / ચાલુ વર્ષમાં **જિલ્લા કક્ષાએ** રમતોત્સવ/ખેલ મહાકુંભમાં ભાગ લીધેલ છે અથવા **તાલુકા કક્ષાએ એકથી વધુ રમતમાં** ભાગ લીધેલ છે. | | | | | |
| | | 3 | શાળાનાં વિદ્યાર્થીઓએ ગત / ચાલુ વર્ષમાં **તાલુકા કક્ષાએ** રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 2 | શાળાનાં વિદ્યાર્થીઓએ ગત /ચાલુ વર્ષમાં **ક્લસ્ટર કક્ષાએ** રમતોત્સવ/ખેલ મહાકુંભમાં **એક કરતાં વધુ રમતોમાં** ભાગ લીધેલ છે. | | | | | |
| | | 1 | શાળાનાં વિદ્યાર્થીઓએ ગત /ચાલુ વર્ષમાં **ક્લસ્ટર કક્ષાએ** રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં **ફક્ત એક જ રમતમાં** ભાગ લીધેલ છે. | | | | | |
| | | 0 | શાળાનાં વિદ્યાર્થીઓએ ગત /ચાલુ વર્ષમાં રમતોત્સવ/ ખેલ મહાકુંભમાં એક પણ રમતમાં ભાગ લીધેલ નથી. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 \| ખૂબ સારું 4 \| સારું 3 \| મધ્યમ 2 \| નબળું 1 \| બિલકુલ નહીં 0 |
|---|---|---|---|
| **3.2.3** | શાળામાં સમૂહ કવાયતની નિયમિતતા | | શાળાનાં વિદ્યાર્થીઓ એક સાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | 5 | **શાળાનાં તમામ વિદ્યાર્થીઓ** એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધદાવ કરે છે. |
| | | 4 | **શાળાનાં મોટા ભાગના** વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધદાવ કરે છે. |
| | | 3 | **શાળાનાં અડધાથી વધારે** વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | 2 | **શાળાનાં અડધાથી ઓછા** વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | 1 | **શાળાનાં થોડાક જ** વિદ્યાર્થીઓ એકસાથે સમૂહ કવાયતમાં જોડાય છે તથા તાલબદ્ધ રીતે અંગ કસરતના વિવિધ દાવ કરે છે. |
| | | 0 | શાળામાં સમૂહ કવાયત થતી નથી. |
| **3.2.4** | દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક | | શાળાના સમયપત્રકમાં દરેક ધોરણનાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને વ્યાયામની નિયમિત તક મળે છે.<br><br>(સમૂહ કવાયતના તાસ ઉપરાંત દરેક ધોરણમાં અઠવાડિયે ઓછામાં ઓછો એક તાસ વ્યાયામનો હોય, આ તાસમાં વિદ્યાર્થીઓ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થિત રીતે વિવિધ રમતો રમતાં હોય તો ઉત્તમ ગણાય.) |
| | | 5 | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાનાં તમામ ધોરણનાં વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે તેમજ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવે છે. |
| | | 4 | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાનાં નીચલા ધોરણ (ધોરણ 1 થી 5)નાં જ વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે તેમજ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવે છે. |

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| | | 3 | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાનાં ઉપલાં ધોરણ (ધોરણ 6 થી 8)નાં જ વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે તેમજ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવે છે. | | | | | |
| | | 2 | અઠવાડિયાના સમયપત્રકમાં શાળાનાં વિદ્યાર્થીઓ માટે રમત-ગમત અને વ્યાયામ કરવા માટેનું આયોજન કરવામાં આવે છે. પરંતુ તે મુજબ નિયમિત રીતે કાર્ય કરવામાં આવતું નથી. | | | | | |
| | | 1 | ક્યારેક જ રમત-ગમત કે વ્યાયામનું આયોજન કરવામાં આવે છે. | | | | | |
| | | 0 | આ પ્રકારની એક પણ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. | | | | | |
| 3.2.5 | રમતગમતની પ્રવૃત્તિઓમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી | | રમતગમતની દરેક પ્રવૃત્તિમાં કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે.<br><br>(શાળામાં રમાતી બધી જ રમતો કુમાર અને કન્યા બંને રમતા હોય તો ઉત્તમ ગણાય.દા.ત., કબડ્ડી અને ક્રિકેટ માત્ર કુમાર રમતા હોય અને લંગડી, દોરડા કૂદ જેવી રમતો માત્ર કન્યાઓ રમતી હોય તો તે યોગ્ય ન ગણાય. કુમાર રમતા હોય તેવી તમામ રમતો કન્યાઓને પણ રમાડવામાં આવતી હોય તો તે ઉત્તમ ગણાય.) | | | | | |
| | | 5 | શાળામાં રમાતી બધી જ રમતોમાં કુમાર તેમજ કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. | | | | | |
| | | 4 | શાળામાં રમાતી મોટા ભાગની રમતોમાં કુમાર તેમજ કન્યાઓની સપ્રમાણ ભાગીદારી હોય છે. | | | | | |
| | | 3 | શાળામાં રમાતી કેટલીક રમતોમાં કુમાર અને કન્યા સપ્રમાણ ભાગીદારી હોય છે. | | | | | |
| | | 2 | શાળામાં અમુક ચોક્કસ રમત કુમારો જ રમે છે જયારે અમુક ચોક્કસ રમતો કન્યાઓ રમે છે. | | | | | |
| | | 1 | શાળામાં રમાતી મોટાભાગની રમતો કુમારો રમે છે જયારે બહુ ઓછી રમતોમાં કન્યાઓની ભાગીદારી જોવા મળે છે. | | | | | |
| | | 0 | કોઈ પણ રમતમાં કન્યાઓ ભાગ લેતી નથી. | | | | | |

## પેટાક્ષેત્ર 3.3: વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે, વિદ્યાર્થીઓમાં સહ શૈક્ષણિક બાબતોમાં રસ વિકસિત કરવા માટે, વિદ્યાર્થીઓના જ્ઞાનની ક્ષિતિજો વિકસાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું શાળા કક્ષાએ આયોજન થતું હોય છે. આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળા દ્વારા આયોજિત કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મેળવવાનો આશય રહેલ છે. આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના 5 માપદંડનો સમાવેશ થાય છે. શાળાએ પ્રત્યેક માપદંડમાં શાળામાં જોવા મળતા સ્તર અનુસાર યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

| પેટાક્ષેત્ર 3.3: વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **માપદંડ** | **ઉત્તમ**<br>(5) | **ખૂબ સારું**<br>(4) | **સારું**<br>(3) | **મધ્યમ**<br>(2) | **નબળું**<br>(1) | **બિલકુલ નહીં**<br>(0) |
| 3.3.1 | વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ ભાગીદારી | | | | | | |
| 3.3.2 | શાળામાં હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ | | | | | | |
| 3.3.3 | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | | | | | | |
| 3.3.4 | શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય | | | | | | |
| 3.3.5 | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **3.1.1** | **વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ કક્ષાએ ભાગીદારી** | | શાળાનાં વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્ય/જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએ ભાગ લીધો છે. | | | | | |
| | | 5 | શાળાનાં વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **રાજ્ય કક્ષાએ** ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ છે. **અથવા** શાળાનાં વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **એક કરતાં વધારે વિભાગમાં જિલ્લા કક્ષાએ** ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 4 | શાળાનાં વિદ્યાર્થીઓએ **જિલ્લા કક્ષાએ** ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 3 | શાળાનાં વિદ્યાર્થીઓએ **તાલુકા કક્ષાએ એક કરતાં વધારે વિભાગમાં** ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 2 | શાળાનાં વિદ્યાર્થીઓએ **તાલુકા કક્ષાએ** ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 1 | શાળાનાં વિદ્યાર્થીઓએ **ક્લસ્ટર કક્ષાએ** ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 0 | શાળાનાં વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ નથી. | | | | | |
| **3.2.2** | **શાળામાં હાથ ધરાતી પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ** | | શાળામાં પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિઓ થાય છે.<br>(શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય; પર્યાવરણ સંવર્ધનના મહત્વની સમજણ વિદ્યાર્થીઓને આપવામાં આવતી હોય; વિદ્યાર્થીઓને સ્વસ્થ પર્યાવરણનું પ્રત્યક્ષ મોડેલ દર્શાવવામાં આવતું હોય તો ઉત્તમ ગણાય.) | | | | | |
| | | 5 | શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓ સ્વસ્થ પર્યાવરણ સંદર્ભેની જાણકારી ધરાવે છે. | | | | | |
| | | 4 | શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. પરંતુ વિદ્યાર્થીઓને સ્વસ્થ પર્યાવરણ સંદર્ભેની જાણકારી નથી. | | | | | |
| | | 3 | શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. | | | | | |
| | | 2 | વિદ્યાર્થીઓ સ્વસ્થ પર્યાવરણ માટેની માહિતીથી પરિચિત છે, પરંતુ તે મુજબ કાર્ય કરવામાં આવતું નથી. | | | | | |
| | | 1 | શાળામાં સ્વસ્થ પર્યાવરણ અંગે ક્યારેક જ જાણકારી આપવામાં આવેલ છે. | | | | | |
| | | 0 | શાળામાં સ્વસ્થ પર્યાવરણ અંગે કોઇ કાર્ય કે પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. | | | | | |

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ<br>5 | ખૂબ સારું<br>4 | સારું<br>3 | મધ્યમ<br>2 | નબળું<br>1 | બિલકુલ નહીં<br>0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **3.2.3** | **રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** | | રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.<br><br>(રાષ્ટ્રીય તહેવારો જેવાં કે ગણતંત્ર દિવસ, પ્રજાસત્તાક દિન, શહીદ દિન, રેંટિયા બારસ/ગાંધી જયંતી વગેરેની ઉજવણી દરમિયાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવતી હોય તો ઉત્તમ ગણાય.) | | | | | |
| | | 5 | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા **10 કે તેથી વધુ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** કરવામાં આવેલ છે. | | | | | |
| | | 4 | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા **08 થી 10 સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** કરવામાં આવેલ છે. | | | | | |
| | | 3 | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા **06 થી 08 સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** કરવામાં આવેલ છે. | | | | | |
| | | 2 | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા **04 થી 06 સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** કરવામાં આવેલ છે. | | | | | |
| | | 1 | વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા **04 થી ઓછી** સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે. | | | | | |
| | | 0 | વર્ષ દરમિયાન કોઇપણ સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરવામાં આવેલ નથી. | | | | | |
| **3.2.4** | **શૈક્ષણિક મુલાકાત અને તેનું શૈક્ષણિક અનુકાર્ય** | | શાળા દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવે છે અને ત્યારબાદ તેનું શૈક્ષણિક અનુકાર્ય થાય છે.<br><br>(શાળાનાં વિદ્યાર્થીઓને અવાર-નવાર શૈક્ષણિક મુલાકાત પર લઇ જવામાં આવે છે. મુલાકાત પરથી પરત આવ્યા બાદ દરેક બાળક સહભાગી થાય તે રીતે તેનું અનુકાર્ય થતું હોય તો ઉત્તમ ગણાય. શૈક્ષણિક મુલાકાતમાં ગ્રામ પંચાયત, ખેતર, બેંક, ડેરી, પોસ્ટ ઓફિસ, પોલીસ સ્ટેશન, રેલ્વે તેમજ બસ સ્ટેશન, વ્યવસાયિકો વગેરેની મુલાકાતનો સમાવેશ થઇ શકે.) | | | | | |
| | | 5 | શાળા દ્વારા દર વર્ષે **05કે તેથી વધુ શૈક્ષણિક મુલાકાતો** યોજવામાં આવે છે. | | | | | |
| | | 4 | શાળા દ્વારા દર વર્ષે **04 શૈક્ષણિક મુલાકાતો** યોજવામાં આવે છે. | | | | | |
| | | 3 | શાળા દ્વારા દર વર્ષે **03 શૈક્ષણિક મુલાકાતો** યોજવામાં આવે છે. | | | | | |
| | | 2 | શાળા દ્વારા દર વર્ષે **02 શૈક્ષણિક મુલાકાતો** યોજવામાં આવે છે. | | | | | |
| | | 1 | શાળા દ્વારા દર વર્ષે **01 શૈક્ષણિક મુલાકાત** યોજવામાં આવે છે. | | | | | |
| | | 0 | વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક મુલાકાતનું આયોજન થતું નથી. | | | | | |

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ<br>5 | ખૂબ સારું<br>4 | સારું<br>3 | મધ્યમ<br>2 | નબળું<br>1 | બિલકુલ નહીં<br>0 |
|---|---|---|---|---|---|---|---|---|
| 3.2.5 | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન | | શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન થાય છે.<br><br>(શાળા દ્વારા રામહાટ, અક્ષયપાત્ર, ખોયાપાયા સ્ટોર, આજનું ગુલાબ અને આજનો દિપક જેવી મૂલ્યલક્ષી શિક્ષણની પ્રવૃત્તિઓનું નિયમિત અને યોગ્ય રીતે આયોજન થતું હોય. દરેક પ્રવૃત્તિ યોગ્ય રીતે થતી હોય તો પ્રવૃત્તિ દીઠ એક ગુણ આપવો.) | | | | | |
| | | 5 | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ **પાંચ પ્રવૃત્તિઓ** કરવામાં આવે છે. | | | | | |
| | | 4 | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી **કોઇપણ ચાર પ્રવૃત્તિઓ** કરવામાં આવે છે. | | | | | |
| | | 3 | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી **કોઇપણ ત્રણ પ્રવૃત્તિઓ** કરવામાં આવે છે. | | | | | |
| | | 2 | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી **કોઇપણ બે પ્રવૃત્તિઓ** કરવામાં આવે છે. | | | | | |
| | | 1 | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી **કોઇપણ એક પ્રવૃત્તિ** કરવામાં આવે છે. | | | | | |
| | | 0 | શાળામાં ઉપરોક્ત દર્શાવેલ પાંચ પૈકી **એકપણ પ્રવૃત્તિ** કરવામાં આવતી નથી. | | | | | |

## 3.4 મુખ્યક્ષેત્ર 4 : સંસાધનો અને તેનો ઉપયોગ

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની શાળાઓ ભૌતિક રીતે સુવિધા સંપન્ન બને તે માટે આવશ્યક હોય તેવી ભૌતિક સુવિધાઓ તેમજ શૈક્ષણિક અને તકનીકી સંસાધનો પૂરા પાડવામાં આવે છે. શાળામાં ઉપલબ્ધ આ તમામ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થાય તો વિદ્યાર્થીઓમાં ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ પ્રાપ્ત કરવામાં શાળાને મોટી મદદ મળે તે ચોક્કસ છે. આથી આ માપદંડમાં નીચે મુજબના ચાર પેટાક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

Guideline (Draft)

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| 4.1 | પુસ્તકાલયનો ઉપયોગ | 2 | 2.0% |
| 4.2 | ટેકનોલોજીનો ઉપયોગ | 1 | 1.0% |
| 4.3 | મધ્યાહન ભોજન | 3 | 1.0% |
| 4.4 | પાણી, શૌચાલય અને સ્વચ્છતા | 4 | 2.0% |

## પેટાક્ષેત્ર 4.1: પુસ્તકાલયનો ઉપયોગ

શાળા પુસ્તકાલય એ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે જ્ઞાનવૃદ્ધિ માટેનું હાથવગું સંસાધન છે. આથી આપણી પ્રત્યેક શાળામાં એક સારું પુસ્તકાલય હોય એ અપેક્ષિત છે. રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે શાળા પુસ્તકાલયને અદ્યતન કરવા માટે પુસ્તકો અને સહાય પૂરાં પાડવામાં આવે છે. આથી શાળા પુસ્તકાલયનો શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા મહત્તમ લાભ લેવાય તે અપેક્ષિત છે. આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો કેવો ઉપયોગ થાય છે તે જાણવાનો આશય છે. આ માટે આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના 2 માપદંડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ સામે ઉત્તમથી લઇ બિલકુલ નહીં એમ પાંચ સ્તર આપવામાં આવ્યા છે. શાળાએ પ્રત્યેક માપદંડમાં શાળામાં જોવા મળતા સ્તર અનુસાર યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

| પેટાક્ષેત્ર 4.1: પુસ્તકાલયનો ઉપયોગ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | માપદંડ | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
| | | (5) | (4) | (3) | (2) | (1) | (0) |
| 4.1.1 | શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | | | | | | |
| 4.1.2 | વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 / ખૂબ સારું 4 / સારું 3 / મધ્યમ 2 / નબળું 1 / બિલકુલ નહીં 0 |
|---|---|---|---|
| **4.1.1** | **શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ** | | શિક્ષકો દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ કરવામાં આવે છે. |
| | | 5 | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન **સરેરાશ 10 થી વધારે** પુસ્તકો વાંચેલ છે. |
| | | 4 | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન **સરેરાશ 08 થી 09** પુસ્તકો વાંચેલ છે. |
| | | 3 | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન **સરેરાશ 06 થી 07** પુસ્તકો વાંચેલ છે. |
| | | 2 | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન **સરેરાશ 04 થી 05** પુસ્તકો વાંચેલ છે. |
| | | 1 | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન **સરેરાશ 02 થી 03 વધારે** પુસ્તકો વાંચેલ છે. |
| | | 0 | શાળાના શિક્ષકોએ વર્ષ દરમિયાન **સરેરાશ 02 થી ઓછા** પુસ્તકો વાંચેલ છે. |
| **4.1.2** | **વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ** | | વિદ્યાર્થીઓ દ્વારા શાળા પુસ્તકાલયનો ઉપયોગ કરવામાં આવે છે. |
| | | 5 | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **સરેરાશ 5 કે તેથી વધારે** પુસ્તકો વાંચેલ છે. |
| | | 4 | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **સરેરાશ 4** પુસ્તકો વાંચેલ છે. |
| | | 3 | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **સરેરાશ 3** પુસ્તકો વાંચેલ છે. |
| | | 2 | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **સરેરાશ 2** પુસ્તકો વાંચેલ છે. |
| | | 1 | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **સરેરાશ 1** પુસ્તક વાંચેલ છે. |
| | | 0 | શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન **એકપણ પુસ્તક વાંચેલ નથી.** |

## પેટાક્ષેત્ર 4.2: ટેક્નોલોજીનો ઉપયોગ

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની શાળાઓમાં શૈક્ષણિક કાર્યમાં ટેક્નોલોજીનો સહયોગ મળી રહે તે માટે સમયાંતરે BISAG – N DTH પ્રસારણ જોવાની સુવિધા, કમ્પ્યૂટર લેબ, સ્માર્ટ ક્લાસરૂમ વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીની મદદથી અધ્યયન કાર્ય સુલભ બને તે માટે શાળાઓને GSHALA અને GSHALA+ પણ ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. આ પેટાક્ષેત્ર હેઠળ શાળામાં ઉપલબ્ધ ટેક્નોલોજીનો શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ કેવો ઉપયોગ કરી રહ્યાં છે તે જાણવાનો આશય રાખવામાં આવ્યો છે. જે પૈકી મૂલ્યાંકનના ભાગ 1: સ્વ-મૂલ્યાંકનમાં માત્ર એક માપદંડનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ માપદંડ હેઠળ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા થતા ટેક્નોલોજીના ઉપયોગ વિશે

જાણકારી મેળવવાની છે. આ માપદંડને ચકાસવા માટે તેની સામે ઉત્તમથી લઇ બિલકુલ નહીં એમ પાંચ સ્તર આપવામાં આવ્યા છે. શાળાએ તેમાં જોવા મળતા સ્તર અનુસાર યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

| પેટાક્ષેત્ર 4.2: ટેકનોલોજીનો ઉપયોગ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | માપદંડ | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
| | | (5) | (4) | (3) | (2) | (1) | (0) |
| 4.2.3 | ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. (લાગુ પડતું હોય તેવી શાળાઓમાં) | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **4.2.3** | **ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ** | | ધોરણ 6 થી 8 નાં તમામ વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિષયવસ્તુ આધારિત કાર્યક્રમો જાતે ચલાવી શકે છે. | | | | | |
| | | 5 | ધોરણ 6 થી 8 નાં તમામ વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 4 | ધોરણ 6 થી 8 નાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 3 | ધોરણ 6 થી 8 નાં અડધા ભાગના વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 2 | ધોરણ 6 થી 8 નાં કેટલાંક વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 1 | ધોરણ 6 થી 8 નાં બે-ત્રણ વિદ્યાર્થીઓ જ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 0 | વિદ્યાર્થીઓ વિષયવસ્તુ આધારિત કાર્યક્રમો ફક્ત નિહાળે છે, જાતે ચલાવી શકતા નથી. | | | | | |

(Draft)

## પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન

વિદ્યાર્થીઓમાં કુપોષણની સમસ્યા દૂર થાય અને સામાજિક સમરસતા આવે તે હેતુસર શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના અમલી છે. શાળાના તમામ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ તમામ શૈક્ષણિક દિવસો દરમિયાન સ્વાસ્થ્યપ્રદ ભોજન મેળવે તે આ યોજનાનો હેતુ છે. આ યોજનાનું અમલીકરણ શાળા કક્ષાએ કેટલા અંશે થઇ રહ્યું છે તેની ચકાસણી આ પેટાક્ષેત્ર હેઠળ કરવામાં આવશે. આ માટે ભાગ 1: સ્વ-મૂલ્યાંકનમાં નીચે મુજબના 3 માપદંડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ માપદંડને ચકાસવા માટે તેની સામે ઉત્તમથી લઇ બિલકુલ નહીં એમ પાંચ સ્તર આપવામાં આવ્યા છે. શાળાએ તેમાં જોવા મળતા સ્તર અનુસાર યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

Guideline (Draft)

| પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | માપદંડ | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
| | | (5) | (4) | (3) | (2) | (1) | (0) |
| 4.3.3 | જમવા બેસતાં પહેલાં વિદ્યાર્થીઓની સ્વચ્છતા અંગેની ટેવ | | | | | | |
| 4.3.4 | શિક્ષકો દ્વારા મધ્યાહન ભોજનની ગુણવત્તાની ચકાસણી | | | | | | |
| 4.3.5 | મધ્યાહન ભોજન સંબંધિત જગ્યાઓ, સાધનો અને વાસણોની સ્વચ્છતા | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 / ખૂબ સારું 4 / સારું 3 / મધ્યમ 2 / નબળું 1 / બિલકુલ નહીં 0 |
|---|---|---|---|
| 4.3.3 | જમવા બેસતાં પહેલાં વિદ્યાર્થીઓની સ્વચ્છતા અંગેની ટેવ | | તમામ વિદ્યાર્થીઓ હાથ-પગ અને મોં ધોઇને જમવા બેસે છે. |
| | | 5 | શાળાના **100% વિદ્યાર્થીઓ** હાથ-પગ અને મોં ધોઇને જમવા બેસે છે. |
| | | 4 | શાળાના **80% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** હાથ-પગ અને મોં ધોઇને જમવા બેસે છે. |
| | | 3 | શાળાના **60% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** હાથ-પગ અને મોં ધોઇને જમવા બેસે છે. |
| | | 2 | શાળાના **40% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** હાથ-પગ અને મોં ધોઇને જમવા બેસે છે. |
| | | 1 | શાળાના **20% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** હાથ-પગ અને મોં ધોઇને જમવા બેસે છે. |
| | | 0 | શાળાના વિદ્યાર્થીઓ હાથ-પગ અનેમોં ધોઇને જમવા બેસતા નથી. |
| 4.3.4 | શિક્ષકો દ્વારા મધ્યાહન ભોજનની ગુણવત્તાની ચકાસણી | | મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને આપવામાં આવતી રસોઇની ગુણવત્તા નિયમિત રીતે શિક્ષકો દ્વારા ચકાસવામાં આવે છે. |
| | | 5 | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા **દરરોજ ચકાસવામાં** આવે છે. |
| | | 4 | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા **દર બે દિવસે ચકાસવામાં** આવે છે. |
| | | 3 | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા **અઠવાડિયામાં બે દિવસ ચકાસવામાં** આવે છે. |
| | | 2 | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા **અઠવાડિયામાં એક દિવસ ચકાસવામાં** આવે છે. |
| | | 1 | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા **પખવાડિયામાં ક્યારેક ચકાસવામાં** આવે છે. |
| | | 0 | ભોજનની ગુણવત્તા શિક્ષકો દ્વારા **ચકાસવામાં આવતી નથી.** |
| 4.3.5 | મધ્યાહન ભોજન સંબંધિત જગ્યાઓ, સાધનો અને વાસણોની સ્વચ્છતા | | મધ્યાહન ભોજન યોજનાનું રસોડું, વિદ્યાર્થીઓ જમવા બેસતાં હોય તે જગ્યા, રસોઇ તેમજ પીરસવાનાં સાધનો, વિદ્યાર્થીઓ જમવામાં ઉપયોગ કરતાં હોય તે વાસણો નિયમિત રીતે તેમજ સારી રીતે સાફ થાય છે. |
| | | 5 | મધ્યાહન ભોજન યોજનાનું રસોડું, જમવાની જગ્યા, સાધનો અને વાસણો **નિયમિત રીતે સાફ કરવામાં આવે છે.** |
| | | 4 | મધ્યાહન ભોજન યોજનાનું રસોડું, જમવાની જગ્યા, સાધનો અને વાસણો **મોટે ભાગે સાફ કરવામાં આવે છે.** |
| | | 3 | મધ્યાહન ભોજન યોજનાનું રસોડું, સાધનો અને વાસણો **નિયમિત રીતે સાફ કરવામાં આવે** છે, પણ **જમવાની જગ્યા અઠવાડિયામાં બે વાર** સાફ કરવામાં આવે છે. |
| | | 2 | મધ્યાહન ભોજન યોજનાનું રસોડું, સાધનો અને વાસણો **મોટે ભાગે સાફ કરવામાં આવે છે,** પણ **જમવાની જગ્યા અઠવાડિયામાં એક વાર** સાફ કરવામાં આવે છે. |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ<br>5 | ખૂબ સારું<br>4 | સારું<br>3 | મધ્યમ<br>2 | નબળું<br>1 | બિલકુલ નહીં<br>0 |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | મધ્યાહન ભોજન યોજનાનું રસોડું, જમવાની જગ્યા, સાધનો અને વાસણો **ક્યારેક જ સાફ કરવામાં** આવે છે. | | | | | |
| | | 0 | મધ્યાહન ભોજન યોજનાનાં રસોડામાં સ્વચ્છતા કે ચોખ્ખાઇ રાખવામાં આવતી નથી. | | | | | |

## પેટાક્ષેત્ર 4.4 : પાણી, શૌચાલય અને સ્વચ્છતા

શાળામાં હંમેશાં પર્યાપ્ત માત્રામાં પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ હોય તે પાયાની જરૂરિયાત છે. આ ઉપરાંત શાળાના શૌચાલય સંકુલના પ્રત્યેક શૌચાલયમાં સુચારુ વ્યવસ્થા દ્વારા પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ હોય તે આવશ્યક છે. શાળા વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત સ્વચ્છતાના ગુણના વિકાસ માટે નિયમિત પ્રયાસ કરે તેમજ વિદ્યાર્થીઓને સ્વચ્છતા માટે પ્રેરે તે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ખૂબ અગત્યનું છે. આથી આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના 4 માપદંડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ માપદંડને ચકાસવા માટે તેની સામે ઉત્તમથી લઇ બિલકુલ નહીં એમ પાંચ સ્તર આપવામાં આવ્યા છે. શાળાએ તેમાં જોવા મળતા સ્તર અનુસાર યોગ્ય ખાના સામે 'Y' કરવાનો રહેશે.

| પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | માપદંડ | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
| | | (5) | (4) | (3) | (2) | (1) | (0) |
| 4.4.1 | પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધતા | | | | | | |
| 4.4.2 | યોગ્ય સામગ્રી દ્વારા શૌચાલયની નિયમિત સફાઇ | | | | | | |
| 4.4.3 | શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા | | | | | | |
| 4.4.4 | વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | | | | | | |

Guideline (Draft)

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 / ખૂબ સારું 4 / સારું 3 / મધ્યમ 2 / નબળું 1 / બિલકુલ નહીં 0 |
|---|---|---|---|
| **4.4.1** | પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધતા | | તમામ વિદ્યાર્થીઓને પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ છે. (જો શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં પીવાલાયક પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ રહેતો હોય તેમજ જુદી જુદી વય કક્ષાનાં બાળકોની ઉંચાઈને ધ્યાને રાખી પીવાના પાણીના નળની વ્યવસ્થા કરવામાં આવેલ હોય તો તે ઉત્તમ ગણાય.) |
| | | 5 | શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પીવાલાયક પાણી ઉપલબ્ધ છે તથા જુદી જુદી વય કક્ષાના બાળકો પીવાના પાણીની વ્યવસ્થાનો સરળતાથી ઉપયોગ કરી શકે છે. |
| | | 4 | શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પીવાલાયક પાણી ઉપલબ્ધ છે પરંતુ જુદી જુદી વય કક્ષાના બાળકો પીવાના પાણીની વ્યવસ્થાનો સરળતાથી ઉપયોગ કરી શકતા નથી. |
| | | 3 | શાળામાં પીવાલાયક પાણી ઉપલબ્ધ છે તેમજ જુદી જુદી વય કક્ષાના બાળકો પીવાના પાણીની વ્યવસ્થાનો સરળતાથી ઉપયોગ કરી શકે છે પરંતુ પાણીની માત્રા પર્યાપ્ત નથી. |
| | | 2 | શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાને અનુરૂપ પાણી ઉપલબ્ધ છે તેમજ જુદી જુદી વયકક્ષાના બાળકો પીવાના પાણીની વ્યવસ્થાનો સરળતાથી ઉપયોગ કરી શકે છે પરંતુ પાણી પીવાલાયક નથી. |
| | | 1 | શાળામાં વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ પીવાના પાણીની વ્યવસ્થા કરેલ છે પરંતુ પાણી પીવાલાયક અને પર્યાપ્ત નથી. |
| | | 0 | શાળામાં વિદ્યાર્થીઓ માટે પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ નથી. |
| **4.4.2** | યોગ્ય સામગ્રી દ્વારા શૌચાલયની નિયમિત સફાઈ | | શાળા શૌચાલયની સફાઇ નિયમિત રીતે યોગ્ય સામગ્રી વગેરેના ઉપયોગ દ્વારા થાય છે. |
| | | 5 | શૌચાલયની સફાઇ **યોગ્ય સામગ્રી દ્વારા દરરોજ** કરવામાં આવે છે. |
| | | 4 | શૌચાલયની સફાઇ **યોગ્ય સામગ્રી દ્વારા અઠવાડિયામાં 03 વખત** કરવામાં આવે છે. |
| | | 3 | શૌચાલયની સફાઇ **યોગ્ય સામગ્રી દ્વારા અઠવાડિયામાં 02 વખત** કરવામાં આવે છે. |
| | | 2 | શૌચાલયની સફાઇ **યોગ્ય સામગ્રી દ્વારા અઠવાડિયામાં 01 વખત** કરવામાં આવે છે. |
| | | 1 | શૌચાલયની સફાઇ **યોગ્ય સામગ્રીદ્વારા પખવાડિયામાં 01 વખત** કરવામાં આવે છે. |
| | | 0 | શૌચાલયની સફાઇ **યોગ્ય સામગ્રી દ્વારા ક્યારેક કરવામાં આવે છે.** |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| 4.4.3 | શૌચાલયોમાં પાણીની ઉપલબ્ધતા | | શૌચાલય સંકુલમાં શૌચાલયના ઉપયોગ બાદ વ્યક્તિગત સ્વચ્છતા તેમજ શૌચાલયની સફાઇ માટે પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ છે તેમજ તમામ શૌચાલયમાં પાણીની ઉપલબ્ધતા માટે સુચારુ વ્યવસ્થા જોવા મળે છે. | | | | | |
| | | 5 | શૌચાલય સંકુલના દરેક શૌચાલયમાં નળ મારફત અને પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ છે. | | | | | |
| | | 4 | શૌચાલય સંકુલના દરેક શૌચાલયમાં નળ મારફત પાણી આવે છે પરંતુ પર્યાપ્ત માત્રામાં પાણી ઉપલબ્ધ નથી. | | | | | |
| | | 3 | શૌચાલય સંકુલની અંદર જ પાણીની વ્યવસ્થા છે પરંતુ દરેક શૌચાલયમાં નળ મારફત પાણી આવતું નથી. | | | | | |
| | | 2 | શૌચાલયમાં ઉપયોગ માટે શૌચાલય સંકુલની બહારથી પાણી લાવવું પડે છે પણ ઉપયોગ માટે પુરતું પાણી ઉપલબ્ધ થાય છે. | | | | | |
| | | 1 | શૌચાલયમાં ઉપયોગ માટે શૌચાલય સંકુલની બહારથી પાણી લાવવું પડે છે તેમજ ઉપયોગ માટે પુરતું પાણી ઉપલબ્ધ થતું નથી. | | | | | |
| | | 0 | શૌચાલયમાં ઉપયોગ માટેના પાણીની વ્યવસ્થા નથી. | | | | | |
| 4.4.4 | વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા | | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતાને સુનિશ્ચિત કરવા માટે શાળા દ્વારા નિયમિત ચકાસણી તેમજ વિશેષ પ્રયત્નો કરવામાં આવે છે. | | | | | |
| | | 5 | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે છે. સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને પ્રેરિત અને તેમના વાલીઓને જાણ કરવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતાને કેન્દ્રમાં રાખી વિશેષ પ્રયત્ન/પ્રવૃતિઓ કરવામાં આવે છે. | | | | | |
| | | 4 | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે છે તેમજ સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને પ્રેરિત અને તેમના વાલીઓને જાણ કરવામાં આવે છે. | | | | | |
| | | 3 | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે છે તેમજ સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવે છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે છે. | | | | | |
| | | 1 | શાળાના વિદ્યાર્થીઓની શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી કરવામાં આવે છે પરંતુ તેમાં નિયમિતતા જોવા મળતી નથી. | | | | | |
| | | 0 | શાળાના વિદ્યાર્થીઓ શારીરિક સ્વચ્છતા અંગેની ચકાસણી થતી નથી. | | | | | |

Guideline (Draft)

# પ્રકરણ 4 - ભાગ 2: CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન

## 4.0 પ્રસ્તાવના

પ્રકરણ 3 માં આપણે પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશન ફ્રેમવર્કના ભાગ 1: સ્વ-મૂલ્યાંકન હેઠળ સમાવિષ્ટ મુખ્યક્ષેત્રો અને તેમાં આવતાં માપદંડો વિશે જાણકારી મેળવી. આ પ્રકરણમાં ફ્રેમવર્કના ભાગ 2: CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકનમાં સમાવિષ્ટ મુખ્યક્ષેત્ર અને તેના માપદંડોની સમજ આપવામાં આવી છે.

આ ભાગ હેઠળ શિક્ષકની વર્ગખંડકાર્ય માટેની પૂર્વતૈયારી અને વર્ગખંડકાર્ય સંબંધિત માપદંડોનો સમાવેશ થાય છે. આ ભાગ હેઠળ મૂલ્યાંકન માટે શાળાનો જે ક્લસ્ટરમાં સમાવેશ થતો હોય તે ક્લસ્ટરના CRC કો-ઓર્ડીનેટર મૂલ્યાંકનકાર તરીકે કાર્ય કરશે. આ ભાગ અંતર્ગત મૂલ્યાંકન માટે નીચે મુજબની યોજના અનુસરવામાં આવશે.

- સમગ્ર શિક્ષા દ્વારા CRC કો-ઓર્ડીનેટર્સને તેમના ક્લસ્ટરમાં સમાવિષ્ટ શાળાઓની મુલાકાત માટે પૂર્વનિર્ધારિત આયોજન આપવામાં આવે છે. GCERT દ્વારા આ આયોજન અનુસાર CRC – કોર્ડીનેટર્સને મૂલ્યાંકનની કામગીરી સોંપવામાં આવશે.
- આ માટે શાળાઓ માટે સ્વ-મૂલ્યાંકનનો જે સમયગાળો જાહેર થાય તે સમયગાળા દરમિયાન GCERT ખાતે કાર્યરત GSQAC STATE TEAM (રાજ્ય કક્ષાએ સ્કૂલ એક્રેડિટેશન કાર્યક્રમનું વ્યવસ્થાપન કરતી ટીમ) દ્વારા પ્રત્યેક CRC કો-ઓર્ડીનેટર્સ સાથે સંકલન કરવામાં આવશે.
- GSQAC STATE TEAM દ્વારા રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ ટીચર્સ ડેટાબેઝમાંથી શાળાના કોઇપણ ત્રણ શિક્ષકોના વર્ગખંડના ચોક્કસ વિષયના તાસના અવલોકન માટે સૂચના આપવામાં આવશે. વર્ગખંડ અવલોકન માટે શિક્ષકોની પસંદગી યાદચ્છિક રીતે (Randomly) કરવામાં આવશે.

Guideline (Draft)

- જો કે શક્ય હોય ત્યાં સુધી ધોરણ 1 અને 2 માંથી એક, ધોરણ 3 થી 5 માંથી એક અને ધોરણ 6 થી 8 માંથી એક એમ કુલ ત્રણ વર્ગખંડ અવલોકન કરવામાં આવશે. આ વ્યવસ્થામાં શાળામાં ઉપલબ્ધ ધોરણો અનુસાર ફેરફાર થઇ શકે છે પરંતુ શાળાદીઠ ત્રણ વર્ગખંડ/ ત્રણ તાસનું અવલોકન થાય તેવું આયોજન રહેશે.
- CRC કો- ઓર્ડીનેટર દ્વારા ફ્રેમવર્કમાં સમાવિષ્ટ માપદંડોની યોગ્ય ચકાસણી કરી તેનો ડેટા GCERT દ્વારા સૂચિત માધ્યમ દ્વારા ઓનલાઇન સબમિટ કરવાનો રહેશે.
- વર્ગખંડ અવલોકન કરતી વખતે CRC કો-ઓર્ડીનેટરશ્રીએ નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.
  - સોંપવામાં આવેલ વર્ગખંડો – વિષયોના તાસનું જ અવલોકન કરવું. વર્ગખંડ – વિષયની પસંદગીમાં પોતાની રીતે ફેરફાર ન કરવા.
  - અનિવાર્ય સંજોગોમાં રાજ્ય કક્ષાએથી સોંપાયેલ વર્ગ – વિષયના તાસનું અવલોકન શક્ય બને તેમ ન હોય તો તેની જાણ GSQAC STATE TEAM ના આપના જિલ્લાના સંબંધિત પ્રતિનિધિને કરવી. ત્યારબાદ તેમની સૂચનાનુસાર અન્ય વર્ગ – વિષયના તાસનું અવલોકન કરવું.
  - સોંપવામાં આવેલ વર્ગખંડના સંપૂર્ણ તાસ દરમિયાન વર્ગખંડમાં ઉપસ્થિત રહી અવલોકન કરવું.
  - વર્ગખંડમાં ચાલતી પ્રક્રિયામાં કોઇ ખલેલ ન પહોંચે તેની કાળજી રાખવી.
  - વર્ગખંડ પ્રક્રિયાના અવલોકન દરમિયાન વિદ્યાર્થી કે શિક્ષક સાથે કોઇ વાતચીત ન કરવી. જરૂર જણાય તો વર્ગખંડ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદ કરી શકાશે.
  - વર્ગખંડ અવલોકન દરમિયાન ચકાસણી હેઠળના માપદંડના સંદર્ભમાં જોવા મળતી બાબતોની નોંધ કરતા રહેવું જેથી ડેટા એન્ટ્રી સમયે કોઇ અવઢવ ન રહે.
  - કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ જે તે ચકાસણીના મુદ્દાની સામે ત્રણ ધોરણ પસંદ કરવાના રહેશે. જેમાં ધોરણ 1 અને 2માંથી કોઇ એક; ધોરણ 3, 4 અને 5માંથી કોઇ એક તેમજ ધોરણ 6, 7 અને 8માંથી કોઇ એક ધોરણ પસંદ કરવાનું રહેશે.

Guideline (Draft)

ભાગ 2: CRC કો- ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકનમાં સમાવિષ્ટ માપદંડોની ચકાસણી માટે CRC કો- ઓર્ડીનેટરને સુગમતા રહે તે માટે GCERT દ્વારા એક ચેકલિસ્ટ/ ચેટબોટ આપવામાં આવશે. આ ચેકલિસ્ટ/ ચેટબોટના માધ્યમથી CRC કો- ઓર્ડીનેટરે મૂલ્યાંકનનો ડેટા સબમિટ કરવાનો રહેશે.

ભાગ 2: CRC કો- ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન હેઠળ માત્ર મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપનના ચોક્કસ માપદંડોનો સમાવેશ થાય છે. જયારે આ ભાગમાં મુખ્યક્ષેત્ર 2, 3, 4 અને 5 ના માપદંડોનો સમાવેશ થતો નથી. આ ભાગ હેઠળ આવરી લેવાયેલ મુખ્યક્ષેત્ર 1 ના માપદંડોની ચકાસણી અંગેની યોજના અંગે અહીં સ્પષ્ટતા કરવામાં આવી છે.

## 4.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન

CRC કો- ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન હેઠળ આ મુખ્યક્ષેત્રના નીચે મુજબના પેટાક્ષેત્રોનો સમાવેશ થાય છે.

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| 1.4 | અધ્યયન માટે અસરકારક વાતાવરણ | 6 | 10% |
| 1.5 | અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા | 5 | 10% |

## પેટાક્ષેત્ર 1.4: અધ્યયન માટે અસરકારક વાતાવરણ

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાની સફળતાનો આધાર શાળા અને વર્ગખંડના અધ્યયનપ્રદ વાતાવરણ પર રહેલો છે. વર્ગખંડના વાતાવરણને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાની સફળતા માટેનો પાયો છે. શૈક્ષણિક પ્રક્રિયાની નીપજનો આધાર તે નીપજ સુધી પહોંચવા માટેની વર્ગખંડ પ્રક્રિયા છે. આ માટે વર્ગખંડ ભાવાવરણનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. આ પેટાક્ષેત્ર હેઠળ શાળાઓમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન કેવા પ્રકારનું શૈક્ષણિક વાતાવરણ રહે છે તે જાણવાનો આશય છે.

Guideline (Draft)

ભાગ 2: CRC કો- ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન અંતર્ગત આ પેટાક્ષેત્રમાં નીચે મુજબના માપદંડનો સમાવેશ થાય છે.

| પેટાક્ષેત્ર 1.4: અધ્યયન માટે અસરકારક વાતાવરણ | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **1.4.1** | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર |
| **1.4.2** | અસરકારક વર્ગખંડ વાતાવરણ |
| **1.4.3** | શિક્ષકો દ્વારા પ્રેરણા |
| **1.4.4** | વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સાહિત્ય (LM)નો ઉપયોગ |
| **1.4.5** | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું |
| **1.4.6** | જે શીખ્યા હોય તેના વિશે વાત કરવી |

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે. અહીં પ્રત્યેક માપદંડની નીચે આપવામાં આવેલ ટેબલ્સ CRC કો-ઓર્ડીનેટરશ્રીને મળનાર ચેકલિસ્ટ/ચેટબોટનો ભાગ છે. જેમાં તેમણે ઇન્ડીકેટરની ઉપલબ્ધતા અને ઉપલબ્ધિના કિસ્સામાં ગુણવત્તા દર્શાવતા યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે.

## માપદંડ 1.4.1: શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો, શિક્ષક દ્વારા વિદ્યાર્થીનો સ્વીકાર વગેરે જેવી બાબતો વિદ્યાર્થીના વર્ગખંડ વ્યવહારોને જીવંત બનાવે છે. શિક્ષકના વ્યવહાર થકી વિદ્યાર્થી અધ્યયનની પ્રક્રિયામાં જોડાવા માટે તૈયાર થાય છે. આ બાબતોની ચકાસણી સદર માપદંડ હેઠળ કરવાનો પ્રકલ્પ અત્રે રાખેલ છે. જેમાં શિક્ષક વિદ્યાર્થીઓને નામથી બોલાવે છે કે કેમ, વિદ્યાર્થીઓ વિના સંકોચ શિક્ષકને પ્રશ્નો પૂછી શકે છે કે કેમ તેમજ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને શિક્ષક મદદ કરે છે કે કેમ તેની ચકાસણી કરવાનો હેતુ છે.

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક પ્રત્યેક વિદ્યાર્થીને નામ / યોગ્ય સંબોધનથી બોલાવે છે. | | | | | | | |
| 2 | વિદ્યાર્થીઓ શિક્ષકને ડર કે સંકોચ વિના પ્રશ્નો પૂછે છે. | | | | | | | |
| 3 | જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન આપે છે. | | | | | | | |

## માપદંડ 1.4.2: અસરકારક વર્ગખંડ વાતાવરણ

શાળાની અધ્યયન પ્રક્રિયાને વધુ બહેતર બનાવવા માટે વર્ગખંડ વ્યવસ્થા પણ અગત્યનો ભાગ ભજવે છે. આ માપદંડ હેઠળ વર્ગખંડમાં શૈક્ષણિક પ્રક્રિયાને અનુરૂપ બેઠક વ્યવસ્થા ગોઠવવાની અનુકૂળતા, વર્ગખંડની હવા-ઉજાસ અને વિદ્યાર્થીને પ્રવૃત્તિ કરવા માટેના અવકાશની ચકાસણી કરવાનો આશય છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | વર્ગખંડમાં અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાને અનુરૂપ બેઠક વ્યવસ્થા જોવા મળે છે. | | | | | | | |
| 2 | વર્ગખંડમાં પૂરતા પ્રમાણમાં હવાઉજાસની વ્યવસ્થા છે. | | | | | | | |
| 3 | વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ કરવા માટે યોગ્ય અવકાશ પ્રાપ્ત થાય છે. | | | | | | | |

Guideline (Draft)

## માપદંડ 1.4.3 : શિક્ષકો દ્વારા પ્રેરણા

વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રક્રિયામાં ભાગીદારી વધારવામાં શિક્ષક દ્વારા અપાતી પ્રેરણા એક ઉદ્દીપકની ભૂમિકા ભજવે છે. આ માપદંડ હેઠળ શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા કરવામાં આવતા પ્રયત્નોની ચકાસણી કરવાની છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક વિદ્યાર્થીને વર્ગખંડ પ્રક્રિયામાં જોડાવા માટે પ્રોત્સાહન આપે છે. | | | | | | | |
| 2 | શિક્ષક વિદ્યાર્થીઓના પ્રયત્નોને બિરદાવે છે. | | | | | | | |
| 3 | શિક્ષક વર્ગ સમક્ષ વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવે છે. | | | | | | | |

## માપદંડ 1.4.4 : વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત અધ્યયન સામગ્રી (LM)નો ઉપયોગ

આ માપદંડ હેઠળ શાળામાં/ વર્ગખંડોમાં ઉપલબ્ધ અધ્યયન સામગ્રી અધ્યયનપ્રદ, ઉપયોગમાં સરળ અને વિદ્યાર્થીને હાથવગી હોય તો તેના ઉપયોગ થકી વિદ્યાર્થીઓના અધ્યયન વધુ ફળદાયી બને છે. આ બાબતની ચકાસણી નીચેના મુજબના ઇન્ડીકેટર્સના માધ્યમથી કરવાની છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | અધ્યયન સામગ્રી વિદ્યાર્થીની વય કક્ષાને અનુરૂપ છે. | | | | | | | |
| 2 | અધ્યયન સામગ્રી વિદ્યાર્થી માટે સરળ છે. | | | | | | | |
| 3 | અધ્યયન સામગ્રી વર્ગખંડના વિષયના મુદ્દાને અનુરૂપ છે. | | | | | | | |

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 4 | અધ્યયન સામગ્રી વિદ્યાર્થીઓ ઉપયોગમાં લઇ શકે તે રીતે ગોઠવેલ છે. | | | | | | | |
| 5 | વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી અધ્યયન સામગ્રી અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ છે. | | | | | | | |

## માપદંડ 1.4.5: ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ કરવું

ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતું શૈક્ષણિક આદાન પ્રદાન  ખૂબ જ જરૂરી છે. શિક્ષક આ માટે સતત પ્રયત્નશીલ હોય તે ઇચ્છનીય છે. આ સંદર્ભે શિક્ષક દ્વારા વિદ્યાર્થી સંબંધે કેવી અધ્યયન તકોનું નિર્માણ થઇ રહ્યું છે તે જાણવાનો આશય છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે તાસ દરમિયાન વિષયાંગ સંબંધિત ચર્ચા થતી જોવા મળે છે. | | | | | | | |
| 2 | ચર્ચા દરમિયાન શિક્ષક વિદ્યાર્થીઓને રજૂઆત કરવા માટે પૂરતી તક આપે છે. | | | | | | | |
| 3 | શિક્ષક વિદ્યાર્થીના પ્રશ્નોને ચર્ચામાં સમાવે છે. | | | | | | | |
| 4 | શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓ એક બીજા સાથે ચર્ચા કરી શકે તેવા વાતાવરણનું નિર્માણ કરે છે. | | | | | | | |

Guideline (Draft)

## માપદંડ 1.4.6 : જે શીખ્યા હોય તેના વિશે વાત કરવી

અધ્યયન પ્રક્રિયાનું અંતિમ ચરણ એટલે Consolidation કરવું, સંકલન કરવું કે સમન્વય કરવું. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ગતિવિધિને ધ્યાને રાખી શિક્ષક સમગ્ર અધ્યયન અનુભવોને પુનઃ વિદ્યાર્થી સમક્ષ લાવવા પ્રયત્ન કરે છે અને અંતિમ લક્ષ્ય તરીકે તેઓ શું શીખ્યા તે જાણવાનો પ્રયત્ન કરે છે. આ માપદંડ હેઠળ આમ શિક્ષક દ્વારા થતા આવા પ્રયત્નોને જાણવાનો આશય છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક તાસના અંતે તાસમાં શીખવેલી બાબતોનો સારાંશ કહે છે. | | | | | | | |
| 2 | શિક્ષક શીખવેલી બાબતોનું તાસના અંતે દઢીકરણ કરાવે છે. | | | | | | | |
| 3 | વિદ્યાર્થીઓ જે શીખ્યા છે તેમના વિશે વાત કરી શકે છે. | | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1.4.1 | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | | વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે **સૌહાર્દપૂર્ણ વ્યવહાર** જોવા મળે છે. | | | | | |
| | | 5 | તમામ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે **સૌહાર્દપૂર્ણ વ્યવહાર** જોવા મળે છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે **સૌહાર્દપૂર્ણ વ્યવહાર** જોવા મળે છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે **સૌહાર્દપૂર્ણ વ્યવહાર** જોવા મળે છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે **સૌહાર્દપૂર્ણ વ્યવહાર** જોવા મળે છે. | | | | | |

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 / ખૂબ સારું 4 / સારું 3 / મધ્યમ 2 / નબળું 1 / બિલકુલ નહીં 0 |
|---|---|---|---|
| | | 1 | થોડાક જ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે **સૌહાર્દપૂર્ણ વ્યવહાર** જોવા મળે છે. |
| | | 0 | એક પણ વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથે **સૌહાર્દપૂર્ણ વ્યવહાર** જોવા મળતા નથી. |
| **1.4.2** | અસરકારક વર્ગખંડ વાતાવરણ | | શાળામાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | 5 | તમામ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | 4 | મોટા ભાગના વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | 3 | અડધાથી વધુ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | 2 | અડધાથી ઓછા વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | 1 | થોડાક જ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળે છે. |
| | | 0 | એકપણ વર્ગખંડમાં અસરકારક વર્ગખંડ વાતાવરણ જોવા મળતું નથી. |
| **1.4.3** | શિક્ષકો દ્વારા પ્રેરણા | | શાળામાં વર્ગકાર્ય દરમિયાન શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | 5 | તમામ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | 4 | મોટા ભાગના શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | 3 | અડધાથી વધુ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | 2 | અડધાથી ઓછા શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | 1 | થોડાક જ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે. |
| | | 0 | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા નથી. |
| **1.4.4** | વિદ્યાર્થીઓ દ્વારા ઉચિત LMનો ઉપયોગ | | વિદ્યાર્થીઓ અધ્યયનમાં ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | 5 | તમામ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | 4 | મોટા ભાગના વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | 3 | અડધાથી વધુ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | 2 | અડધાથી ઓછા વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | 1 | થોડાક જ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરે છે. |
| | | 0 | એક પણ વિદ્યાર્થી ઉચિત LMનો ઉપયોગ કરતા નથી. |

<table>
<tr><th>ક્રમ</th><th>માપદંડ</th><th>સ્કોર</th><th>ઉત્તમ</th><th>ખૂબ સારું</th><th>સારું</th><th>મધ્યમ</th><th>નબળું</th><th>બિલકુલ નહીં</th></tr>
<tr><th></th><th></th><th></th><th>5</th><th>4</th><th>3</th><th>2</th><th>1</th><th>0</th></tr>
<tr><td rowspan="7">1.4.5</td><td rowspan="7">ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોની નિર્માણ કરવું</td><td></td><td colspan="6">વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.</td></tr>
<tr><td>5</td><td colspan="6">તમામ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.</td></tr>
<tr><td>4</td><td colspan="6">મોટા ભાગના વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.</td></tr>
<tr><td>3</td><td colspan="6">અડધાથી વધુ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.</td></tr>
<tr><td>2</td><td colspan="6">અડધાથી ઓછા વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.</td></tr>
<tr><td>1</td><td colspan="6">થોડાક જ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવે છે.</td></tr>
<tr><td>0</td><td colspan="6">એક પણ વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરવામાં આવતી નથી.</td></tr>
<tr><td rowspan="7">1.4.6</td><td rowspan="7">જે શીખ્યા હોય તેના વિશે વાત કરવી</td><td></td><td colspan="6">તાસના અંતે વિદ્યાર્થીઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે.</td></tr>
<tr><td>5</td><td colspan="6">તમામ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે.</td></tr>
<tr><td>4</td><td colspan="6">મોટા ભાગના વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે.</td></tr>
<tr><td>3</td><td colspan="6">અડધાથી વધુ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે.</td></tr>
<tr><td>2</td><td colspan="6">અડધાથી ઓછા વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે.</td></tr>
<tr><td>1</td><td colspan="6">થોડાક જ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકે છે.</td></tr>
<tr><td>0</td><td colspan="6">કોઈ પણ વિદ્યાર્થી તેઓ જે શીખ્યા છે તેના વિશે વાત કરી શકતા નથી.</td></tr>
</table>

## પેટાક્ષેત્ર 1.5 : અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા

શિક્ષણની અસરકારકતાનો આધાર શિક્ષક દ્વારા વર્ગખંડમાં હાથ ધરવામાં આવતી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓની સફળતા પર રહેલો છે. શિક્ષક જે તે વિષયને અનુલક્ષીને વિવિધ અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવા માટે પ્રયત્નશીલ હોય છે. આ માટે શિક્ષકની વર્ગખંડ શિક્ષણ સંદર્ભની તૈયારી, જે તે અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓના સંદર્ભમાં શિક્ષણકાર્ય, વર્ગખંડ પ્રક્રિયાને જીવંત બનાવવા માટે તેમજ શિક્ષણની પ્રક્રિયાને દ્વિ-ધ્રુવી બનાવવા માટે શિક્ષક દ્વારા વિદ્યાર્થીની ભાગીદારી

વધારવા કરવામાં આવતા પ્રયત્નો અને વર્ગખંડની વિવિધ પ્રક્રિયાઓમાં તમામ વિદ્યાર્થીઓની સમાન ભાગીદારી સુનિશ્ચિત કરી વર્ગખંડ પ્રક્રિયાને સફળતા અર્પવા પ્રયત્ન કરે છે. આ પેટાક્ષેત્ર હેઠળ શિક્ષકના આવા પ્રયત્નોની નોંધ લેવામાં આવશે.

| પેટાક્ષેત્ર 1.5: અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાઓ | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **1.5.1** | અધ્યાપન માટેની તૈયારી |
| **1.5.2** | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય |
| **1.5.3** | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો |
| **1.5.4** | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન |
| **1.5.5** | અધ્યયનમાં સમાન તક |

આ માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે. અહીં પ્રત્યેક માપદંડની નીચે આપવામાં આવેલ ટેબલ્સ CRC કો-ઓર્ડીનેટરશ્રીને મળનાર ચેકલિસ્ટ/ચેટબોટનો ભાગ છે. જેમાં તેમણે ઇન્ડીકેટરની ઉપલબ્ધતા અને ઉપલબ્ધિના કિસ્સામાં ગુણવત્તા દર્શાવતા યોગ્ય ખાના સામે **'Y'** કરવાનો રહેશે.

માપદંડોને ચકાસવા માટે પ્રત્યેક માપદંડ દીઠ નીચે મુજબના ઇન્ડીકેટર્સ નિયત કરવામાં આવ્યા છે.

## માપદંડ 1.5.1: અધ્યાપન માટેની તૈયારી

શિક્ષણની પ્રક્રિયાનો સફળતાનો આધાર તેના માટે કરવામાં આવતા સુચારુ આયોજન પર છે. શિક્ષક પોતાના અનુભવો અને અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓની જાણકારી થકી વર્ગખંડની પ્રક્રિયાઓનું દૈનિક આયોજન કરતા હોય છે. આ આયોજનની સાથોસાથ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રક્રિયાઓમાં કેવી રીતે સંમિલિત કરી શકાય તે બાબતો પણ વિચારેલ હોય છે. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી શક્ય બને તો જ અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવાની શક્યતાઓમાં વધારો થતો હોય છે. આથી આ માપદંડ હેઠળ શિક્ષકની આવી સજ્જતાની ચકાસણીનો આશય રાખવામાં આવ્યો છે.

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક દ્વારા દૈનિક નોંધપોથીમાં અધ્યયન નિષ્પત્તિ કેન્દ્રી અધ્યાપન કાર્ય માટેનું આયોજન કરેલ છે. | | | | | | | |
| 2 | શિક્ષકની દૈનિક નોંધપોથીમાં કરવામાં આવેલ આયોજનને આચાર્ય દ્વારા ચકાસાયેલ છે. | | | | | | | |
| 3 | શિક્ષક તાસની શરૂઆતમાં વિદ્યાર્થીઓને અધ્યયન માટે  તત્પર બનાવવા પ્રયાસ કરે છે. | | | | | | | |
| 4 | શિક્ષક તાસની શરૂઆત વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો આધાર લઈને કરે છે. | | | | | | | |
| 5 | તાસની શરૂઆતમાં શિક્ષક વિદ્યાર્થીઓ તે તાસમાં શું શીખવાના છે તેના વિશે વાત કરે છે. | | | | | | | |
| 6 | શિક્ષક વર્ગખંડમાં જેતે તાસ માટેની જરૂરી તમામ શૈક્ષણિક સાધન સામગ્રીની હાજરી સુનિશ્ચિત કરે છે. | | | | | | | |

## માપદંડ 1.5.2: અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય

શિક્ષક દ્વારા કરવામાં આવેલ પૂર્વ આયોજનને તે વર્ગખંડમાં અમલમાં મૂકે છે. શૈક્ષણિક પ્રક્રિયાઓને વધુ બહેતર બનાવવા માટે વિવિધ શૈક્ષણિક સાધનોનો વર્ગખંડમાં ઉપયોગ કરે છે અને અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ અર્થે વિવિધ અધ્યાપન પદ્ધતિઓ અને પ્રવિધિઓ અજમાવે છે. શિક્ષકના આવા પ્રયત્નોની ચકાસણી આ માપદંડ હેઠળ કરવાનો આશય છે.

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક અધ્યયન નિષ્પત્તિ અનુસાર તૈયાર કરેલ શૈક્ષણિક આયોજનનો અમલ કરે છે. | | | | | | | |
| 2 | વર્ગખંડમાં અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ અધ્યયન - અધ્યાપન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. | | | | | | | |
| 3 | અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ અધ્યયન - અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ થાય છે. | | | | | | | |
| 4 | આચાર્ય દ્વારા વર્ગખંડ નિરીક્ષણની લોગ બુક નિભાવવામાં આવે છે. | | | | | | | |

## માપદંડ 1.5.3: શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો

શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રક્રિયામાં સામેલ કરવા માટે વિવિધ પ્રશ્નો પૂછવામાં આવે છે. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની વિભાવના અનુસાર વર્ગખંડકાર્ય દરમિયાન પ્રશ્નો પૂછીને શિક્ષક વિદ્યાર્થીઓ અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરી રહ્યા છે કે કેમ તેની ચકાસણી કરી શકે છે. વર્ગખંડકાર્ય દરમિયાન જ કચાશ દૂર કરવા પ્રયત્ન કરી શકે છે. તેમજ ગુણવત્તાયુકત – વિચારપ્રેરક પ્રશ્નોથી શિક્ષક વિદ્યાર્થીઓની વિચારણા અને અભિવ્યક્તિને ખીલવવામાં મદદરૂપ થાય છે. રાજ્ય – રાષ્ટ્ર કક્ષાએ લેવાતી વિવિધ પરીક્ષાઓ અને યોજાતા સર્વેક્ષણોમાં પણ ઉચ્ચ ચિંતન કૌશલ્ય આધારિત પ્રશ્નો પૂછાતા હોય ત્યારે આવા સારા પ્રશ્નોનો મહાવરો વર્ગખંડકાર્યમાં થાય તે અપેક્ષિત છે. આથી આ માપદંડ હેઠળ વર્ગખંડકાર્ય દરમિયાન શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો, તેની ગુણવત્તા અને તેના આધારે થતા વર્ગખંડ વયવહાર અંગેની જાણકારી મેળવવાનો આશય છે.

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક પ્રશ્નો પૂછે છે. | | | | | | | |
| 2 | શિક્ષક પેટા/પૂરક પ્રશ્નો પૂછે છે. | | | | | | | |
| 3 | શિક્ષક વિચારપ્રેરક પ્રશ્નો પૂછે છે. | | | | | | | |
| 4 | શિક્ષક મુક્ત જવાબી પ્રશ્નો પૂછે છે. | | | | | | | |

## માપદંડ 1.5.4: વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની વિભાવના અનુસાર વિદ્યાર્થીઓ જે તે શૈક્ષણિક હેતુને અનુલક્ષીને અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરી રહ્યા છે કે કેમ? તેનું તત્કાલીન આકલન થવું જરૂરી છે. વર્ગખંડ પ્રક્રિયાને અંતે શિક્ષક દ્વારા વિવિધ પ્રવિધિઓ અપનાવી શૈક્ષણિક પ્રક્રિયાની શી નીપજ છે તેની જાણકારી મેળવવામાં આવે છે. આ માટે GCERT દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની નીતિ અંતર્ગત રચનાત્મક મૂલ્યાંકન માટેનું ફોર્મેટ -A તૈયાર કરેલ છે. આ ફોર્મેટ -A અનુસાર શિક્ષક દ્વારા કેવી પ્રવિધિ અપનાવાય છે તે આ માપદંડ હેઠળ ચકાસવાનો આશય છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | શિક્ષક દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનું ફોર્મેટ -A નિભાવવામાં આવે છે. | | | | | | | |
| 2 | સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનાં ફોર્મેટ -Aમાં અધ્યયનના હેતુઓ દર્શાવેલ છે. | | | | | | | |
| 3 | ફોર્મેટ -A પરથી જોઇ શકાય છે કે નિયમિત રીતે વિદ્યાર્થીઓનું આકલન થાય છે. | | | | | | | |
| 4 | તાસના અંતે શીખેલા મુદ્દાઓનું આકલન (Assessment) કરવામાં આવે છે. | | | | | | | |

Guideline (Draft)

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 5 | શિક્ષકો અધ્યયનને સુધારવા માટે વિદ્યાર્થીઓને પ્રતિપોષણ આપે છે. | | | | | | | |

## માપદંડ 1.5.5: અધ્યયનમાં સમાન તક

શિક્ષણની પ્રક્રિયામાં તમામ વિદ્યાર્થીઓની સમાન ભાગીદારી હોવી એ ખૂબ મહત્ત્વનો આયામ છે. શિક્ષક વર્ગખંડ શિક્ષણ દરમિયાન તમામ વિદ્યાર્થીઓને અધ્યયન માટે પ્રેરિત કરે અને અધ્યયનમાં સામેલ કરે તો સૌની સિદ્ધિ શક્ય બનાવી શકાય. જેથી શિક્ષકની તમામ વિદ્યાર્થીઓને અધ્યયનની પ્રક્રિયામાં સામેલ કરવા બાબતની ચકાસણી આ માપદંડ હેઠળ કરવાની છે.

| ક્રમ | ઈન્ડીકેટર | ધોરણ | વર્ગ | વિષય | અવલોકન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા કે ના | ઉત્તમ | મધ્યમ | નબળું |
| 1 | વર્ગખંડ કાર્યમાં કુમારો અને કન્યાઓની સપ્રમાણ ભાગીદારી જોવા છે. (લાગુ પડતું હોય તેવી શાળાઓમાં) | | | | | | | |
| 2 | વર્ગખંડ કાર્યમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા (CWSN) વિદ્યાર્થીઓની ભાગીદારી માટે પ્રયત્ન કરવામાં આવે છે. | | | | | | | |
| 3 | શિક્ષક વર્ગખંડ કાર્ય/પ્રવૃત્તિમાં તમામ વિદ્યાર્થીઓને જોડવા પ્રયત્ન કરે છે. | | | | | | | |
| 4 | વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વિદ્યાથીઓ (CWSN) માટે વિશિષ્ટ શિક્ષક (Special Teacher) શાળાની મુલાકાત લે છે. | | | | | | | |

આ પેટાક્ષેત્ર અંતર્ગત શાળાએ પ્રત્યેક માપદંડમાં મેળવેલ સ્કોરને આધારે તેને 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તર પ્રાપ્ત થશે.

Guideline (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ<br>5 | ખૂબ સારું<br>4 | સારું<br>3 | મધ્યમ<br>2 | નબળું<br>1 | બિલકુલ નહીં<br>0 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1.5.1 | અધ્યાપન માટેની તૈયારી | | શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટેની પૂર્વ-તૈયારીરૂપ ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે તે આવકાર્ય છે. | | | | | |
| | | 5 | તમામ શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | 1 | થોડાક જ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખે છે. | | | | | |
| | | 0 | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રક્રિયામાં સાંકળવા માટે ઉચિત સંસાધનો, પાઠ્યપુસ્તકો, તત્પરતા પ્રવૃત્તિઓ તૈયાર રાખતા નથી. | | | | | |
| 1.5.2 | અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય | | શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય કરાવે છે. | | | | | |
| | | 5 | તમામ શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય કરાવે છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | 1 | થોડાક જ શિક્ષકો અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવે છે. | | | | | |
| | | 0 | એક પણ શિક્ષક અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવતા નથી. | | | | | |
| 1.5.3 | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્નો | | શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | 5 | તમામ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| | | 2 | અડધાથી ઓછા શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે | | | | | |
| | | 1 | થોડાક જ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછે છે. | | | | | |
| | | 0 | એક પણ શિક્ષક અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય પ્રશ્નો પૂછતા નથી. | | | | | |
| 1.5.4 | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | | શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. | | | | | |
| | | 5 | તમામ શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરેછે. | | | | | |
| | | 4 | મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. | | | | | |
| | | 2 | અડધાથી ઓછા શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. | | | | | |
| | | 1 | થોડાક જ શિક્ષકો વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરે છે. | | | | | |
| | | 0 | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓનું યોગ્ય રચનાત્મક મૂલ્યાંકન કરતા નથી. | | | | | |
| 1.5.5 | અધ્યયનમાં સમાન તક | | શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. | | | | | |
| | | 5 | તમામ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. | | | | | |
| | | 4 | મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. | | | | | |
| | | 3 | અડધાથી વધુ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે | | | | | |
| | | 2 | અડધાથી ઓછા શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. | | | | | |
| | | 1 | થોડાક જ શિક્ષકો વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપે છે. | | | | | |
| | | 0 | એક પણ શિક્ષક વિદ્યાર્થીઓને અધ્યયન માટે સમાન તક આપતા નથી. | | | | | |

# પ્રકરણ 5 - ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન

## 5.0 પ્રસ્તાવના

પ્રકરણ 4 માં આપણે પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશન ફ્રેમવર્કના ભાગ 1: 2: CRC કો-ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન હેઠળ સમાવિષ્ટ મુખ્યક્ષેત્ર અને તેમાં આવતાં માપદંડો વિશે જાણકારી મેળવી. આ પ્રકરણમાં ફ્રેમવર્કના ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકનમાં સમાવિષ્ટ મુખ્યક્ષેત્ર અને તેના માપદંડોની સમજ આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2018 – 2019 થી પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ઘણા ગુણાત્મક ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્ય કક્ષાએ વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) ઉપલબ્ધ થતાં શાળાઓ દ્વારા વિવિધ પ્રકારના શૈક્ષણિક ડેટા એકત્રિત કરવાનું તેમજ તેના પૃથક્કરણ કરવાનું શક્ય બન્યું છે. આ પ્રકારનો ખૂબ મોટો ડેટાબેઝ અને તેના વિશ્લેષણથી ઊભી થતી સમજ રાજ્યને શિક્ષણક્ષેત્રે ગુણાત્મક ફેરફારો કરવાની – નવતર પહેલો અમલમાં મૂકવા દિશાદર્શન કરે છે. આ ઉપરાંત રાજ્ય પરીક્ષા બોર્ડ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓ અને તેના પરિણામોનો ડેટા પણ રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થાય છે. સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના આ ભાગ હેઠળ શાળાની શૈક્ષણિક ગુણવત્તાની નિર્ધારક એવી બાબતોના રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટાનો આધાર લેવામાં આવશે.

આમ, સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના આ ભાગમાં શાળાઓ દ્વારા સમગ્ર શિક્ષા અને વિદ્યા સમીક્ષા કેન્દ્રને નિયમિત રીતે ઓનલાઇન સબમિટ કરવામાં આવતા ડેટાનો, તેમજ રાજ્ય કક્ષાની શિક્ષણ સંબંધિત વિવિધ કચેરીઓમાં પ્રાપ્ત ડેટા GCERT દ્વારા સીધો જ મેળવવામાં આવશે.

સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન હેઠળ સમાવિષ્ટ મુખ્યક્ષેત્રો અને તેમાં આવતા માપદંડોની વિગત આ પ્રકરણમાં આપવામાં આવી છે.

Guideline (Draft)

## 5.1 મુખ્યક્ષેત્ર 1: અધ્યયન અને અધ્યાપન

રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન હેઠળ આ મુખ્યક્ષેત્રના નીચે મુજબના પેટાક્ષેત્રોનો સમાવેશ થાય છે.

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| 1.1 | સામયિક કસોટી | 1 | 06% |
| 1.2 | સત્રાંત કસોટી 1 અને 2 | 2 | 12% |
| 1.3 | વાંચન, લેખન અને ગણન | 3 | 05% |
| 1.6 | હાજરી | 2 | 05% |

Guideline (Draft)

## પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી

રાજ્યની પ્રાથમિક શાળાઓ દ્વારા રાજ્ય કક્ષાએથી નક્કી થયેલ આયોજન અનુસાર સમયાંતરે વિવિધ વિષયોની સામયિક કસોટીઓ શાળા કક્ષાએ લેવામાં આવે છે. આ કસોટીઓ પૂર્ણ થતાં વિદ્યાર્થીઓની ઉત્તરપોથીઓની ચકાસણી બાદ શાળાઓ દ્વારા નિયમિત રીતે વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની ઓનલાઇન એન્ટ્રી કરવામાં છે. આ પેટાક્ષેત્ર હેઠળ GCERT દ્વારા શાળાના વિદ્યાર્થીઓએ સામયિક કસોટીઓમાં મેળવેલ ગુણની માહિતી વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવામાં આવશે.

| પેટાક્ષેત્ર 1.1: સામયિક કસોટી | |
|---|---|
| ક્રમ | માપદંડ |
| 1.1.6 | સામયિક કસોટીમાં સરેરાશ ગુણ |

આ માપદંડ હેઠળ શાળાઓના વિદ્યાર્થીઓએ સામયિક કસોટીઓમાં મેળવેલ સરેરાશ ગુણને 60 માંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરી સ્કોર આપવામાં આવશે.

## પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી 1 અને 2

રાજ્યની પ્રાથમિક શાળાઓ દ્વારા પ્રત્યેક સત્રના અંતે સત્રાંત કસોટીઓ લેવાય છે. જેની ચકસણી બાદ પ્રત્યેક વિદ્યાર્થીએ કસોટીઓમાં મેળવેલ ગુણની ઓનલાઇન એન્ટ્રી કરવામાં છે. આ પેટાક્ષેત્ર હેઠળ GCERT દ્વારા શાળાના વિદ્યાર્થીઓએ સત્રાંત કસોટીઓમાં મેળવેલ ગુણની માહિતી વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવામાં આવશે.

| પેટાક્ષેત્ર 1.2: સત્રાંત કસોટી 1 અને 2 | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **1.2.4** | સત્રાંત કસોટી-1 માં શાળાએ મેળવેલ ગુણ |
| **1.2.5** | સત્રાંત કસોટી-2 માં શાળાએ મેળવેલ ગુણ |

આ માપદંડ હેઠળ શાળાઓના વિદ્યાર્થીઓએ સત્રાંત કસોટી 1 અને 2 માં મેળવેલ સરેરાશ ગુણને 60 માંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરી સ્કોર આપવામાં આવશે. આમ, આ પેટાક્ષેત્રમાં ઉપરોક્ત બંને માપદંડના મળીને કુલ 120માંથી શાળાને મળવાપાત્ર ગુણને આધારે સ્કોર આપવામાં આવશે.

## પેટાક્ષેત્ર 1.3: વાંચન, લેખન અને ગણન

વાંચન, લેખન અને ગણન કૌશલ્ય એ શાળાશિક્ષણમાં આવતી અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ માટેની પ્રાથમિક આવશ્યકતા છે. આથી જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020)માં Fondational Literacy and Numeracy (FLN) ને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. NEP 2020માં દેશના ધોરણ 3ના તમામ બાળકો વર્ષ 2026 – 27 સુધીમાં આવશ્યક FLN કૌશલ્યો સિદ્ધ કરે તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકની સિદ્ધિ માટે કેન્દ્ર સરકાર દ્વારા 'નિપુણ ભારત' એટલે કે National Initiative for Proficiency in Reading with Understanding and Numeracy (NIPUN) Bharat મિશન હાથ ધરવામાં આવ્યું છે. આ લક્ષ્યાંકની સિદ્ધિની દિશામાં આપણી સ્થિતિનું આકલન થઇ શકે તે હેતુથી

Guideline (Draft)

શૈક્ષણિક વર્ષ 2024 – 25 થી ગુણોત્સવ 2.0માં વાંચન, લેખન અને ગણનને એક પેટાક્ષેત્ર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને નિયમિત રીતે વાંચન, લેખન અને ગણનનો મહાવરો કરાવવામાં આવે છે તેમજ વાંચન, લેખન અને ગણનમાં તેમના પ્રદર્શનની નિયમિત નોંધ રાખવામાં આવે છે. CRC કો – ઓર્ડીનેટર્સ પણ શાળા મુલાકાત દરમિયાન પ્રત્યેક વર્ગના 5 – 5 વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણનની ચકાસણી કરે છે. આમ, આપણા રાજ્યમાં વાંચન, લેખન અને ગણન કૌશલ્યની સિદ્ધિના દિશામાં સતત પયાસ હાથ ધરાઇ જ રહ્યાં છે. ગુણોત્સવ 2.0 માં માત્ર આ પ્રયાસોથી પ્રાપ્ત થયેલ માહિતીનું એકત્રીકરણ કરી તેને સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડનો એક ભાગ બનાવવામાં આવશે.

વાંચન, લેખન અને ગણનમાં શાળાના બાળકોની સ્થિતિના આકલન માટે GCERT દ્વારા શાળાઓને ચોક્કસ માળખું આપવામાં આવેલ છે. શાળાઓ હાલ તે મૂલ્યાંકન માળખા અનુસાર જ કાર્ય કરી રહી છે. હવે, શાળાઓએ આ રીતે કરેલ મૂલ્યાંકનની ઓનલાઇન એન્ટ્રી કરી રાજ્ય કક્ષાએ વાંચન, લેખન અને ગણનનો ડેટા સબમિટ કરવાનો રહેશે.

આ પેટાક્ષેત્ર હેઠળ મૂલ્યાંકન અને ડેટા સબમિશન માટે નીચે મુજબની કાર્યપદ્ધતિ રહેશે.

- **આ પેટાક્ષેત્ર હેઠળ શાળાના ધોરણ 3 ના તમામ વર્ગોના તમામ વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણનની ચકાસણી કરવાની રહેશે**.
- આ ચકાસણી માટે જે તે વિષયના શિક્ષકે [વાંચન અને લેખન માટે ભાષાના શિક્ષકે અને ગણન માટે ગણિતના શિક્ષકે] કામગીરી કરવાની રહેશે.
- વાંચન, લેખન અને ગણનના મૂલ્યાંકન બાદ ધોરણ 3 ના વર્ગ શિક્ષકે આખરી મૂલ્યાંકન પત્રક તૈયાર કરવાનું રહેશે.

Guideline (Draft)

- શાળાના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણનના મૂલ્યાંકન કાર્યની ચકસણી કરી આખરી ડેટા ઓનલાઇન સબમિટ કરવાનો રહેશે. આ માટે આચાર્યશ્રી દ્વારા ધોરણ 3 ના પ્રત્યેક વર્ગના ઓછામાં ઓછા 20% વિદ્યાર્થીઓની રેન્ડમલી પસંદગી કરી તે વિદ્યાર્થીઓ પાસે વાંચન, લેખન અને ગણન કરાવવું. જો વર્ગના 20% વિદ્યાર્થીઓની સંખ્યા 5 કરતા ઓછી થતી હોય તો તેવા કિસ્સામાં ઓછામાં ઓછા 5 વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણનની ચકાસણી કરવાની રહેશે.

આ પેટાક્ષેત્ર હેઠળ સમાવિષ્ટ માપદંડોની વિગત નીચે મુજબ છે.

| પેટાક્ષેત્ર 1.3: વાંચન, લેખન અને ગણન | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **1.3.1** | **વાંચન** |
| **1.3.2** | **લેખન** |
| **1.3.3** | **ગણન** |

આ ત્રણ માપદંડ હેઠળ શાળાઓને નીચે દર્શાવ્યા મુજબની વિગતોની ચકાસણી કરી મૂલ્યાંકન પત્રક તૈયાર કરવાનું રહેશે અને શાળાના આચાર્યશ્રીએ તેની ખરાઇ કરી વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા સૂચવવામાં આવે તે માધ્યમથી ઓનલાઇન સબમિટ કરવાનો રહેશે.

## માપદંડ 1.3.1: વાંચન

આ માપદંડ હેઠળ શાળાના ધોરણ 3 ના પ્રત્યેક બાળક માટે નીચેના પત્રકમાં દર્શાવ્યા અનુસાર મૂલ્યાંકન કરવાનું રહેશે. આ માટે બીજા ધોરણના પાઠ્યપુસ્તકો/ અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરવાનો રહેશે.

Guideline (Draft)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વાંચન મૂલ્યાંકનના હેતુ | | | | | | | | | | મેળવેલ ગુણ (10 માંથી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મૂળાક્ષરો ઓળખે છે. | સાદા શબ્દોનું વાચન કરે છે. | કાનાવાળા શબ્દોનું વાચન કરે છે. | (ે) એકમાત્રાવાળા શબ્દોનું વાચન કરે છે. | (િ, ી) હ્રસ્વ, દીર્ઘ ઇ વાળા શબ્દોનું વાચન કરે છે. | (ુ, ૂ) હ્રસ્વ, દીર્ઘ ઉ વાળા શબ્દોનું વાચન કરે છે. | (ં) અનુસ્વારવાળા શબ્દોનું વાચન કરે છે. | (ૈ, ૌ) વાળા શબ્દોનું વાચન કરી શકે છે. | જોડાક્ષરવાળા શબ્દોનું વાચન કરે છે. | સાદા અને સરળ વાક્યોનું વાચન કરે છે. | |
| | | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 10 |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

આ માપદંડ માટે GCERT દ્વારા જરૂરી ડેટા વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવામાં આવશે. આ માપદંડ હેઠળ શાળાઓના વિદ્યાર્થીઓએ વાંચનમાં મેળવેલ સરેરાશ ગુણને 16 માંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરીને શાળાને સ્કોર આપવામાં આવશે.

## માપદંડ 1.3.2 : લેખન

આ માપદંડ હેઠળ શાળાના ધોરણ 3 ના પ્રત્યેક બાળક માટે નીચેના પત્રકમાં દર્શાવ્યા અનુસાર મૂલ્યાંકન કરવાનું રહેશે. આ માટે બીજા ધોરણના પાઠ્યપુસ્તકો/ અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરવાનો રહેશે.

Guideline (Draft)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | લેખન મૂલ્યાંકનના હેતુ | | | | | | | | | | મેળવેલ ગુણ (10 માંથી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મૂળાક્ષરો ઓળખી લખે છે. | સાદા શબ્દોનું લેખન કરે છે. | કાનાવાળા શબ્દોનું લેખન કરે છે. | (ે) એકમાત્રા વાળા શબ્દોનું લેખન કરે છે. | (િ,ી) હ્રસ્વ,દીર્ઘ ઇ વાળા શબ્દોનું લેખન કરે છે. | (ુ,ૂ) હ્રસ્વ,દીર્ઘ ઉ વાળા શબ્દોનું લેખન કરે છે. | (ં) અનુસ્વાર વાળા શબ્દોનું લેખન કરે છે. | (ૈ,ૌ) વાળા શબ્દોનું લેખન કરી શકે છે. | જોડાક્ષરવાળા શબ્દોનું લેખન કરે છે. | સાદા અને સરળ વાક્યોનું લેખન કરે છે. | |
| | | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 10 |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

આ માપદંડ માટે GCERT દ્વારા જરૂરી ડેટા વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવામાં આવશે. આ માપદંડ હેઠળ શાળાઓના વિદ્યાર્થીઓએ લેખનમાં મેળવેલ સરેરાશ ગુણને 17 માંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરીને શાળાને સ્કોર આપવામાં આવશે.

## માપદંડ 1.3.3: ગણન

આ માપદંડ હેઠળ શાળાના ધોરણ 3 ના પ્રત્યેક બાળક માટે નીચેના પત્રકમાં દર્શાવ્યા અનુસાર મૂલ્યાંકન કરવાનું રહેશે. આ માટે બીજા ધોરણના પાઠ્યપુસ્તકો/ અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરવાનો રહેશે.

Guideline (Draft)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગણન મૂલ્યાંકનના હેતુ | | | | | | | | | | મેળવેલ ગુણ (10 માંથી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા વાચન અને લેખન 1 થી 100 સુધી કરી શકે છે. | સ્થાનકિંમત દશક સુધી અને સંખ્યાનો સ્થાન પ્રમાણે વિસ્તાર કરી શકે છે. | સંખ્યાનો ક્રમ (ની આગળ,ની પાછળ, ની વચ્ચે) લખી શકે છે. | નાની-મોટી સંખ્યા ઓળખી શકે છે. (ત્રણ અંક સુધીની) | સંખ્યાને ચડતા-ઉતરતા ક્રમમાં મૂકી શકે છે. (ત્રણ અંક સુધી) | 99 થી વધે નહી તેવી સંખ્યાઓના વદી વગરના સરવાળા કરી શકે છે. | 99 થી વધે નહી તેવી સંખ્યાઓના વદી સાથેના સરવાળા કરી શકે છે. | બે અંકોવાળી દશકા વગરની બાદબાકી કરી શકે છે. | બે અંકોવાળી દશકાવાળી બાદબાકી કરી શકે છે. | વ્યવહારુ કોયડા સમજી સરવાળા-બાદબાકી કરી શકે છે. | |
| | | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 10 |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

આ માપદંડ માટે GCERT દ્વારા જરૂરી ડેટા વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવામાં આવશે. આ માપદંડ હેઠળ શાળાઓના વિદ્યાર્થીઓએ ગણનમાં મેળવેલ સરેરાશ ગુણને 17 માંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરીને શાળાને સ્કોર આપવામાં આવશે.

## પેટાક્ષેત્ર 1.6: શાળામાં હાજરી

રાજ્યની પ્રાથમિક શાળાઓ દ્વારા વર્ષ 2018 – 19ની શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની દૈનિક હાજરીની વિગતો ઓનલાઇન સબમિટ કરવામાં આવે છે. જેનો ડેટા વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ઉપલબ્ધ થાય છે. આ પેટાક્ષેત્રમાં ગુણાંકન માટે જરૂરી ડેટા GCERT દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવમાં આવશે. આ પેટાક્ષેત્ર હેઠળ નીચે મુજબના બે માપદંડનો સમાવેશ થાય છે.

Guideline (Draft)

| પેટાક્ષેત્ર 1.6: શાળામાં હાજરી | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **1.6.1** | શાળાની સરેરાશ હાજરી |
| **1.6.2** | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની સરેરાશ હાજરી |

## માપદંડ 1.6.1 : શાળાની સરેરાશ હાજરી

આ માપદંડ માટે GCERT દ્વારા જરૂરી ડેટા વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવવામાં આવશે. આ માપદંડ હેઠળ શાળાની સરેરાશ હાજરીને 40માંથી મળવાપાત્ર ગુણમાં રૂપાંતરિત કરીને શાળાને સ્કોર આપવામાં આવશે.

## માપદંડ 1.6.2 : જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની સરેરાશ હાજરી

આ માપદંડ હેઠળ શાળાની સરેરાશ હાજરીની જિલ્લાની સરેરાશ હાજરી સાથેની તુલનાને આધારે નીચે દર્શાવ્યા મુજબ ‘બિલકુલ નહીં’ થી ‘ઉત્તમ’ માંથી કોઇપણ એક સ્તરમાં મૂકવામાં આવશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **1.6.2** | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની સરેરાશ હાજરી | | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની સરેરાશ હાજરીનું પ્રમાણ | | | | | |
| | | 5 | શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતા 5 થી 10 % વધારે છે. | | | | | |
| | | 4 | શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતા 1 થી 5 % વધારે છે. | | | | | |
| | | 3 | શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી જેટલી છે. | | | | | |
| | | 2 | શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતા 1 થી 5 % ઓછી છે. | | | | | |
| | | 1 | શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતા 5 થી 10 % ઓછી છે. | | | | | |
| | | 0 | શાળાની સરેરાશ હાજરી જિલ્લાની સરેરાશ હાજરી કરતા 10 % થી ઓછી છે. | | | | | |

## 5.2 મુખ્યક્ષેત્ર 4: સંસાધનો અને તેનો ઉપયોગ

ભાગ 3: રાજ્ય કક્ષાએ ઉપબધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન અંતર્ગત આ મુખ્યક્ષેત્રના નીચે મુજબના પેટાક્ષેત્ર અને માપદંડોનો સમાવેશ થાય છે.

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| **4.2** | ટેક્નોલોજીનો ઉપયોગ | 2 | 1.5% |
| **4.3** | મધ્યાહન ભોજન | 2 | 0.5% |

આ પેટાક્ષેત્રો હેઠળ સમાવિષ્ટ માપદંડોની વિગત નીચે મુજબ છે.

## પેટાક્ષેત્ર 4.2: ટેક્નોલોજીનો ઉપાયોગ

રાજ્યની શાળાઓ સમયની સાથે ઉપલબ્ધ થતી શૈક્ષણિક ટેક્નોલોજીથી સજ્જ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા શાળાઓને સમયાંતરે સહાય પૂરી પાડવામાં આવે છે. હાલ શાળાઓ DTH, કમ્પ્યૂટર લેબ, ઇન્ટરનેટ, સ્માર્ટ ક્લાસરૂમ, G-SHALA વગેરે જેવી ટેક્નોલોજીથી સજ્જ છે ત્યારે શાળાના શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે તેનો કેવો ઉપયોગ થાય છે તે જાણવાનો આશય અત્રે રહેલો છે.

| પેટાક્ષેત્ર 4.2: ટેક્નોલોજીનો ઉપયોગ | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **4.2.1** | શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેક્નોલોજીનો ઉપયોગ |
| **4.2.2** | G-SHALA નો ઉપયોગ |

ઉપરોક્ત માપદંડ અંતર્ગત શાળાઓના મૂલ્યાંકન માટે GCERT દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી શાળાના તમામ શિક્ષકો દ્વારા શાળામાં ઉપલબ્ધ શૈક્ષણિક ટેક્નોલોજીનો શૈક્ષણિક કાર્યમાં કેટલો અને કેવો ઉપયોગ થાય છે તેની વિગત

Guideline (Draft)

મેળવવામાં આવશે. જેમાં શિક્ષક દીઠ ઉપયોગમાં લેવાયેલ ટેક્નોલોજીકલ ઉપરકરણ અને તેના ઉપયોગના કલાકોની માહિતી મેળવવામાં આવશે.

### માપદંડ 4.2.1 : શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેકનોલોજીનો ઉપયોગ

આ માપદંડ હેઠળ શાળાના શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે થતાં ટેક્નોલોજીના ઉપયોગને ધ્યાને લઇ શાળાને નીચે દર્શાવ્યા મુજબ 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તરમાં મૂકવામાં આવશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **4.2.1** | **શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ટેકનોલોજીનો ઉપયોગ** | | શાળાના તમામ શિક્ષકો અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે અવારનવાર ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. | | | | | |
| | | 5 | શાળાના **તમામ શિક્ષકો** ટેકનોલોજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય દરમિયાન કરે છે. | | | | | |
| | | 4 | શાળાના **80% શિક્ષકો** ટેકનોલોજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય દરમિયાન કરે છે. | | | | | |
| | | 3 | શાળાના **60% શિક્ષકો** ટેકનોલોજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્યદ રમિયાન કરે છે. | | | | | |
| | | 2 | શાળાના **40% શિક્ષકો** ટેકનોલોજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય દરમિયાન કરે છે. | | | | | |
| | | 1 | શાળાના **20% શિક્ષકો** ટેકનોલોજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્યદરમિયાન કરે છે. | | | | | |
| | | 0 | શાળાના **એક પણ શિક્ષક** ટેકનોલોજીનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય દરમિયાન કરતા નથી. | | | | | |

### માપદંડ 4.2.2 : G-SHALA નો ઉપયોગ

આ માપદંડ હેઠળ વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી પ્રાપ્ત થનાર ડેટા આધારે શાળા દ્વારા G-SHALના ઉપયોગના પ્રમાણને આધારે 10 માંથી ગુણ આપવામાં આવશે.

## પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન

રાજ્યની શાળાઓ દ્વારા મધ્યાહન ભોજનની નિયમિતતા અને તેના લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા ઓનલાઇન સબમિટ કરવામાં આવે છે જે વિદ્યા સમીક્ષા ખાતે ઉપલબ્ધ થાય છે. GCERT દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી આ ડેટા મેળવીને નીચે મુજબની ગુણાંકન યોજના અનુસાર શાળાઓને સ્કોર આપવામાં આવશે.

| પેટાક્ષેત્ર 4.3: મધ્યાહન ભોજન | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **4.3.1** | મધ્યાહન ભોજન યોજનામાં નિયમિતતા |
| **4.3.2** | વિદ્યાર્થીઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો લાભ |

.

### માપદંડ 4.3.1 : મધ્યાહન ભોજન યોજનામાં નિયમિતતા

આ માપદંડ હેઠળ શાળામાં જોવા મળતા સ્તર અનુસાર શાળાને નીચે દર્શાવ્યા મુજબ 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તરમાં મૂકવામાં આવશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **4.3.1** | મધ્યાહન ભોજન યોજનામાં નિયમિતતા | | શાળામાં નિયમિત મધ્યાહન ભોજન યોજના ચાલે છે. | | | | | |
| | | 5 | શાળામાં **90% કે તેનાથી વધુ કાર્ય દિવસો** દરમિયાન મધ્યાહન ભોજન આપવામાં આવેલ છે. | | | | | |
| | | 4 | શાળામાં **80% કે તેનાથી વધુ અને 90% કરતાં ઓછા કાર્ય દિવસો** દરમિયાન મધ્યાહન ભોજન આપવામાં આવેલ છે. | | | | | |
| | | 3 | શાળામાં **60% કે તેનાથી વધુ અને 80% કરતાં ઓછા કાર્ય દિવસો** દરમિયાન મધ્યાહન ભોજન આપવામાં આવેલ છે | | | | | |

Guidelines (Draft)

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| | | 2 | શાળામાં **40% કે તેનાથી વધુ અને 60% કરતાં ઓછા કાર્ય દિવસો** દરમિયાન મધ્યાહન ભોજન આપવામાં આવેલ છે. | | | | | |
| | | 1 | શાળામાં **40% કરતાં ઓછા કાર્ય દિવસો દરમિયાન** મધ્યાહન ભોજન આપવામાં આવેલ છે. | | | | | |
| | | 0 | શાળામાં મધ્યાહન ભોજન આપવામાં આવતું નથી. | | | | | |

## માપદંડ 4.3.2 : વિદ્યાર્થીઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો લાભ

આ માપદંડ હેઠળ શાળામાં જોવા મળતા સ્તર અનુસાર શાળાને નીચે દર્શાવ્યા મુજબ 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઈપણ એક સ્તરમાં મૂકવામાં આવશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| 4.3.2 | વિદ્યાર્થીઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો લાભ | | મધ્યાહન ભોજન યોજનાનો લાભ તમામ વિદ્યાર્થીઓ લે છે. | | | | | |
| | | 5 | શાળામાં હાજર **100% વિદ્યાર્થીઓ** મધ્યાહન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |
| | | 4 | શાળામાં હાજર **80% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** મધ્યાહન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |
| | | 3 | શાળામાં હાજર **60% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** મધ્યાહન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |
| | | 2 | શાળામાં હાજર **50% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** મધ્યાહન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |
| | | 1 | શાળામાં હાજર **40% કે તેથી વધુ વિદ્યાર્થીઓ** મધ્યાહન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |
| | | 0 | શાળામાં હાજર **40% થી ઓછા** વિદ્યાર્થીઓ મધ્યાહન ભોજનનો નિયમિત લાભ લે છે. | | | | | |

## 5.3 મુખ્યક્ષેત્ર 5: રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇ વર્ષ 2022 – 23માં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજનાની અમલમાં મૂકવામાં આવી છે. જેના લાભાર્થી અનુક્રમે પાંચમાં અને આઠમાં ધોરણના વિદ્યાર્થીઓ છે. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના લાભાર્થી નિર્ધારિત નક્કી કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા Common Entrance Test (CET) અને મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજનાના લાભાર્થી નક્કી કરવા માટે મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS) લેવામાં આવે છે. આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાઇબલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ, રક્ષાશક્તિ સ્કૂલ્સ, મોડેલ સ્કૂલ્સ, સરકારી શાળાઓ, અનુદાનિત શાળાઓ તેમજ ખાનગી શાળાઓમાં મેરીટના ધોરણે પ્રવેશ મેળવી શકે છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી આ બંને પરીક્ષાઓ સંબંધિત તમામ માહિતી જેવી કે શાળા વાર પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ, શાળામાંથી પરીક્ષામાં બેસેલ કુલ વિદ્યાર્થીઓ, શાળામાંથી મેરીટમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓ તેમજ શાળાના સરેરાશ પરિણામ જેવી માહિતી રાજ્ય કક્ષાએ રાજ્ય પરીક્ષા બોર્ડના માધ્યમથી ઉપલબ્ધ થાય છે.

સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના આ ભાગ હેઠળ આ મુખ્યક્ષેત્રના નીચે મુજબના પેટાક્ષેત્રો અને માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

| ક્રમ | પેટાક્ષેત્ર | માપદંડની સંખ્યા | ગુણભાર |
|---|---|---|---|
| **5.1** | CET પરીક્ષામાં ભાગીદારી | 3 | 15% |
| **5.2** | CGMS પરીક્ષામાં ભાગીદારી | 3 | 15% |

આ પેટાક્ષેત્રો હેઠળ સમાવિષ્ટ માપદંડોની વિગત નીચે મુજબ છે.

Guideline (Draft)

## પેટાક્ષેત્ર 5.1: CET પરીક્ષામાં ભાગીદારી

| પેટાક્ષેત્ર 5.1: CET પરીક્ષામાં ભાગીદારી | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **5.1.1** | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ |
| **5.1.2** | CET પરીક્ષાના રાજ્ય મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ |
| **5.1.3** | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ |

ઉપરોક્ત માપદંડ અંતર્ગત શાળાઓના મૂલ્યાંકન માટે GCERT દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી માહિતી મેળવવામાં આવશે અને તેના આધારે શાળાઓને નીચે મુજબના માપદંડોમાં ચકાસીને સ્કોર આપવામાં આવશે. પ્રત્યેક માપદંડ હેઠળ શાળામાં જોવા મળતા સ્તર અનુસાર શાળાને નીચે દર્શાવ્યા મુજબ 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તરમાં મૂકવામાં આવશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| 5.1.1 | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | | **શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર તમામ વિદ્યાર્થીઓએ CET પરીક્ષામાં ભાગ લીધેલ છે.** | | | | | |
| | | 5 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર તમામ વિદ્યાર્થીઓએ CET પરીક્ષામાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 4 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 80% થી 99% વિદ્યાર્થીઓએ CET માં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 3 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 70% થી 79% વિદ્યાર્થીઓએ CET માં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 2 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 50% થી 69% વિદ્યાર્થીઓએ CET માં ભાગ લીધેલ છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ | ખૂબ સારું | સારું | મધ્યમ | નબળું | બિલકુલ નહીં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| | | 1 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 25% થી 49% વિદ્યાર્થીઓએ CET માં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 0 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી એકપણ વિદ્યાર્થીએ CET પરીક્ષામાં ભાગ લીધો નથી. | | | | | |
| 5.1.2 | CET પરીક્ષાના રાજ્ય મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | | CET પરીક્ષાના રાજ્ય મેરીટમાં શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ થયેલ છે. | | | | | |
| | | | CET પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 20% કે તેથી વધુ વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. | | | | | |
| | | | CET પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 16% થી 19% વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. | | | | | |
| | | | CET પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 12% થી 15% વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. | | | | | |
| | | | CET પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 8% થી 11% વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. | | | | | |
| | | | CET પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 8% થી ઓછા વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. | | | | | |
| | | | CET પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓ પૈકી એકપણ વિદ્યાર્થીનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ નથી. | | | | | |
| 5.1.3 | CET પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | | આ માપદંડ હેઠળ રાજ્ય પરીક્ષા બોર્ડ પાસેથી ઉપલબ્ધ ડેટાના આધારે શાળાના વિદ્યાર્થીઓના CET પરીક્ષામાં સરેરાશ ગુણને આધારે શાળાને 50 માંથી ગુણ આપવામાં આવશે. | | | | | |

## પેટાક્ષેત્ર 5.2 : CGMS પરીક્ષામાં ભાગીદારી

| પેટાક્ષેત્ર 5.2 : CGMS પરીક્ષામાં ભાગીદારી | |
|---|---|
| **ક્રમ** | **માપદંડ** |
| **5.2.1** | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ |
| **5.2.2** | CGMS પરીક્ષાના રાજ્ય મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ |
| **5.2.3** | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ |

ઉપરોક્ત માપદંડ અંતર્ગત શાળાઓના મૂલ્યાંકન માટે GCERT દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી માહિતી મેળવવામાં આવશે અને તેના આધારે શાળાઓને નીચે મુજબના માપદંડોમાં ચકાસીને સ્કોર આપવામાં આવશે. પ્રત્યેક માપદંડ હેઠળ શાળામાં જોવા મળતા સ્તર અનુસાર શાળાને નીચે દર્શાવ્યા મુજબ 'બિલકુલ નહીં' થી 'ઉત્તમ' માંથી કોઇપણ એક સ્તરમાં મૂકવામાં આવશે.

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 | ખૂબ સારું 4 | સારું 3 | મધ્યમ 2 | નબળું 1 | બિલકુલ નહીં 0 |
|---|---|---|---|---|---|---|---|---|
| **5.1.1** | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ | | **શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર તમામ વિદ્યાર્થીઓએ CGMS પરીક્ષામાં ભાગ લીધેલ છે.** | | | | | |
| | | 5 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર તમામ વિદ્યાર્થીઓએ CGMS પરીક્ષામાં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 4 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 80% થી 99% વિદ્યાર્થીઓએ CGMS માં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 3 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 70% થી 79% વિદ્યાર્થીઓએ CGMS માં ભાગ લીધેલ છે. | | | | | |
| | | 2 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 50% થી 69% વિદ્યાર્થીઓએ CGMS માં ભાગ લીધેલ છે. | | | | | |

| ક્રમ | માપદંડ | સ્કોર | ઉત્તમ 5 / ખૂબ સારું 4 / સારું 3 / મધ્યમ 2 / નબળું 1 / બિલકુલ નહીં 0 |
|---|---|---|---|
| | | 1 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી 25% થી 49% વિદ્યાર્થીઓએ CGMS માં ભાગ લીધેલ છે. |
| | | 0 | શાળાના પરીક્ષામાં બેસવાપાત્ર વિદ્યાર્થીઓ પૈકી એકપણ વિદ્યાર્થીએ CGMS પરીક્ષામાં ભાગ લીધો નથી. |
| **5.1.2** | CGMS પરીક્ષાના રાજ્ય મેરીટમાં વિદ્યાર્થીઓનો સમાવેશ | | CGMS પરીક્ષાના રાજ્ય મેરીટમાં શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ થયેલ છે. |
| | | | CGMS પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 20% કે તેથી વધુ વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. |
| | | | CGMS પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 16% થી 19% વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. |
| | | | CGMS પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 12% થી 15% વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. |
| | | | CGMS પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 8% થી 11% વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. |
| | | | CGMS પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓના 8% થી ઓછા વિદ્યાર્થીઓનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ છે. |
| | | | CGMS પરીક્ષામાં ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓ પૈકી એકપણ વિદ્યાર્થીનો રાજ્ય મેરીટમાં સમાવેશ થયેલ નથી. |
| **5.1.3** | CGMS પરીક્ષામાં વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ | | આ માપદંડ હેઠળ રાજ્ય પરીક્ષા બોર્ડ પાસેથી ઉપલબ્ધ ડેટાના આધારે શાળાના વિદ્યાર્થીઓના CGMS પરીક્ષામાં સરેરાશ ગુણને આધારે શાળાને 50 માંથી ગુણ આપવામાં આવશે. |

# પ્રકરણ 6 - સ્કૂલ એક્રેડિટેશન ભાગ 4: ક્રોસ વેરિફિકેશન

## 6.0 પ્રસ્તાવના

અગાઉના પ્રકરણોમાં જોયા અનુસાર પ્રાથમિક શાળાઓના સ્કૂલ એક્રેડિટેશનના ત્રણ ભાગ પડે છે. આ ત્રણ ભાગ છે: 1. સ્વ-મૂલ્યાંકન, 2. CRC કો- ઓર્ડીનેટર દ્વારા મૂલ્યાંકન અને 3. રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ થતા ડેટા આધારિત મૂલ્યાંકન. સ્કૂલ એક્રેડિટેશનના આ ત્રણેય ભાગના પરિણામો એક સાથે જોડતા શાળાનું એક કામચલાઉ પરિણામ તૈયાર થશે.

ત્યારબાદ શૈક્ષણિક વર્ષ દરમિયાન એક્રેડિટેશન થયેલ શાળાઓ પૈકીની 33% સુધીની શાળાઓમાં થયેલ સમગ્ર એક્રેડિટેશન પ્રક્રિયાનું Verifiers દ્વારા ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. ક્રોસ વેરિફિકેશન માટેની શાળાઓની પસંદગી યાદચ્છિક રીતે (randomly) કરવામાં આવશે. આ માટે રાજ્ય કક્ષાએથી પ્રાથમિક વિભાગમાંથી મદદનીશ કેળવણી નિરીક્ષક અને પ્રાથમિક શાળાઓના આચાર્યો (Head Teachers) જ્યારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો (શિક્ષણ સેવા વર્ગ 2) ને કામગીરી સોંપવામાં આવશે.

સ્કૂલ એક્રેડિટેશનની પ્રક્રિયાના આ ચોથા ભાગમાં કામગીરી કરનાર Verifiers એ નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

## 6.1 VERIFIERS માટેની માર્ગદર્શક સૂચનાઓ

Verifier ની કામગીરી સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયાનું મહત્ત્વનું ચરણ છે. Verifier દ્વારા શાળા દ્વારા થયેલ મૂલ્યાંકન તેમજ CRC કો- ઓર્ડીનેટર દ્વારા થયેલ મૂલ્યાંકન અને શાળા દ્વારા નિયમિત રીતે રાજ્ય કક્ષાએ ઓનલાઇન સબમિટ કરવામાં આવતા ડેટાની નિષ્પક્ષ અને સચોટ રીતે ચકાસણની કરવાની થશે. આ માટે તેમના દ્વારા નીચે મુજબની સૂચનાઓનું પાલન થાય તે આવશ્યક છે.

Guideline (Draft)

## શાળાની મુલાકાત પહેલાં

1. રાજ્ય કક્ષાએથી વેરિફિકેશન માટે શાળા ફાળવવામાં એટલે ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા ફાળવવમાં આવેલ શાળાના આચાર્યશ્રી સાથે ટેલિફોનિક સંપર્ક કરી શાળાના સ્કૂલ એક્રેડિટેશનના વેરિફિકેશન માટેના દિવસની જાણ કરવી.
2. શાળાનો ટેલિફોનિક સંપર્ક કરતા વેરિફિકેશનના દિવસે કોઇ અનિવાર્ય કારણોસર કામગીરી શક્ય ન બને તેવું જણાય તો તરત જ તેની જાણ GCERT ખાતે કાર્યરત GSQAC STATE TEAM ના આપના જિલ્લાના સંબંધિત પ્રતિનિધિ અધિકારીને જાણ કરવી અને તેમની સૂચના અનુસાર આગળની કાર્યવાહી કરવી.
3. અનિવાર્ય કારણોસર આપને ફાળવવામાં આવેલ વેરિફિકેશન શિડ્યુલમાં આપ રજા પર જવાનું બને કોઇ આકસ્મિક કારણોસર તમે શાળાએ પહોંચી શકો તેમ ન હો GCERT ખાતે કાર્યરત GSQAC STATE TEAM ના આપના જિલ્લાના સંબંધિત પ્રતિનિધિ અધિકારીને જાણ કરવી અને તેમની સૂચના અનુસાર આગળની કાર્યવાહી કરવી.
4. વેરિફિકેશન માટે શાળાએ જતા પહેલાં વેરિફિકેશન માટે જરૂરી તમામ સાહિત્ય અને સાધન-સામગ્રી સાથે જ છે તેની ખાતરી કરવી.

## શાળાની મુલાકાતના દિવસે

1. વેરિફિકેશનના દિવસે શાળાની પ્રાર્થનાસભાના સમય પહેલા શાળામાં પહોંચવું.
2. પ્રાર્થનાસભામાં પૂર્ણ સમય ઉપસ્થિત રહેવું.
3. પ્રાર્થનાસભામાં Verifier કોઇ પ્રાસંગિક ઉદ્દબોધન ન કરે તે અપેક્ષિત છે.
4. પ્રાર્થનાસભા બાદ Verifier એ શાળાના આચાર્ય, સ્ટાફ અને SMC ના સભ્યો (જો હાજર હોતે તો) તેમની સાથે 5 થી 10 મિનિટની નાનકડી મિટિંગ કરી શાળા મુલાકાતનો હેતુ સ્પષ્ટ કરી સમગ્ર દિવસની કાર્યયોજના સ્પષ્ટ કરવી.

Guideline (Draft)

5. Verifier એ વેરિફિકેશનના દિવસે શાળાના નિયત સમયપત્રકમાં ફેરફાર કરવો નહીં. જો મુલાકાતના દિવસે જે વર્ગ અને વિષયના વર્ગખંડકાર્યનું અવલોકન કરવાનું છે તે શિક્ષક/ શિક્ષકોના તાસ ન આવતા હોય તો જ આચાર્યશ્રીને તે મુજબ તાસની ગોઠવણ કરવા પ્રાર્થનાસભા બાદની મિટિંગમાં જણાવવું.
6. વેરિફિકેશનના દિવસે જેમના વર્ગખંડકાર્યનું અવલોકન કરવાનું છે તે શિક્ષક/ શિક્ષકો રજા હોય તો તેમના બદલે કોના વર્ગખંડકાર્યનું અવલોકન કરવું તે માટે GCERT ખાતે કાર્યરત GSQAC STATE TEAM ના આપના જિલ્લાના સંબંધિત પ્રતિનિધિ અધિકારીનો અભિપ્રાય લેવો.
7. વેરિફિકેશન દરમિયાન જરૂર ન હોય ત્યાં સુધી શાળાના કોઇપણ શિક્ષકને પોતાની સાથે કામગીરીમાં રોકી રાખીએ નહીં.
8. વર્ગખંડકાર્યના અવલોકન વખતે Verifier એ વર્ગખંડ પ્રકિયામાં તેમના તરફથી કોઇપણ પ્રકારનો વિક્ષેપ ઊભો ન થાય તે થાય તેની ખાતરી કરવાની રહેશે.
9. વેરિફિકેશન દરમિયાન કોઇપણ માપદંડમાં શાળા દ્વારા અનિયમિતતા ધ્યાને આવતી હોય તો તેના આધારોની યોગ્ય નોંધ કરવાની રહેશે તેમજ તે આધારોને ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.
10. વેરિફિકેશનના દિવસે Verifier માત્ર તેમની કામગીરીમાં જ લક્ષ્ય આપશે તે સિવાયની શાળાની અન્ય બાબતોમાં રસ લેશે નહીં.
11. વેરિફિકેશન દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવાની કે કોઇ માહિતી મેળવવાની થાય ત્યારે બાળ સુરક્ષાની માર્ગદર્શિકાને અનુસરવાની રહેશે.
12. SMC અધ્યક્ષ, SMC ના સભ્યો અને સમુદાયના અન્ય સભ્યોની શાળામાં ઉપસ્થિતિ જરૂરી નથી. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે કરવાની થતી ચર્ચા સંદર્ભે Verifier એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે જ્યારે શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય ચર્ચા માટે ઉપસ્થિત રહેવાની અનુકૂળતા હોય ત્યારે જ ચર્ચા માટે બોલાવવાના રહેશે. SMCના તમામ સભ્યો ઉપસ્થિત રહે તે પણ અપેક્ષિત નથી.

Guideline (Draft)

13. વેરિફિકેશન માટેના દિવસે સમગ્ર દિવસ દરમિયાન શાળામાં ઉપસ્થિત રહી કામગીરી કરવાની રહેશે.
14. Verifier એ માત્ર શાળા કલાકો દરમિયાન જ તેનું કામ પૂર્ણ કરવાનું રહેશે. શાળા સમય પૂર્ણ થયા શાળાના આચાર્ય, સ્ટાફ કે બાળકોને રોકી શકાશે નહીં.
15. વેરિફિકેશનની પ્રક્રિયા દરમિયાન કે વેરિફિકેશન પૂર્ણ થયે Verifier એ શાળાને/ શાળાની કોઇપણ વ્યક્તિને નકારાત્મક રીમાર્ક કરશે નહીં.
16. Verifier એ શાળા છોડતાં પહેલા વેરિફિકેશન માટેનો જરૂરી ડેટા અને આધારો એકત્રિત કરી લીધા હોય તે સુનિશ્ચિત કરી લેવું.
17. વેરિફિકેશનની શાળા પાસેથી Verifier કોઇપણ પ્રકારનો અતિથિસત્કાર ન સ્વીકારે તે અપેક્ષિત છે. જો કે શાળા તરફથી અપાતા ચા/કોફી – પાણી લઇ શકે છે.

## શાળાની મુલાકાત બાદ

1. વેરિફિકેશન બાદ Verifier એ વેરિફિકેશન માટે ઉપયોગમાં લેવાયેલ ચેકલિસ્ટ, વેરિફિકેશન ફોર્મ અને પુરાવાઓને યોગ્ય રીતે સ્ટોર કરી લેવા - દા.ત. આવો દૈનિક બેકઅપ તેમના ગૂગલ ડ્રાઇવ, ડ્રોપ બૉક્સ, પર્સનલ કમ્પ્યૂટર વગેરેમાં રાખવો.
2. ભવિષ્યના સંદર્ભ તરીકે રાજ્ય કક્ષાએથી આવા ડોક્યુમેન્ટ્સ – આધારો માટે પૂછવામાં આવે તો Verifierએ આવા પુરાવા રજૂ કરવાના રહેશે.
3. રાજ્ય કક્ષાએથી સૂચના આપવામાં આવે તે મુજબ નિયત સમયમર્યાદામાં વેરિફિકેશનનો ડેટા અને સંબંધિત આધારો સબમિટ કરવાના રહેશે.
4. Verifier એ વેરિફિકેશન અંગેની માહિતી – ડેટા ગોપનીય રાખવાના રહેશે.

Guideline (Draft)

# પ્રકરણ 7 - સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ અને સ્કૂલ રિપોર્ટ કાર્ડ

## 7.0 પ્રસ્તાવના

GCERT દ્વારા વર્ષ 2019 – 20 થી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓ અને વર્ષ 2023 – 24 થી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું એક્રેડિટેશન કરવામાં આવે છે. વર્ષ 2024 સુધીમાં પ્રાથમિક શાળાઓના એક્રેડિટેશનના 4 રાઉન્ડ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના એક્રેડિટેશનનો 1 રાઉન્ડ પૂર્ણ કરવામાં આવેલ છે. આ પ્રત્યેક રાઉન્ડને અંતે શાળાઓને તેમના સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ રિપોર્ટ કાર્ડના શાળાઓએ મેળવેલ ગ્રેડ ઉપરાંત પ્રત્યેક માપદંડમાં શાળાના પ્રદર્શનને દર્શાવવામાં આવે છે. જેથી શાળા તેની આગામી શાળા વિકાસ યોજના તૈયાર કરવા માટે તેનો બેઝલાઇન અસેસમેન્ટમાં ઉપયોગ કરી શાળાના શૈક્ષણિક લક્ષ્યાંકો નક્કી કરી શકે છે. આ પ્રકરણમાં ગુણોત્સવ 2.0 (સ્કૂલ એક્રેડિટેશન)માં ઉપયોગમાં લેવાતી ગ્રેડિંગ પદ્ધતિ અને એક્રેડિટેશન બાદ શાળાઓને આપવામાં આવતા રિપોર્ટ કાર્ડ વિશે વાત કરવામાં આવી છે.

## 7.1 સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ

ગુણોત્સવ 2.0 અંતર્ગત શાળાઓને તેમના પરિણામને આધારે D થી લઇ A+ સુધીના ગ્રેડ આપવામાં આવે છે. આ ઉપરાંત શાળાઓને પરિણામના આધારે કલર કેટેગરીમાં પણ વિભાજીત કરવામાં આવે છે. વધુમાં 75% કે તેથી વધુ સ્કોર કરનાર શાળાઓને પ્રત્યેક 5%ના અંતરાલ પર એક સ્ટાર (Star) આપવામાં આવે છે. આમ, 75% થી 100% સુધીનો સ્કોર કરનાર શાળાઓને તેમના સ્કોર અનુસાર 1 સ્ટાર થી લઇને 5 સ્ટાર આપવામાં આવે છે. શાળાઓને અપાતા ગ્રેડ, કલર કેટેગરી અને સ્ટાર રેન્કિંગની વિગત નીચેના ટેબલમાં આપી છે.

Guideline (Draft)

| સ્કૂલ એક્રેડિટેશન ગ્રેડિંગ પદ્ધતિ | | |
|---|---|---|
| શાળાએ મેળવેલ સ્કોર (%) | સ્કોર આધારિત ગ્રેડ | સ્કોર આધારિત કલર કેટેગરી સ્ટાર રેન્કિંગ |
| 95% - 100% | A+ | ★ ★ ★ ★ ★ |
| 90% - 95% | | ★ ★ ★ ★ |
| 85% - 90% | | ★ ★ ★ |
| 80% - 85% | A | ★ ★ |
| 75% - 80% | | ★ |
| 50% - 75% | B | |
| 25% - 50% | C | |
| 00% - 25% | D | |

## 7.2 સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ

રાજ્યની પ્રત્યેક શાળાને સ્કૂલ એક્રેડિટેશન બાદ તેનો રિપોર્ટ કાર્ડ આપવામાં આવે છે. જે વિવિધ શૈક્ષણિક આયામોનાં શાળાના પ્રદર્શનને દર્શાવતો અરીસો છે. સ્કૂલ રિપોર્ટ કાર્ડમાં શાળાના પ્રદર્શનએ સંખ્યાત્મક, ગુણાત્મક અને આલેખાત્મક રીતે રજૂ કરવામાં આવે છે. આ ઉપરાંત તેમાં શાળાની સારી અને સુધારાત્મક બાબતોનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે. જેથી શાળાને તેની પ્રવર્તમાન સ્થિતિ, ભાવિ દિશા અને પ્રયત્નો નક્કી કરવામાં મદદ મળે છે. પ્રકરણના આ ભાગમાં સ્કૂલ એક્રેડિટેશન રિપોર્ટ કાર્ડનો નમૂનો અને તેની સમજૂતી આપવામાં આવી છે.

સ્કૂલ એકેડિટેશન રિપોર્ટ કાર્ડના કુલ બે પાના (page) છે. પ્રથમ પાનામાં નીચે દર્શાવ્યા મુજબની વિગતોનો સમાવેશ થાય છે.



**GUNOTSAV 2.0 | 2023-24| REPORT CARD**

SCHOOL NAME DISE CODE
DISTRICT BLOCK


सत्यमेव जयते
Government of Gujarat

| ક્ષેત્રો | કુલ ગુણ | મળેલ ગુણ | % મળેલ ગુણ |
|---|---|---|---|
| **અધ્યયન અને અધ્યાપન** | **640** | **574.82** | 89.82% |
| એકમ કસોટીની પ્રક્રિયા | 85 | 81.60 | |
| એકમ કસોટીના ગુણ | 35 | 21.70 | |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી)ની પ્રક્રિયા | 20 | 20.00 | |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી) 1 ના ગુણ | 50 | 28.00 | |
| સત્રાંત મૂલ્યાંકન (કસોટી) 2 ના ગુણ | 50 | 34.23 | |
| અધ્યયન માટે અસરકારક વાતાવરણ | 150 | 150.00 | |
| અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | 150 | 150.00 | |
| શાળાની હાજરી | 60 | 49.30 | |
| જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરી | 40 | 40.00 | |
| **શાળા વ્યવસ્થાપન** | **160** | **160** | 100.00% |
| સંચાલન | 100 | 100.00 | |
| સલામતી | 60 | 60.00 | |
| **સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** | **120** | **108.8** | 90.67% |
| પ્રાર્થનાસભા | 20 | 20.00 | |
| યોગ, વ્યાયામ અને રમત-ગમત | 20 | 16.00 | |
| વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | 40 | 36.80 | |
| રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | 40 | 36.00 | |
| **સંસાધનો અને તેનો ઉપયોગ** | **80** | **80.0** | 100.00% |
| શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 20 | 20.00 | |
| ટેકનોલોજીનો ઉપયોગ | 20 | 20.00 | |
| મધ્યાહ્ન ભોજન યોજના | 20 | 20.00 | |
| પાણી, શૌચાલય અને સ્વચ્છતા | 20 | 20.00 | |
| **પરીક્ષામાં ભાગીદારી** | **200** | **100** | 50.00% |
| મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના | 100 | 50.00 | |
| મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના | 100 | 50.00 | |
| **ક્ષેત્ર 1 થી 5 એકંદર ગુણ** | **1200** | **1023.62** | **85.30%** |
| **ગ્રેડ** | | | **A *** |

| શાળાની સારી બાબતો | |
|---|---|
| મુખ્ય ક્ષેત્રો | શાળા વ્યવસ્થાપન |
| પેટા ક્ષેત્રો | સત્રાંત મૂલ્યાંકન (કસોટી) ની પ્રક્રિયા |
| | અધ્યયન માટે અસરકારક વાતાવરણ |
| | અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ |

| શાળાની સુધારાત્મક બાબતો | |
|---|---|
| મુખ્ય ક્ષેત્રો | પરીક્ષામાં ભાગીદારી |
| પેટા ક્ષેત્રો | મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના |
| | મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના |
| | સત્રાંત મૂલ્યાંકન (કસોટી) 1 ના ગુણ |

**PRIMARY SHALA - 2400000000**





*નીચેની શરતોને પ્રમાણે શાળાઓને ગ્રેડ આપવામાં આવેલ છે.

1. CET 2024માં 80%થી ઓછા વિદ્યાર્થીઓની ભાગીદારી (ઉપસ્થિતિ) હોય તો A/A+ ગ્રેડ મળવાપાત્ર નથી.
2. CET 2024ના મેરીટમાં 20%થી ઓછા વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હોય તો A ગ્રેડ મળવાપાત્ર નથી.
3. CET 2024ના મેરીટમાં 40%થી ઓછા વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હોય તો A+ ગ્રેડ મળવાપાત્ર નથી.

| A+ \| >85% to <=100% | A \| >75% to <=85% | B \| >50% to <=75% | C \| >25% to <=50% | D \| >0% to <=25% |
|---|---|---|---|---|

ઉપરના ચિત્રમાં દર્શાવ્યા મુજબ પ્રથમ પાના પર શાળાએ મેળવેલ કુલ ટકાવારી, ગ્રેડ અને શાળાની કલર કેટેગરીનો ખ્યાલ આવે છે. આ પાના પરથી શાળાએ પ્રત્યેક મુખ્યક્ષેત્રમાં કરેલ પ્રદર્શન અને જે તે મુખ્યક્ષેત્ર અંતર્ગત આવતા તમામ પેટા ક્ષેત્રોમાં કરેલ દેખાવને જોઇ શકાય છે. આ પાનાની જમણી બાજુએ ઉપરના ભાગમાં શાળાની સારી અને સુધારણાયોગ્ય બાબતોને જોઇ શકાય છે. જેની નીચેના ભાગમાં શાળાએ ચારેય મુખ્યક્ષેત્રમાં કરેલ પ્રદર્શનની આલેખાત્મક રજૂઆત દર્શાવવામાં આવી છે. આ પાનાના સાવ નીચેના ભાગમાં આવેલી સ્ટ્રિપ (પટ્ટી)માં ગ્રેડિંગ સ્કીમ દર્શાવવામાં આવી છે.

રિપોર્ટ કાર્ડના બીજા પાનામાં નીચે દર્શાવ્યા મુજબની વિગતોનો સમાવેશ થાય છે.



**GUNOTSAV 2.0 | 2023-24 | REPORT CARD**

SCHOOL NAME DISE CODE
DISTRICT BLOCK

સત્યમેવ જયતે
Government of Gujarat

| | અધ્યયન અને અધ્યાપન | 89.82% |
|---|---|---|
| એકમ કસોટી | આન્સર બુકલેટમાં વિદ્યાર્થીઓના જવાબો | 100% |
| | એકમ કસોટીની આન્સર બુકલેટની ચકાસણી | 100% |
| | આન્સર બુકલેટમાં શિક્ષકોની ટિપ્પણીઓ | 80% |
| | ઉપચારાત્મક કાર્ય | 100% |
| | વાલીઓને જાણ | 100% |
| | એકમ કસોટીમાં સરેરાશ ગુણ | 61.99% |
| સત્રાંત કસોટી | પરિણામપત્રકમાં ગુણની નોંધ | 100% |
| | વાલીઓને જાણ | 100% |
| | સત્રાંત કસોટી 1 માં શાળાએ મેળવેલ ગુણ | 55.99% |
| | સત્રાંત કસોટી 2 માં શાળાએ મેળવેલ ગુણ | 68.46% |
| અધ્યયન માટે અસરકારક વાતાવરણ | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ વ્યવહાર | 100% |
| | અસરકારક વર્ગખંડ વાતાવરણ | 100% |
| | શિક્ષકો દ્વારા પ્રેરણા | 100% |
| | વિદ્યાર્થીઓ દ્વારા અધ્યયન સામગ્રી (LM)નો ઉપયોગ | 100% |
| | ચર્ચા આધારિત અધ્યયન માટેની તકોનું નિર્માણ | 100% |
| | જે શીખ્યા હોય તે વિશે વાત કરવી | 100% |
| અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ | અધ્યાપન માટેની તૈયારી | 100% |
| | અધ્યયન નિષ્પત્તિઓ ધ્યાનમાં રાખીને શિક્ષકકાર્ય | 100% |
| | શિક્ષકો દ્વારા પૂછાતા પ્રશ્ન | 100% |
| | વિદ્યાર્થીઓનું રચનાત્મક મૂલ્યાંકન | 100% |
| | અધ્યયનમાં સમાન તક | 100% |
| હાજરી | શાળાની સરેરાશ હાજરી | 82.16% |
| | જિલ્લાની સરેરાશ હાજરીના સંદર્ભે શાળાની હાજરી | 100% |

| | શાળા વ્યવસ્થાપન | 100.00% |
|---|---|---|
| શાળા સંચાલન | શાળા વિકાસ યોજનાની રચના અને અમલીકરણ | 100.00% |
| | શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા | 100.00% |
| | શાળા સમયપત્રક | 100.00% |
| શાળા સલામતી | સલામત શાળા પરિસર | 100.00% |
| | સલામતી સંદર્ભે શાળાની તૈયારી | 100.00% |

| | સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ | 90.67% |
|---|---|---|
| પેટાક્ષેત્રો | પ્રાર્થનાસભા | 100.00% |
| | યોગ, વ્યાયામ અને રમત-ગમત | 80.00% |
| | વિશેષ પ્રવૃત્તિઓમાં ભાગીદારી | 92.00% |
| | રાજ્ય દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી | 90% |

| | સંસાધનો અને તેનો ઉપયોગ | 100.00% |
|---|---|---|
| પેટાક્ષેત્રો | શાળા પુસ્તકાલયનો ઉપયોગ | 100.00% |
| | ટેક્નોલોજીનો ઉપયોગ | 100.00% |
| | મધ્યાહન ભોજન યોજના | 100.00% |
| | પાણી, શૌચાલય અને સ્વચ્છતા | 100.00% |

| | પરીક્ષામાં ભાગીદારી | 50.00% |
|---|---|---|
| પેટાક્ષેત્રો | મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના | 50.00% |
| | મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના | 50.00% |

A+ | >85% to <=100% A | >75% to <=85% B | >50% to <=75% C | >25% to <=50% D | >0% to <=25%

રિપોર્ટ કાર્ડનું બીજું પાનું શાળાના પરિણામની વિસ્તૃત સમજ આપે છે. આ પાના પર પેટાક્ષેત્રોમાં સમાવિષ્ટ માપદંડોમાં શાળાએ કરેલા પ્રદર્શનને પ્રોગ્રેસ બાર અને ટકાવારીમાં દર્શાવેલ છે. આ રીતે કરેલ રજૂઆતથી શાળાએ જે તે માપદંડમાં 100% સુધી પહોંચવા હજુ કેટલા પ્રયત્નોની જરૂર છે તેનો અંદાજ આવે છે. આમ, પ્રત્યેક માપદંડમાં શાળાના દેખાવનો ખ્યાલ આપતું આ રિપોર્ટ કાર્ડનું આ પાનું શાળાએ જે માપદંડો પર વધુ ધ્યાન આપવાની જરૂર હોય તેવા માપદંડોની સ્પષ્ટ ઓળખ કરાવી આપે છે.